CMYK

Website : www.rakhewaldaily.com    Email : rakhewal@gmail.com

વર્ષ : ૩૪ ● અંક : ૧૪૧
તા.૨૬-૦૬-૨૦૧૮, મંગળવાર
સંવત ૨૦૭૪ જેઠ સુદ - ૧૩
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૫:૫૬  સૂર્યાસ્ત : ૦૭:૨૮

| તાપમાન | | | |
|---|---|---|---|
| ડીસા | ૩૯.૮ | વડોદરા | ૩૩.૮ |
| અમદાવાદ | ૩૭.૩ | સુરત | ૨૮.૦ |
| ગાંધીનગર | ૩૦.૬ | નલિયા | ૩૪.૦ |

ચાંદી : ૪૦,૨૦૦  સોનું : ૩૧,૬૦૦

P.R.No. GBK/06/2018-20  RNI No 20508/71  Facebook.com/rakhewal

# રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ  પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭  જનસેવાની પરંપરાના ૭૭ વર્ષ...

# રાજયમાં મેઘમહેર : ઉમરગામમાં ૩૦ કલાકમાં ૨૫ ઈંચ વરસાદ


મુંબઈ



વડોદરા

૧૦ ઈંચથી વધુ વરસાદથી મોટાભાગના વિસ્તારો જળબંબાકાર

## ભારે વરસાદથી મુંબઈ ફરીવાર બેહાલ : અભૂતપૂર્વ નુકસાન

દેશના વાણિજ્ય પાટનગર મુંબઈમાં આજે ભારે વરસાદના કારણે જનજીવન ખોરવાઈ ગયુ હતુ. ભારે વરસાદના કારણે મુંબઈ ફરી બેહાલ છે. જુદી જુદી જગ્યાઓએ જળબંબાકારની સ્થિતિના પરિણામ સ્વરુપે જાનમાલનું ભારે નુકસાન થયું છે. વડાલા વિસ્તારમાં એન્ટોપ હિલમાં જમીન ધસી જતાં એક સાથે ૧૫થી ૨૦ કાર કાટમાળમાં દટાઈ ગઈ હતી. બીજી બાજુ થાણેમાં એક આવાસ સંકુલ ધરાશાયી થતાં બે કાર અને અન્ય વાહનો દટાઈ ગયા હતા. ઉલ્લાસનગરમાં પણ દિવાલ ધરાશાયી થતાં એક બાળકનું મોત થયું હતું. વાડોલ ગામમાં વહેલી પરોઢે મકાનની દિવાલ તુટી પડતા બાળકનું મોત થયું છે. આજે એન્ટોપ હિલ વિસ્તારમાં ભારે વરસાદ વચ્ચે જમીન ધસી ગઈ હતી જેના લીધે ભારે અફડાતફડીનો માહોલ રહ્યો હતો.

અમદાવાદ

અરબી સમુદ્રમાં વરસાદી સિસ્ટમ સર્જાયા બાદ ગુ-જરાતભરમાં સત્તાવાર રીતે ચોમાસુ બેસી ગયુ છે અને હવે ધીરેધીરે મેઘરાજા તેમની અસરનો પરચો આપી રહ્યા છે. હવામાનખાતાએ દક્ષિણ ગુજરાતમાં કરેલી ભારે વરસાદની આગાહી મુજબ, વલસાડના ઉમરગામમાં છેલ્લા ૩૦ કલાકમાં ૨૫ ઈંચ જેટલો અતિભારે વરસાદ ખાબકતાં સર્વત્ર જળબંબાકારની સ્થિતિ સર્જાઇ હતી. દક્ષિણ ગુજરાતમાં મેઘરાજાનું રૌદ્ર સ્વરૂપ જોતાં ખુદ વલસાડ કલેકટર દ્વારા માછીમારોને દરિયો નહી ખેડવા સૂચના જારી કરાઇ હતી. વલસાડમાં આજે સવારથી ૭ કલાકમાં ૯ ઈંચ વરસાદ ખાબકતાં જયાં જુઓ ત્યાં પાણી જ પાણી નજરે પડે છે અને પંથકના લગભગ તમામ વિસ્તારોમાં પાણીમાં ગરકાવ થઇ ગયા છે. બીજીબાજુ, સુરતમાં વહેલી સવારે બે કલાકમાં બે ઈંચ વરસાદ પડ્યો હતો. અને સુરત જિલ્લામાં કામરેજમાં બે કલાકમાં ૩.૫ ઈંચ વરસાદ નોંધાયો હતો. સુરત, વલસાડ, ભરૂચ પંથકમાં ભારે વરસાદના કારણે રેલ્વે વ્યવહાર પણ પ્રભાવિત થયો હતો, મોટાભાગની ટ્રેનો અડધાથી એકાદ કલાક સુધી મોડી ચાલી રહી છે. દક્ષિણ ગુજરાતમાં શનિવારથી શરૂ થયેલો વરસાદ આજે સતત ત્રીજા દિવસે યથાવત રહ્યો છે. દક્ષિણ ગુજરાતમાં ઉમરગામમાં સૌથી વધુ એટલે કે, છેલ્લા ૩૦ કલાકમાં ૨૫ ઈંચ જેટલો અતિભારે વરસાદ નોંધાયો હતો, જ્યારે વલસાડ-વાપીમાં છેલ્લા ૭ કલાકમાં ૯ ઈંચ સહિત જિલ્લાના તમામ તાલુકાઓમાં ભારે વરસાદ પડ્યો છે. જેના પગલે ટ્રેન અને વાહન વ્યવહારને અસર પહોંચી છે. જ્યારે સુરત જિલ્લામાં બારડોલી અને કામરેજમાં છેલ્લા ૨૪ કલાકમાં સૌથી વધુ વરસાદ પડ્યો છે. બારડોલીમાં ૩ ઈંચ અને કામરેજમાં ૩.૫ ઈંચ વરસાદ નોંધાયો છે. ગુજરાતભરમાં ચોમાસાની માકેદાર શરૂઆત થઈ છે. દક્ષિણ ગુજરાતના મોટાભાગ ના વિસ્તારોમાં ભારે વરસાદ થયા બાદ વડોદરામાં પણ આજે એક કલાકમાં જ ત્રણ ઈંચ જેટલો ભારે વરસાદ ખાબ-કતાં સર્વત્ર જળબંબાકારની સ્થિતિ સર્જાઇ હતી. વડોદરાના લગભગ તમામ વિસ્તારોમાં વરસાદી પાણીમાં ગરકાવ થઇ ગયા હતા.

## બનાસકાંઠા જિલ્લામાં વરસાદી આફતને પહોંચી વળવા તંત્ર સજ્જ હોવાનો દાવો..



ભરત સુંદેશા

ડીસા

સમગ્ર ગુજરાતમાં ચોમાસાનું આગમન થઈ ચૂક્યું છે ત્યારે માત્ર બનાસકાંઠામાં આ વખતે વરસાદ હજુ સરૂ થયુ નથી પરન્તુ બનાસકાંઠામાં છેલ્લાં બે ત્રણ વર્ષથી પડી રહેલા ભારે વરસાદ નાં કારણે પૂર આવે છે અને જીલ્લા નાં વહીવટી તંત્રની પોલ ખુલી જાય છે ચોમાસા પહેલા આગોતરું આયોજન થાય છે પરન્તુ ખરાં સમયે આયોજન પાણીમાં જાય છે અને પ્રજા આખરે કુદરત નાં ભરોસે જીવ બચાવે છે.

બનાસકાંઠામાં ગતવર્ષે પડેલ ભારે વરસાદે વહીવટી તંત્રની પોલ ખોલી નાખી હતી.ભારે વરસાદમાં અને રાજસ્થાનમાં પડેલ ભારે વરસાદનાં કારણે દાંતીવાડા અને સિંપુ ડેમ મા અનહદ પાણી આવવા છતાં ડેમનાં દરવાજા ખોલ્યા નહીં અને મોડી રાત્રે નદી કિનારા નાં ગામોને એલર્ટ કર્યા વગર પાણી નદીમાં છોડી દેવાતા આખરે લોકોને જીવ ગુમાવવા પડ્યા છે હજારો પશુઓ પાણીમાં તણાઈ ગયાં તો અનેક ખેડુતોનાં ખેતરો નદી બની ગયા અને ઘર વખરી પાણીમાં તણાઈ ગઈ જોકે કરોડોનાં નુકશાન થયુ અને વહીવટી તંત્ર નું

અનુસંધાન પાના નં.૬

અગાઉ પૂરમાં વહીવટી તંત્ર નિષ્ફળ રહ્યા બાદ હવે કેટલું સફળ થશે ?

## વડોદરામાં એક કલાકમાં ત્રણ ઇંચ વરસાદથી જળબંબાકાર : દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્રમાં ભારે વરસાદની ચેતવણીથી એલર્ટના આદેશ

## નરોડા પાટિયા કેસમાં રાજકુમાર સહિત ત્રણને દસ વર્ષની કેદ



### ગુજરાત હાઈકોર્ટનો મહત્વપૂર્ણ ચુકાદો

અમદાવાદ

ચકચારભર્યા નરોડા પાટિયા કેસમાં નીચલી કોર્ટ દ્વારા નિર્દોષ છોડી મૂકાયેલા પી.જે.રાજપૂત, રાજકુમાર ચૌમલ અને ઉમેશ ભરવાડએ એમ ત્રણેય આરોપીઓને ગુ-જરાત હાઈકોર્ટે આજે એક મહત્વના ચુકાદા મારફતે દસ-દસ વર્ષની સખત કેદની સજા ફટકારી છે. ત્રણેય દોષિતને ૧૦ વર્ષની કેદની સજા ફટકારી છે. વર્ષ ૨૦૦૨ના ગોધરાકાંડ બાદ સર્જાયેલ કોમી રમખાણોમાં અમદાવાદમાં નરોડા પાટીયા કાંડ સર્જાયો હતો. જેમાં ૯૭ લોકોના મોત થયા હતા. આ કેસમાં નીચલી કોર્ટના ચુકાદાને હાઈકોર્ટમાં પડકારવામાં આવ્યો હતો, ત્યાર બાદ એપ્રિલમાં હાઈકોર્ટે ૧૪ આરોપીઓને દોષિત અને ૧૧ને નિર્દોષ જાહેર કર્યા હતા. જેમાં નીચલી કોર્ટ દ્વારા અગાઉ ત્રણ આરોપીઓએ ઉમેશ ભરવાડ, રાજકુમાર ચૌમાલ અને પી.જે.રાજપૂતને નિર્દોષ ઠરાવાયા હતા, તે ત્રણેય આરોપીઓને હાઈકોર્ટે દોષિત જાહેર કર્યા હતા અને આ ત્રણ આરોપીઓ પૂરતી સજાનો ચુકાદો અનામત રાખ્યો હતો.

## ધૈર્ય રાખો...અયોધ્યામાં રામ મંદિરનું ચોક્કસ નિર્માણ થશે

### સંત સમાજને યોગી આદિત્યનાથની ખાતરી

અયોધ્યા

મહંત નૃત્યગોપાલ દાસના જન્મદિવસ પર અયોધ્યામાં આયોજિત સંત સંમેલનમાં ભાગ લેવા માટે પહોંચેલા ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે સંત સમાજને અપીલ કરી હતી કે, થોડાક સમય સુધી ધૈર્ય રાખવાની જરૂર છે. ભગવાન રામની કૃપા થશે તો અયોધ્યામાં રામ મંદિર ચોક્કસપણે બનશે. યોગીએ કહ્યું હતું કે, આમા કોઈ શંકા હોવી જોઈએ નહીં. તેમણે ઉમેર્યું હતું કે, બંધારણની હદમાં રહીને કામ કરવું છે જેથી સંયમ જરૂરી છે. યોગી આદિત્યનાથે કહ્યું હતું કે, રામ મંદિરના નિર્માણનો



ઉકેલ ચોક્કસપણે આવશે. સંત સમાજને હાલમાં સંયમ અને ધૈર્ય રાખવાની જરૂર છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, જે લોકો રામજન્મભૂમિ આંદોલનનો વિરોધ કરી રહ્યા હતા તે લોકો પણ હવે મંદિરની વાત કરી રહ્યા છે. તે કાવતરુ પણ હોઈ શકે છે. આનાથી સાવધાન થવાની જરૂર છે. યોગીએ વિપક્ષી પાર્ટીઓ ઉપર તેજાબી પ્રહાર કર્યા હતા. તેમણે ઉમેર્યું હતું કે, આજે એવા લોકો રામ મંદિરની વાત કરી રહ્યા છે જે લોકોએ રામ ભક્તો ઉપર ગોળીઓ ચલાવવા માટેના આદેશ આપ્યા હતા.

યોગીએ પ્રશ્ન કરતા કહ્યું હતું કે, છેલ્લા ૧૫ વર્ષમાં કેટલા મુખ્યમંત્રી અયોધ્યા પહોંચ્યા છે. યોગીએ સાફ શબ્દોમાં કહ્યું હતું કે, અગાઉની સરકારોએ અયોધ્યાના વિકાસ માટે કોઈ કામ કર્યા ન હતા પરંતુ તેમની સરકાર ભગવાન રામની જન્મભૂમિના વિકાસ માટે કોઈ કામ બાકી રાખશે નહીં. યોગીએ કહ્યું હતું કે, અયોધ્યામાં અગાઉની સરકારે રામલીલા બંધ કરાવી દીધી હતી પરંતુ તેમની સરકાર રામલીલાને ફરી શરૂ કરાવી ચુકી છે. અયોધ્યાના વિકાસ માટે એક સમગ્ર રુપરેખા તૈયાર કરવામાં આવી ચુકી છે.

## મુખ્યપ્રધાન વિજય રૂપાણી આજે ઇઝરાયેલ પહોંચશે

### કૃષિરાજ્યમંત્રી સહિત ૮ વરિષ્ઠ અધિકારીઓનું પ્રતિનિધિ મંડળ પણ જોડાશે

અમદાવાદ

મુખ્યમંત્રી વિજય રૂપાણી આવતીકાલ ૨૬ જૂન મંગળવારથી છ દિવસ માટે ઈઝરાયલના પ્રવાસે જશે. વિજય રૂપાણીએ ગુજરાતના મુખ્યમંત્રીનો પદભાર સંભાળ્યા બાદની તેમની પ્રથમ વિદેશ મુલાકાત છે. મુખ્યમંત્રી સાથે કૃષિ રાજયમંત્રી જયદ્રથસિંહજી પરમાર અને રાજ્ય સરકારના વિવિધ વિભાગોના ઉચ્ચ અધિકારીઓનું પ્રતિનિધિમંડળ પણ ઈઝરાયલ જઈ રહ્યું છે. મુખ્યમંત્રી અને આ પ્રતિનિધિમંડળના સમગ્ર ઈઝરાયલ પ્રવાસ દરમિયાન



કૃષિ અને જળ વ્યવસ્થાપન ક્ષેત્રે ઈઝરાયલની અદ્યતન ટેકનોલોજી અને અનુભવો વિષયક જ્ઞાન-માહિતીનો વિનિયોગ કેન્દ્રસ્થાને રહેવાનો છે. ભારત અને ઈઝરાયલના રાજદ્વારી સંબંધોના સફળ ૨૫ વર્ષ પૂર્ણ થઈ રહ્યાં છે ત્યારે ગુજરાતના મુખ્યમંત્રીની આ ઈઝરાયલ મુલાકાત સવેળાની અને મહત્વપૂર્ણ બની રહેશે. વિજય રૂપાણીની અધ્યક્ષતામાં ઈઝરાયલ જનારુ આ પ્રતિનિધિમંડળ ઈઝરાયલના કૃષિ પ્રધાન યુરી એરિઅલ, વિદેશ તથા આંતરરાષ્ટ્રીય સહકાર પ્રધાન ગીલ હસ્કેલ અને આર્થિક બાબતો તથા ઉદ્યોગ મંત્રાલયના પ્રધાન ઈલી કોહેન સાથે દ્વિપક્ષીય બેઠકો યોજશે તથા ઈઝરાયલ સરકારના વરિષ્ઠ અધિકારીઓ સાથે પણ ચર્ચા-વિચારણા કરશે. આ ઉપરાંત મુખ્યમંત્રી વિજય રૂપાણી ઈઝરાયલ એરોસ્પેસ ઈન્ડસ્ટ્રીઝ, એલ્બિટ સિસ્ટમ્સ, મોબિલઆઈ કોર્પોરેશનની મુલાકાત લઈને મેક ઈન ગુજરાતના ભાગરૂપે ડિફેન્સ મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રે પારસ્પરિક સહયોગના અવસરોની સંભાવનાઓ ચકાસશે.

## થરાદના ઈસમને ચા પીવડાવી બે શખસોએ ૨.૧૦ લાખ રૂપિયા પડાવી લેતાં ચકચાર

થરાદ

શનિવારની સવારના સુમારે શહેરના શિવનગર વિસ્તારમાં લોખંડ વેલ્ડિંગનું કારખાનું ધરાવતા રામાભાઇ ભાણાજી લુહાર લોખંડ લાવવા માટે ઘેરથી રૂપીયા ૨.૧૦ લાખ લઇને સવારના નવેક વાગ્યાના સુમારે કર્ણાવતી હોટલ પાસે ઉભેલ હતા.આ વખતે ત્યાં હોટલની બાજુમાં ઉભા રહીને કપમાં ચા પી રહેલા બે અજાણ્યા વ્યક્તિઓએ કારીગર કહીને બુમ પાડતાં તેમની પાસે ગયા હતા.જેમણે શેડ બનાવવા કોતરવાડા ગામે જવાનું કહીને તેમની પાસે રહેલી કોથળીમાંની ચા પીવડાવી રામાભાઇ ના જ મોટરસાયકલ


વિષ્ણુ દવે

પર ત્રણેય જણ રવાના થયા હતા.

થોડે દુર જતાં રામાભાઇનું મગજ ભારે થતાં તેઓ જેમ કહે તે પ્રમાણે રામભાઇએ કરવાનું શરૂ કર્યું હતું. રસ્તામાં મોટરસાયકલ બરાબર ચલાવી ન શકાતાં બે પૈકીના એક જણે રામભાઇને વચ્ચે બેસાડી મોટરસાયકલ ચલાવ્યું હતું. જોકે આ વખતથી બેભાન બનેલા રામભાઇને જ્યારે થોડું ભાન આવ્યું ત્યારે રાધનપુર હાઈવે પર કોઇ વેરાન જગ્યામાં મોટરસાયકલના ફાટી ગયેલા ટાયર સાથે રહેલા હતા.જોકે રસ્તામાં એક ભરવાડે પાણી પીવડાવી રામાભાઇના સ્વીચ બંધ મોબાઇલને ચાલુ કરી તેના પરિવારને જાણ કરતાં પરિવાર અને સ્નેહીજનોએ દોડી આવી સારવાર અર્થે લઇ ગયા હતા. આ બનાવ અંગે રામાભાઇએ આ બાબતે ધોરણસર તપાસ થવા થરાદ પોલીસને લેખિત રજુઆત કરતાં પોલીસે અરજી લઇને વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

## પાલનપુર ફાયરીંગ કેસમાં હોટલ સંચાલક સામે પણ કાર્યવાહી

### હોટલના શ્રમિકોની માહિતી ન આપતા પોલીસે કાર્યવાહી કરી

પાલનપુર

પાલનપુર- ડીસા હાઈવે ઉપર ન્યૂ રામઝૂંપડીમાં તાજેતરમાં થયેલા ફાયરીંગ કેસમાં માલણ ગામના યુવકનું મોત નિપજ્યું હતુ. ઘટના બની તે સમયે હોટલના સીસીટીવી કેમેરા બંધ હતા. દરમિયાન આ હોટલમાં કામ કરતાં શ્રમિકો અંગે પણ પોલીસને કોઈ માહિતી આપવામાં આવી ન હોઈ પશ્ચિમ પોલીસ દ્વારા હોટલના સંચાલક સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પાલનપુરની યુવતી દ્વારા બ્લેક મેઈલના વરવા ખેલમાં તાજેતરમાં માલણ ગામના લશકરભાઈ મીરની પાલનપુર-ડીસા હાઈવે નજીક આવેલી હોટલ ન્યૂ રામ ઝૂંપડીમાં નિર્મમ હત્યા થઈ હતી. આ ગૂનાના આરોપીઓ હજુસુધી પોલીસને હાથ આવ્યા નથી. દરમિયાન ઘટનાસમયે આ હોટલના સીસીટીવી કેમેરા બંધ હતા. આ ઉપરાંત હોટલમાં રાખવામાં આવેલા શ્રમિકો અંગેની માહિતી પણ પોલીસને ન આપી જિલ્લા મેજીસ્ટ્રેટના જાહેરનામાનો ભંગ કરવામાં આવ્યો હોઈ પશ્ચિમ પીઆઈ આર. કે. સોલંકીની સૂચનાથી સ્ટાફના એએસઆઈ ભરતપુરી એ હોટલના સંચાલક મુળ થરાદ તાલુકાના

અનુસંધાન પાના નં.૬

## પાલનપુરમાં મફતપુરા વિસ્તારના લોકોએ ગંદા પાણીના મુદ્દે નગરપાલિકા ગજવી




(સંજય જોષી)

### પાલિકાના અણઘડ વહીવટને પગલે મફતપુરા નર્કાગાર બન્યું

પાલનપુર

ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકાના અણઘડ વહીવટને પગલે શહેરના મફતપુરા વિસ્તારમાં ગટરો ઉભરાઈ રહી છે. આ અંગે સ્થાનિક રહિશો દ્વારા વારંવાર રજૂઆતો કરવામાં આવી હતી. જે રજૂઆતો પાલિકાના બહેરા કાને અથડાઈને પરત ફરતા આખરે રોષે ભરાયેલા રહિશો આજે નગરપાલિકામાં ધસી આવી હોબાળો મચાવતાં ભારે ઉત્તેજના પ્રસરી જવા પામી હતી.

પાલનપુરમાં ભૂગર્ભ ગટર લાઈન નાખવામાં આવી છે. પરંતુ આ લાઈનનું જોડાણ કરવામાં આવ્યુ નથી. તેમ છતા કેટલાક રહીશો દ્વારા ભૂગર્ભ ગટર લાઇનમાં જોડાણ કરી દેવાતા અવાર-નવાર ગટરો ઉભરાવાની સમસ્યા સર્જાય છે. જ્યાં મફતપુરા વિસ્તારમાં છેલ્લા આઠેક માસથી ગટરો ઉભરાય છે.અને ગંદુ પાણી જાહેર માર્ગ ઉપર આવી જતુ હોવાથી સ્થાનિક રહીશોનું માર્ગ ઉપરથી

અનુસંધાન પાના નં.૬

CMYK

## સૂર્યોદય - ૫.૫૬ સૂર્યાસ્ત - ૭.૨૮

### તિથિદર્શન
જેઠ સુદ-૧૩ મંગળવાર ૨૦૭૪




વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ જેઠ સુદ :તેરસ મંગળવાર નક્ષત્ર: અનુરાધા સવારે ૭.૦૮ પછી જયેષ્ઠા યોગ :શુભ કરણ : ગર આજે જન્મેલા બાળકની રાશી વૃશ્ચિક (ન.ય.)અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોકત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

### ચિંતન
- સુરેશ પ્રા.ભટ્ટ

**આરંભગુર્વી ક્ષચિણી ક્રમેણ**
**લધ્વીપુરા વૃદ્ધિમતિ ચ પશ્ચાત્**
**દિનસ્ય પૂર્વાધપરાર્ધભિન્ના**
**મૈત્રી ખલ સજ્જનાનામ્**

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા અધ્યાય ‘સામાન્ય નીતિ’ ના આ શ્લોકમાં સજ્જન અને દુર્જનની મૈત્રીનો સ્વભાવ- રીત સમજાવવામાં આવ્યાં છે:

દુર્જનો અને સજ્જનોની મૈત્રી દિવસના પ્રાત: કાળ (સવાર) અને સાયંકાળ (ઢળતી સાંજ) ના જુદા જુદા પ્રકારની છાયા- પડછાયા જેવી હોય છે. જેમ કે, સવારના ઊગતા સૂર્યની સામે ચાલનાર વ્યક્તિનો પડછાયો શરૂઆતમાં ખૂબ જ લાંબો હોય છે પણ બપોર સુધીમાં તો સાવ નાનો- કદાચ દેખાય પણ નહીં એટલો નાનો- થઈ જાય છે. દુર્જન- શઠ- સ્વાર્થી લોકોની મેત્રી આવી હોય. શરૂઆતથી જ જાણે એકમેકને પ્રાણ આપી દેવાની તૈયારી હોય એવાં ‘હેત’ ઉભરાતાં હોય છે પણ ત્યાગ- ઘસાવાનું આવે કે ‘સ્વાર્થ’ સરે નહીં એટલે પ્રેમ- લાગણી- મૈત્રીમાં ઓટ આવતી જાય, પડછાયો નાનો થઈ જાય છે. એવી જ સાંજનો બપોર પછીનો પડછાયો શરૂઆતમાં નાનો હોય પણ ધીમે ધીમેલાંબો થતો જાય, સાયંકાળે તો ખૂબ લાંબો થઈ જાય છે.સજ્જનોની મૈત્રીથી શરૂઆત મર્યાદાપૂર્ણ હોય, પછી સ્વભાવ- જ્ઞાન- ટેવો- સ્થિતિના સમાન સ્તર અને ત્યાગ- સમર્પણ - હેત - વાત્સલ્યના અનુભવ પછી મૈત્રી સંબંધો વધારે ગાઢ થતા જાય છે.

### આપની આજ
- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.)ધીરજની કસોટી થાય. પરેશાની-તકલીફમાં વધારો થાય.**
**વૃષભ : (બ.વ.ઉ.)મનમાં વ્યર્થ દુ:ખ અનુભવાય. આરોગ્ય અંગે સાવચેતી રાખવી.**
**મિથુન : (ક.છ.ઘ.)શાંતિ અને ધીરજથી દિવસ પસાર કરવો. અપયશના ભાગીદાર બનવું પડે.**
**કર્ક : (ડ.હ.)મનમાં અશાંતિ રહે. ગૃહસ્થ જીવનમાં ચકમક ઝરે.**
**સિંહ : (મ.ટ.) મનની મનોકામના પૂર્ણ થાય. નવિન સમાચાર મળે.**
**કન્યા : (પ.ઠ.ણ.)ખોટો ખર્ચ કરવો પડે. વ્યર્થ ક્રોધથી દૂર રહેવું.**
**તુલા : (ર.ત.)લાભની તક સાંપડે. કાર્યમાં સફળતા અને પ્રગતિજનક દિવસ વિતે.**
**વૃશ્ચિક : (ન.ય.)પ્રિયજનથી મિલન, વ્યાપાર- વાણિજ્યને લગતા કાર્યમાં સફળતા મળે.**
**ધન : (ભ.ફ.ધ.)કાર્યબોજ વિશેષ રહે. મનની મુરાદ બર ન આવે.**
**મકર : (ખ.જ.)ધીરજ રાખવી હિતાવહ, નાણાંકીય લાભ થાય.**
**કુંભ : (ગ.શ.સ.) યાત્રા-પ્રવાસમાં લાભ થાય. મહેનતનું ફળ મેળવી શકશો.**
**મીન : (દ.ચ.જ.થ.) મિલન-મુલાકાતમાં સફળતા, પુરૂષાર્થનું ફળ મળે.**

### આજનો દિન મહાન
- યશવંત કડીકર

ઈ.સ. ૧૯૩૮ નું સાહિત્ય માટેનું નોબેલ પારિતોષિક મેળવનાર પ્રથમ અમેરિકન લેખિકા શ્રીમતી પર્લ બેકની જન્મજયંતી છે. એમનો જન્મ ૨૬-૬-૧૮૯૨ ના રોજ અમેરિકાના પશ્ચિમ વર્જિનિયામાં થયો હતો. જગતભરમાં એક સન્માનનીય લેખિકા ગણાતા શ્રીમતીપર્લ બકે ચાળીસ ઉપરાંત નવલકથાઓ, સંખ્યાબંધ નિબંધના પુસ્તકો અને વિપુલ બાલ સાહિત્ય લખ્યુ છે. ૧૯૩૧ માં પ્રગટ થયેલી એમની શ્રેષ્ઠ નવલકથા ‘ધી ગુડ અર્થ’ કે જેને માટે એમને નોબેલ પ્રાઈઝ મળ્યું હતું. મૃત્યુ ૬-૩-૧૯૭૩.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
માનવમંદિર, ડીસા. ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસ:- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**‘રખેવાળ’ દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

ISO 9001 : 2015 CERTIFIED
ll રોકાણકારોની શ્રધ્ધા અતૂટ..... અમે વિશ્વાસનું પ્રતિક ll
ઇન્વેસ્ટમેન્ટ પોઇન્ટ
www.Investmentpoint.in
Stock Market Trading Consultancy
નિખિલ ભટ્ટ
Research Analyst - SEBI
+91 99793 80808
hellonikhilbhatt@gmail.com

## તા.૨૬.૦૬.૨૦૧૮ ના રોજ સ્ટોક માર્કેટ ટ્રેડીંગ સંદર્ભે....

**નિફ્ટી ફ્યુચર ૧૦૮૦૮ પોઈન્ટ મહત્વની સપાટી ....!!!**

**તા. ૨૫.૦૬.૨૦૧૮ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૧૦૭૫૯ પોઈન્ટ :-**

**આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૧૦૭૯૭ પોઈન્ટના પ્રથમ અને ૧૦૮૧૮ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીગ સંદર્ભે ૧૦૭૪૪ પોઈન્ટ થી ૧૦૭૩૦ પોઈન્ટ, ૧૦૭૧૭ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. નિફ્ટી ફ્યુચરમાં ૧૦૮૦૮ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

**તા.૨૫.૦૬.૨૦૧૮ ના રોજ બેન્ક નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૨૬૬૦૪ પોઈન્ટ :-**

**આગામી સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૨૬૪૭૪ પોઈન્ટના પ્રથમ અને ૨૬૪૦૪ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીગ સંદર્ભે ૨૬૬૪૬ પોઈન્ટ થી ૨૬૭૦૭ પોઈન્ટ, ૨૬૭૩૦ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૬૭૩૦ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

## હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી ફ્યુચર સ્ટોક.....

**ઇન્ફોસિસ (૧૨૬૯) :- ટેક્નોલોજી ગ્રુપ ની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૨૪૭ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૨૩૦ ના સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૨૮૨ થી રૂ.૧૨૮૮ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૧૨૯૩ ઉપર તેજી તરફી ધ્યાન...!!!**

**એશિયન પેઈન્ટ્સ (૧૨૫૮) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૨૩૦ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૧૨૧૭ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૧૨૭૩ થી રૂ.૧૨૮૦ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!!**

**રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ (૧૦૦૦) :- રૂ.૯૮૬ નો પ્રથમ તેમજ રૂ.૯૭૩ ના બીજા સપોર્ટથી રિફાઇનરી સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૧૦૧૭ થી રૂ.૧૦૨૩ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!!**

**સેન્ચુરી ટેક્ષટાઇલ (૮૭૮) :- સિમેન્ટ સેક્ટર નો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીગલક્ષી રૂ.૮૮૬ થી રૂ.૮૯૩ ના ભાવની સંભાવના ધરાવે છે.!! અંદાજીત રૂ.૮૬૮ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**એક્સિસ બેન્ક (૫૧૬) :- રૂ.૦૨ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૫૦૩ ના સ્ટોપલોસ આસપાસ ખરીદવાલાયક બેન્ક સેક્ટર ના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૫૨૪ થી રૂ.૫૩૦ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ....!!!**

**HDFC બેન્ક (૨૦૯૧) :- ટેકનીકલ ચાર્ટ મુજબ બેન્ક સેક્ટર નો આ સ્ટોક રૂ.૨૧૧૦ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૨૦૭૭ થી રૂ.૨૦૭૦ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીગલક્ષી રૂ.૨૧૨૧ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**લ્યુપિન લિમિટેડ (૯૧૪) :- રૂ.૯૩૩ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૯૪૦ ના સ્ટોપલોસે વેચવાલાયક....!! તબક્કાવાર રૂ.૯૦૩ થી રૂ.૮૯૬ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૯૪૯ ઉપર તેજી તરફી ધ્યાને લેશો....!!!**

**મ્ઈસ્ન લિમિટેડ (૮૬૮) :- ઓટો સેક્ટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૮૮૮ ના સ્ટોપલોસથી વેચાણલાયક...!! પ્રત્યાઘાતી ઘટાડે રૂ.૮૬૦ થી રૂ.૮૫૩ ના ભાવની સપાટી આસપાસ નફો બુક કરવો....!!!**

**બાયોકોન લિમિટેડ (૬૩૪) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ફાર્મા સેક્ટરનો આ સ્ટોક રૂ.૬૪૭ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૬૨૬ થી રૂ.૬૧૯ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીગલક્ષી રૂ.૬૫૮ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**સન ફાર્મા (૫૬૯) : રૂ.૫૮૪ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૫૯૦ ના સ્ટોપલોસે વેચવાલાયક આ સ્ટોક તબક્કાવાર રૂ.૫૬૦ થી રૂ.૫૫૭ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!!! રૂ.૫૯૭ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!!**

ખાસ નોંધ : - ડિસ્કલેમર / પોલીસી / શરતો www.nikhilbhatt.in ને આધીન...!!!

## વડાવલ પરા પ્રાથમિક શાળામાં વિધારંભ સંસ્કાર કાર્યક્રમ યોજાયો


નરસિંહ દેસાઇ

(પ્રતિ.) વડાવલ
ભારતીય સંસ્કૃતિ માં વિવિધ સંસ્કારોનું ખુબ જ મહત્વ આપવામાં આવે છે જીવનકાળ દરમિયાન જન્મથી લઈ મૃત્યુ સુધીના સોળ સંસ્કારો રહેલા છે જે પૈકી શાળામાં અભ્યાસ કરવા દાખલ થતા બાળકોને શાળામાં અપાતા સંસ્કાર એટલે વિદ્યારંભ સંસ્કાર રહેલો છે રાજ્ય સરકાર દ્વારા નવીન દાખલ થતા બાળકોને પ્રવેશોત્સવ નામનો કાર્યક્રમ કરવામાં આવે છે ત્યારે અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર દ્વારા શાળામાં દાખલ થતા બાળકોને ભારતીય સંસ્કૃતિ ઋષિ પરંપરા મુજબ બાળકોને વિદ્યારંભ સંસ્કાર કરવામાં આવે છે ત્યારે ગતરોજ ડીસા તાલુકાની વડાવલ પરા પ્રાથમિક શાળામાં વિદ્યારંભ સંસ્કાર નુ આયોજન થયું ગાયત્રી પરિવાર માલગઢના લક્ષ્મણસિંહ તથા સુખદેવભાઈ દ્વારા વડાવળ પરા પ્રાથમિક શાળામાં ધોરણ ૧ માં નવીન દાખલ થયેલ બાળકોને સંસ્કાર કાર્યક્રમ સંપન્ન થયો કાર્યક્રમની શરૂઆત શાળાના આચાર્ય ભરતભાઈ દેસાઇ દ્વારા ઉપસ્થિત મહેમાનોનું કુમકુમ તિલક કરી શાબ્દીક સ્વાગત કર્યું હતુ ત્યારબાદ ૨૦૧૮ ના વર્ષનો નવીન દાખલ થયેલ ધોરણ-૧ ના બાળકોને ઋષિ પરંપરા મુજબ વિધારંભ કરતા પહેલા વૈદિક મંત્રોચાર સાથે પાટી અને પેનની પૂજન વિધિ કરવામાં આવી હતી આ પ્રસંગે લોરવાડાના પૂર્વ સી.આર.સી નીતિનભાઇ પટેલ પણ ખાસ હાજર રહ્યા હતા અને બાળકોને જીવન સંસ્કાર પ્રત્યે વધુ ધ્યાન આપવા જણાવ્યું હતુ જ્યારે શાળાના શિક્ષક નિલેશભાઇ પટેલ ગાયત્રી પરીવારનો આભાર માનતા દર વર્ષ આવા કાર્યકમનો લાભ આપવા જણાવ્યુ હતું. આ કાર્યક્રમનું સંચાલન શાળાના આચાર્ય ભરતભાઇ દેસાઇ દ્વારા કરવામાં આવ્યું ત્યારે કાર્યક્રમને સફળ બનાવવા શાળાના શિક્ષિકા સોનલબેન મોદી એભારે જહેમત ઉઠાવી હતી. તો કાર્યક્રમને દીપાવવા શાળાના વાલીમંડળના દિનુજી સોલંકી પ્રહલાદજી ઠાકોર તથા પ્રેસ રિપોર્ટર નરસિહ દેસાઈ એ ખાસ હાજરી આપી હતી.

## લક્ષ્મીપુરા ખાતે હર-હર મહાદેવ ગૃપ દ્વારા ત્રણ હજાર બાળકોને તિથિ ભોજન

પ્રતિ. અમીરગઢ
અમીરગઢ તાલુકો દેવોની ભુમિ ગણાય છે. અહિયા મોટા-મોટા સંતો થઈ ગયા, અહિની ભુમિ તપો ભુમિ છે. અમીરગઢ તાલુકાના ઈકબાલગઢ ગામથી ૩ (ત્રણ) કિ.મી.ના અંતરે અરણીવાડા-ગૌશાળા દેવશ્રી ડુંગરપુરજી મહારાજની ધુણી છે ત્યાં અવાર-નવાર બાળકોને તીથી ભોજન અપાય છે. તિથિ ભોજન આપવા માટે લક્ષ્મીપુરા હર-હર મહાદેવ ગૃપ સહાય તત્પર રહે છે. કાળા બાબજીના આશીર્વાદથી આ ગૃપ અવાર-નવાર કંઈક જુદુ કરે છે. અને લોકોને મદદરૂપ થાય છે. ત્યારે ગતરોજ અમીરગઢ તાલુકાની અરણીવાડા, અવાળા, માનપુરીયા, બાલુન્દ્રા, ઘાંટા, વેરા, ચૌ.ગઢ, ખારા વાઘોરીયા,


વિશાલ નાઈ

શાળાના બાળકો તેમજ સાધુ-મહાત્માઓ તેમજ ગ્રામજનોએ પ્રસાદનો લાહવો લીધો હતો અને લક્ષ્મીપુરા હર-હર મહાદેવ ગૃપે કાળા-બાબજીના આર્શીવાદ મેળવી ધન્યતા અનુભવી હતી.

# બનાસકાંઠાના તમામ પેટ્રોલ પંપ, ગેસ રીફીલીંગ સ્ટેશન તેમજ હાઇવેની હોટલો ઉપર સીસીટીવી કેમેરા લગાવવા ફરમાન

પાલનપુર
રાષ્ટ્ર વિરોધી તત્વો, લૂંટારાઓ, ધાડપાડુઓ ગુન્હો કરવા જતી વખતે તથા ગુન્હો કર્યા બાદ પોતાના વાહનોને ગુન્હા ક્ષેત્રના ૩૦ થી ૫૦ કિલોમીટર એરીયામાં પેટ્રોલ/ડીઝલ/ગેસ પૂરાવતા હોય છે. અગાઉ ગુજરાતમાં બનેલ ગુન્હાઓમાં સંડોવાયેલા આરોપીઓની પૂછપરછથી પ્રસ્થાપિત થયેલ છે કે, હાઈવે રોબરી, મંદિરોના આભૂષણો તથા એન્ટીઓ મૂર્તિઓની ચોરી, આંતરરાજય વાહન ચોરી કરતી ગેંગ, ધાડ, લૂંટ તથા ખંડણીના ગુન્હાઓ આચરતી ટોળકીઓ ગુન્હો કરવાની શરૂઆતમાં કે ગુન્હો કર્યા બાદ પેટ્રોલ/ડીઝલ/ પંપ કે ગેસ રીફીલીંગ સ્ટેશન ઉપર ફરજીયાત પોતાના વાહનોમાં પેટ્રોલ/ડીઝલ/કે ગેસ પૂરાવવા માટે ઉભા રહે છે. એટલુ જ નહિ ગુનો કરવા આવે ત્યારે કે પરત જતી વેળાએ હાઈવેની હોટલો ઉપર ચા-પાણી કે જમતા હોય છે. તેમજ ટોલપ્લાઝા ઉપરથી વાહનો પસાર થતા હોય છે.

ઉપર જણાવેલ ગંભીર પ્રકારના બનાવોના કારણે નાગરિકને પોતાની સલામતિનો સતત ભય સતાવતો રહે છે અને પોતાની અસલામતિની લાગણી અનુભવે છે. જેથી ગંભીર અને ડીટેકટ ગુનાઓના ઈન્વીસ્ટીગેશન દરમ્યાન ગુનેગારોને શોધી કાઢવા માટે દરેક પેટ્રોલ/ડીઝલ પંપ/ગેસ રીફીલીંગ સ્ટેશન હાઈવે પરની હોટલો, લોજીંગ બોર્ડીંગ, ધર્મશાળા, અતિથિગૃહ, વિશ્રામગૃહ, બહુમાળી બિલ્ડીંગો, મોટા ઔધોગીક એકમો, ટોલપ્લેઝા, બેંકો તથા બેંકોના એ.ટી.એમ., જવેલર્સની દુકાનો, સિનેમાઘરો, શોપીંગ સેન્ટ્રરો વગેરે જગ્યાઓ ઉપર સી.સી.ટી.વી. (નાઈટ વિઝન તથા હાઇ ડેફીનેશન સાથેના) કેમેરા વીથ રેકોડીગની સીસ્ટમ હોવી જરૂરી છે.

આથી બનાસકાંઠા જિલ્લામાં આવેલ તમામ પેટ્રોલ/ડીઝલ પંપ/ગેસ રીફીલીંગ સ્ટેશન હાઈવે પરની હોટલો અને ટોલપ્લાઝા ઉપર પેટ્રોલ ડીઝલ કે ગેસ રીફીલીંગ માટે આવતા વાહનો તથા લોકોની અવરજવર અંગે માહિતગાર રહેવા માટે તથા કોઈ ગુન્હે ગાર દ્વારા માનવ જિંદગીની ખુવારી ન થાય અને લોકોની મિલ્કતને નુકસાન ન થાય તે માટે આવા કૃત્યોને અટકાવવા અને નાગરિકોની સલામતિ માટે તકેદારીનાં પગલાં લેવા સારૂ બનાસકાંઠા જિલ્લાના તમામ પેટ્રોલ/ડીઝલ પંપ/ગેસ રીફીલીંગ સ્ટેશન, હોટલો, લોજીંગ બોર્ડીંગ, ધર્મશાળા, અતિથિગૃહ, વિશ્રામગૃહ, બહુમાળી બિલ્ડીંગો, મોટા ઔધોગીક એકમો, ટોલપ્લાઝા, બેંકો તથા બેંકોના એ.ટી.એમ., જવેલર્સની દુકાનો, સિનેમા ઘરો, કોમર્શીયલ સેન્ટર્સ ઉપર કેટલાક નિયંત્રણો મુકવા હિતાવહ અને જરૂરી જણાતાં સંદીપ સાગલે (આઈ.એ.એસ.) જિલ્લાત મેજીસ્ટ્રેટ, બનાસકાંઠા પાલનપુરને ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં અમલવારી કરવા ફરમાવેલ છે.

## ડીસા જી.જી. વિદ્યા સંકુલમાં અખિલ ગુજરાત માળી સમાજ મેગા ટેસ્ટ હરિફાઇ યોજાઈ


ભરત સુંદેશા

ડીસા
જી.જી.માળી ગુજરાત સ્પર્ધાત્મક તાલીમ કેન્દ્ર દ્વારા જી.જી. માળી વિદ્યા સંકુલ ડીસા ખાતે સ્પર્ધાત્મક ટેસ્ટ લેવામાં આવ્યો જેમાં ૩૧૫ ભાઈઓ તથા બહેનોએ અનેરા ઉત્સાહ સાથે ભાગ લીધો. આ હરીફાઈથી વિદ્યાર્થીઓને પોતે ક્યાં સ્ટેન્ડ પર ઉભા છે અને આગામી દીવસોમાં તેમને કેવી રીતે મહેનત કરવી તેનાથી મહિતગાર થયા ટેસ્ટ પત્યા પછી દરેક વિદ્યાર્થીઓને આવનારૂં ભવિષ્ય કેવી રીતે ઉજ્જવળ બનાવું તેના વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું આ ટેસ્ટ પેપર હરીફાઈના વિજેતા જેમાં પ્રથમને ૫૧૦૦ બીજાને ૨૧૦૦ અને ત્રીજાને ૧૧૦૦ આપવાના તેના માટે રિજલ્ટનું ડિકલેરેશન આગામી સમયમાં નકી કરી તારીખની જાહેરાત કરવામાં આવશે. આ ટેસ્ટ હરીફાઇ મા જે વિદ્યાર્થીઓ ભાગ લીધો અને સરકારી કર્મચારી મિત્રો અને શિક્ષણ પ્રેમીઓએ સફળ બનાવા માટે જહેમત ઉઠાવીએ બદલ જી. જી વિદ્યા સંકુલનાં સંચાલકોએ હૃદયપૂર્વક આભાર વ્યકત કર્યો હતો. આ ટેસ્ટ હરીફાઈને સફળ બનાવવા નવીનભાઈ ટાંક, સી.એ.દિનેશભાઈ કચ્છવા, અણીલભાઈ સાંખલા, અમરતભાઈ પઢીયાર, ઈશ્વરલાલ ગેલોત, મહેશભાઈ માળી, મફતલાલ ટાંક સહીત સમાજ નાં આગેવાનો અને વિધાર્થીઓ હાજર રહ્યાં હતાં.

## છોટાપુરા પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવની ઉજવણી


જમીલ મેમણ

પ્રતિનિધિ રાજપુર
ડીસાની છોટાપુરા ગવાડી પ્રાથમીક શાળા ખાતે આજ રોજ શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવની ડીસા પાલિકાના ઉપપ્રમુખ કાંતિલાલ સોનીના અધ્યક્ષસ્થાને ઊજવણી કરવામા આવી હતી. જેમાં બાળકોને શૈક્ષણિક કીટ, શુખડી, રમકડાં, કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગવાડીના કોર્પોરેટર સદીક કુરેશી દ્વારા ધોરણ ૧થી ધોરણ ૮ના અનાથ વિદ્યાર્થીઓને સંપૂર્ણ ખર્ચ આપવાની જાહેરાત કરાઈ હતી.

આ પ્રસંગે દેવીલાલમાલી, ફરજનાબેન શેખ, ગુલામશબ્બીર શેખ, સોહિલરાજ સૈયદ, સફી અહેમદ શેખ તથા વાલીઓ તથા ગ્રામજનો મોટી સંખ્યામાં ઊપસ્થિત રહી બાળકોને શાળામાં પ્રવેશ અપાવ્યો હતો.

## ડીસાની નવજીવન બી.એડ્. કોલેજ ખાતે ક્વીઝ સ્પર્ધા યોજાઈ

ડીસા
શ્રી નવજીવન એજ્ય ુકેશનલ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલીત શ્રી નવજીવન બી.એડ્. કોલેજ ડીસા ખાતે ક્વીઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમા સત્યમ, શિવમ, સુંદરમ્, સંગમ, અને સ્વરમ્ નામની ટીમમાં ૨૦ તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો. તેમને ભારતીય બંધારણ, વર્તમાન પ્રવાહો, શૈક્ષણીક પ્રવાહો, વિજ્ઞાન અને કમ્પ્યુટર જ્ઞાન પર પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા.આ સ્પર્ધામાં શિવમ ટીમ વિજેતા બની હતી. વિજેતા ટીમને પ્રમાપત્રો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમનું આયોજન સેમેસ્ટર-૩ ના તાલીમાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું.

## કરશનપુરા પ્રા.શાળામાં ચોપડા વિતરણ કરાયું


(પુષ્કર ગોસ્વામી)

તા.પ્રતિ. . વડગામ
શૈક્ષણિક સત્રને ઉપલક્ષ્યમાં રાખીને સલ્ફર મિલ્સ લિ.મુંબઈ કંપનીમાંથી રમેશભાઈ દેસાઈના નેતૃત્વ હેઠળ વડગામ તાલુકાના કરશનપુરા પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા બાળકોની શિક્ષણ કાર્યમાં જરૂરિયાતને ધ્યાનમાં લઈ (સીએસઆર) કાર્યક્રમ અંતર્ગત ચોપડા વિતરણ કરાયું હતું. કંપનીમાંથી રમેશભઈ દેસાઈ, આશિષભાઈ દેસાઈ ગામના સરપંચ, અગ્રણી, ખેડુતો, લતિફભાઈ, આરિફભાઈ હાજર રહ્યા હતા. આચાર્ય સહિત શાળા પરિવારે કંપનીની શૈક્ષણિક કાર્યમાં લોકભાગી દારીને બિરદાવી હતી.

## વડગામ માર્કેટયાર્ડના આધઃ સ્થાપક સ્વ.લાલજીભાઈ એન.પટેલને શ્રધ્ધાંજલિ અપાઈ


પુષ્કર ગોસ્વામી

(તા.પ્રતિ.) વડગામ
ધી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ વડગામના આધઃ સ્થાપક અને પૂર્વ ચેરમેન સ્વ.લાલજીભાઇ એન.પટેલ (મામા)ની તેરમી વાર્ષિક પુણ્યતિથીએ ગઇકાલ તારીખ ૨૫/૬/૨૦૧૮, સોમવારે બજાર સમિતિ દ્વારા તેમની પૃતિમાને પુષ્પોજલિ અપૅણ કરી શ્રૃધ્ધાસુમન અર્પણ કરાયા હતા. એપી.એમ.સી.ચેરમેન કેપી. ચોધરી, સેક્રેટરી માંઘજીભાઈ ધુળીયા,ડિરેક્ટરો,વેપારીઓ અગ્રણીઓ વગેરે મોટી સંખ્યામાં જોડાયા હતા.

## વડગામમાં ‘મન કી બાત’ કાર્યક્રમનું શ્રવણ


પુષ્કર ગોસ્વામી

તા.પ્રતિ. વડગામ
અનુસૂચિત જાતીના મહોલ્લામાં પ્રવિણભાઈ પરમારના નિવાસ સ્થાને ‘મન કી બાત’ કાર્યક્રમ નિહાળવા વડગામ તાલુકા ભાજપા પ્રમુખ પ્રવિણસિંહ રાણા, અ.જા.મો. જિલ્લા પ્રમુખ ભરતભાઈ પરરમાર, વડગામ તાલુકા ભાજપા ઉપપ્રમુખ/બ.કાં. જિલ્લા પંચાયત સદસ્ય અશ્વિન સકસેના, વડગામ અ.જા.મો. મહામંત્રી રાજુભાઈ પરમાર, પ્રદિપભાઈ કટારીયા, રજનીભાઈ શ્રીમાળી, મયુર સાલવી, ધવલભાઈ હાજર રહી, મન કી બાત કાર્યક્રમ નિહાળ્યો હતો.

## પાંચડા ખાતે વિદ્યાર્થીઓને ચોપડા વિતરણ કરાયું

તા.પ્રતિ. વડગામ
શૈક્ષણિક સત્રને ઉપલક્ષ્યમાં રાખીને સલ્ફર મિલ્સ લિ.મુંબઈ કંપનીમાંથી રમેશભાઈ દેસાઈના નેતૃત્વ હેઠળ વડગામ તાલુકાની પાંચડા પગાર કેન્દ્ર શાળામાં અભ્યાસ કરતા બાળકોની શિક્ષણ કાર્યમાં જરૂરિયાતને ધ્યાનમાં લઈ (સીએસઆર) કાર્યક્રમ અંતર્ગત ચોપડા વિતરણ કરાયું હતું. કંપનીમાંથી રમેશભઈ દેસાઈ, આશિષભાઈ દેસાઈ ગામના સરપંચ ડિલર ખેડુત હાર્ટ મોંઘજીભાઈ, સુરેશભાઈ મંત્રી આચાર્ય સહિત હાજર રહ્યા હતા.

# પાટીદાર શહીદ યાત્રાનો બહુચરાજીમાં પ્રવેશ થતાં સ્થાનિકો દ્વારા સ્વાગત



પ્રતિનિધિ ચાણસ્મા

પાટીદાર અનામત આંદોલન દરમિયાન શહીદ થયેલા ૧૪ પાટીદાર યુવાનોના પરિવારને પૂરેપુરો ન્યાય મળે તેમજ સમાજના યુવાનોને બંધારણીય અનામતનો હક મળે, પાટીદારો સામે થયેલા તમામ કેસો પાછા ખેંચાય અને પાટીદાર સમાજના ભાઈઓ અને બહેનો પર અત્યાચાર ગુજારનાર પોલીસ સામે ગુનો દાખલ તેવી માગણી સાથે ઊંઝાથી નીકળેલી પાટીદાર શહીદયાત્રા બહુચરાજી ખાતે ગતરોજ બપોરે આવી પહોંચતાં સ્થાનિક પાટીદારો દ્વારા સામૈયું કરાયું હતું તેમજ શહીદોને પુષ્પાંજલી અર્પણ કરાઈ હતી.

પાટીદાર શહીદ યાત્રા ચાણસ્મા- વડાવલી- મોઢેરા થઈ બપોરે દોઢ વાગે બહુચરાજી હાઈવે પર નારણપુરા વાડી પાસે આવી પહોંચતાં પાટીદારો દ્વારા શહીદોને પુષ્પાંજલી અર્પણ કરાઈ હતી. તેમજ યાત્રાના આયોજક દિલીપ સાબળા, નિલેશ એરવાડિયા, ગોપાલ ઈટાલિયા, બહુચરાજી ધારાસભ્ય ભરતજી ઠાકોર, ગીજુભાઈ પટેલ, પાસ કન્વીનર હર્ષદભાઈ એ.પટેલ સહિત અગ્રણીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. હાઈવે પરથી બાઈક યાત્રા સાથે ઉમિયાવાડી પહોંચી હતી. જ્યાંબપોરના વિશ્રામ બાદ કાલરી,ચડાસણા, આસજોલ થઈ બલોલ ગામે રાત્રિ રોકાણ કર્યું હતું.

યાત્રાના આયોજક દિલીપ સાબળાએ કહ્યું કે, આ શહીદ યાત્રા ધર્મ, વેદના અને પ્રેરણાનો ત્રિવેણી સંગમ છે. ગુજરાતમાં સાડા ત્રણ વર્ષથી પાટીદારોને બંધારણીય અનામત આપવાની માંગ સાથે આંદોલન ચાલી રહ્યું છે. આ રથ જ્યાં જ્યાં ફરશે ત્યાં પાટીદાર સમાજ એક થઈ આંદોલનની દિશા સાથે પાટ-ીદાર સમાજની મુખ્ય માંગણીઓ સાથે રસ્તા પર આવશે. આ શહીદ યાત્રા સાથે કોઈ રાજકીય પક્ષને લેવાદેવા નથી. આ સમાજના હિતની યાત્રા છે, તેમાં પાટીદાર સમાજના આગેવાનોનો પૂર્ણ સહયોગ છે.

# મીઠાવી ચારણના તળાવમાં માછલીઓના મૃતદેહની દુર્ગંધથી ગ્રામજનો ત્રાહિમામ

### સરપંચે મામલતદાર અને ટી.ડી.ઓને રજુઆત કરી


વિષ્ણુ પરમાર

તા.પ્રતિ. વાવ

વાવ તાલુકાના ઉંડાણના ગામોના તળાવો અગાઉના વર્ષની અતિવૃષ્ટિ અને પુરના કારણે જળબંબાકાર બન્યા હતાં તે પાણી હજુ સુધી પણ ઓસર્યા નથી ત્યારે રણની કાંધી ઉપર વિસ્તરેલ મીઠાવી ચારણ ગામનું તળાવ રેલમ છેલ બન્યું હતું અને એક યુવકનો ભોગ પણ લીધો હતો તે પાણી હજુ સુધી ન ઓસરતાં તેમાં અનેક જળચર પ્રાણીઓ ઉત્પન્ન થયેલ છે. ત્યારે હમણાથી પડી રહેલ ભિષણ ગરમી તળ ઉપર આવવાથી પાણીની ખારાસના કારણે અનેક માછલાંઓ મરી રહ્યાં છે. જેથી સડેલા કહોવાએલા માછલા ના મૃતદેહની દુર્ગંધ ચોમેર ફેલાઈ રહેલ હોઈ ગ્રામજનો દુર્ગંધથી ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. ત્યારે દૈયપ ગૃપ ગ્રામ પંચાયતના સરપંચએ આ બાબતે તાજેતરમાં મામલતદાર અને ટીડીઓ વાવને લેખીત રજુઆત કરી છે. પ્રાપ્ત માહિતી મુજબ મીઠાવી ચારણ ગામ ને અડીને તળાવ આવેલુ છે. તેમં ગઈ સાલની અતિવૃષ્ટિનું વરસાદી પાણી હજુ સુધી ભરેલું પડેલ છે. ત્યારે પાણીના તળો ઉચા આવવાથી ખારાસ ભળવાથી અને પડી રહેલ ભિષણ ગરમીના કારણે તળાવમાં રહેલા અનેક માછલાઓ મોતને ભેટ્યા છે. જેને લઈને ભારે દુર્ગંધ ફેલાઈ રહી છે. તળાવ ગામને અડીને આવેલું હોઈ પાસે જ પ્રાથમિક શાળા આવેલી હોઈ શાળાના ભૂલકાં ના ઉપર પણ ભયંકર અસર પડવાની શક્યતા રહેલી છે ત્યારે સરપંચ પી.ડી. ગઢવીએ આબાબતે મામલતદાર વાવ અને ટી.ડી.ઓ. ને પણ લેખિત રજુઆત કરેલ છે. તો ગામમાં રોગ ચાળો ફેલાય તે પૂર્વે જવાબદાર તંત્ર ઘટતુ કરે એવી લોકમાંગ પ્રબળ બની છે.

# ધાનેરામાં બ્રહ્મ સમાજ વિશે અભદ્ર ટીપ્પણી કરનાર શખ્સ સામે કાર્યવાહી કરવા આવેદનપત્ર


એન.કે. મોદી

તા.પ્રતિનિધિ ધાનેરા

ધાનેરા ખાતે વસતા બ્રહ્મ સમાજે પણ આજે ભગવાન પરશુરામ વિરુદ્ધ સોસીયલ મીડિયામાં કરાયેલ અભદ્ર ટિપ્પણી મામલે ધાનેરાના પી.આઈ.ને આવેદનપત્ર સોંપી રોષ ઠાલવ્યો હતો.આજે સામુહિક રીતે ધાનેરા પોલીસ મથકે ધસી ગયેલા બ્રહ્મ સમાજના યુવાનોએ ફેસબુકમાં ભગવાન પરશુરામ વિશે અસભ્ય ટિપ્પણી કરનાર ધાનેરા તાલુકાના સાંકડ ગામનાનટવર પારેગી નામના શખ્સ વિરુદ્ધ પગલાં લેવાની માંગણી સાથે ધાનેરાના પોલિસ ઈન્સ્પેક્ટરને આવેદનપત્ર આપી આ ઈસમની અટકાયત કરવાની માંગણી કરી હતી.

# સોશિયલ મિડીયામાં સમાજ વિરોધી ટીપ્પણી મુદ્દે થરાદ બ્રહ્મસમાજમાં આક્રોશ

પ્રતિનિધિ થરાદ

ધાનેરા તાલુકાના નટવર પારેગી નામના શખસ દ્વારા બ્રહ્મસમાજના ગુરુ અને અન્ય સમાજો માટે પણ પુજનીય એવા ભગવાનશ્રી પરશુરામના અભદ્ર ફોટા સાથે બ્રાહ્મણ ભગાવો દેશ બચાવોની ટીપ્પણી કરી સમાજ અને ભગવાનની પ્રતિભાને કલંકીત કરતી પોસ્ટ ફેસબુક પર અપલોડ કરતાં બ્રહ્મસમાજ સમસમી ઉઠ્યો હતો. જેના પ્રતિઘાત સ્વરૂપે શહેરના શ્રી જાગેશ્વર મહાદેવના મંદીરમાં સમસ્ત બ્રહ્મસમાજના યુવકોની બેઠક મળી હતી. જેમાં ઘટનાને સખત શબ્દોમાં વખોડી કાઢવામાં આવી હતી.ત્યાર બાદ નટવર પારેગીની ધરપકડ કરવાની માંગ સાથે તેની સામે ગુનો દાખલ કરવા થરાદ પોલીસ મથકમાં આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. જેમાં દેશભરના બ્રહ્મસમાજની લાગણી દુભવનાર આવાં કોઈ પણ અસામાજીક તત્વો સામે પગલાં ભરવામાં નહી આવેતો સમાજ સહન નહી કરે અને ચુપ પણ નહી બેસે તેવી ગર્ભિત ચિમકી પણ આપવામાં આવી હતી. પીએસઆઇ નકુમે આવેદનપત્ર સ્વીકારી શખસ સામે કાયદાકીય પગલાં ભરવાની ખાત્રી આપી હતી.આ કાર્યક્રમમાં થરાદ પંથકના સમસ્ત બ્રહ્મસમાજની સાથે સાથે રાજપુત અને અન્ય સમાજના યુવકો પણ ઉપસ્થિત રહ્યા હતા.

# ભાભરમાં ૧૧ જુગારીયા ઝડપાયા

### રોકડ અને ૧૧ મોબાઈલ પોલીસે કબ્જે લીધા


વનરાજસિંહ રાઠોડ

તા.પ્રતિ. ભાભર

ભાભર પી.એસ.આઈ. એસ.એસ.રાણે તથા પોલીસ અબ્દુલભાઈ, અબ્દુલખાન, સંજયસિંહ, ભગવાનભાઈ, ભરતભાઈ, ભરતગીરી, મોતીભાઈ વગેરે પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન બાતમી મળતાં બાતમીના સ્થળ ભાભર નવા બ્રાહ્મણ બોર્ડીંગ પાસે રોડ ઉપર ખુલ્લામાં કેટલાક ઈસમો ટોળું મળીને ઘોડીપાસાથી હારજીતનો જુગાર રમતા ઈસમો ઉપર રેડ કરતાં ૧૫ ઈસમો જુગાર રમતા ઝડપાઈ ગયા હતા. રેડ દરમ્યાન ૧૧ મોબાઈલ (કિ.રૂા. ૧૬૭૦૦) તથા રોકડ રૂા.૧૮૭૩૦ મળી કુલ રૂા.૩૫૪૩૦૦ સાથે જુગારીયાઓને ઝડપી લઈ જુગાર ધારા હેઠળ કાર્યવાહી કરવામાં આવી હતી.

**પકડાયેલ જુગારીયા**

મહેબુબમુરાદ મીર, અકબર સદીક, સુભાન જીવણ મીર, બરકત કનુભાઈ મીર, બલો ઉર્ફે કરીમ જુમાભાઈ મીર, અકબર બચુ મીર, અનવર ધુડા મીર, સીકંદર મુરાદ મીર, યાસીન વજીર મીર, ગુલાબ બબાભાઈ મીર, સરીફ ફૈજુભાઈ મીર, કીરણ વીરચંદ પરમાર, રફીક હબીબ મીર, વલી ઈમામ મીર.

# થરાદના વાડીયામાં વધુ બે દીકરીઓના હાથ પીળા કરી સાસરે વળાવાઇ


વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

વર્ષો પહેલાં વિચરતા સમુદાય પૈકીના સરાણિયા કોમના પરિવારો રોજગારીના અભાવે હિજરત કરીને થરાદ તાલુકાની વડગામડા પાસેની સીમમાં સ્થાયી થયા હતા અને મહિલાઓએ પોતાના દેહના વેપારને આજીવિકાનું સાધન બનાવતાં વાડિયા ગામ દેહવક્રિયના વ્યવસાયમાં કુખ્યાત બન્યું હતું. જો કે, ગામને લોહીના વેપારના કલંકિતપણામાંથી મુક્ત કરાવવા માટે સરકારે હાથ ધરેલા પ્રયાસોની સાથે સાથે છેલ્લા ૧૭ વર્ષથી વાડીયાઓની મહિલાઓના બદલાવ માટે થરાદની સમાજસેવિકા શારદાબેન ભાટી પણ કાર્ય કરી રહી છે.તેમની મદદ લઈને વિચરતા સમુદાય સમર્થન મંચ નામની સંસ્થાએ આગળ આવી છેલ્લા પાંચ-છ વર્ષથી ગામની મહિલાઓને સમજાવી આવકના અન્ય વિકલ્પો જણાવી તેને દેહવક્રિયના બદલેઅન્ય વ્યવસાય અપનાવવા પ્રોત્સાહિત કરી હતી તેમજ તેમના પરિવારોને પણ ધીમેધીમે વિશ્વાસ અપાવી તેઓની સ્વૈચ્છિક મંજુરીથી વિવાહ યોગ્ય દીકરીઓના લગ્ન કરાવવા તૈયાર કર્યા હતા.જે સોનેરી અવસર ગત તારીખ ૬ વર્ષ પહેલાં ઈતિહાસના પાને

અનુસંધાન પાના નં.૬

# વાવ તાલુકામાં એ.ટી.વી.ટી.ના મેમ્બર તરીકે સર્વાનુમતે વરણી



તા.પ્રતિ. વાવ

તાજેતરમાં ભાજપ પાર્ટીએ એ.ટી.વી.ટી.ના મેમ્બર તરીકે વરણી કરવામાં આવેલ જેમાં વાવ તાલુકામાં એ.ટી.વી.ટી. ના મેમ્બર તરીકે માવસરી ગામના વતની અને વાવ તાલુકા યુવા ભાજપ ઉપપ્રમુખ તેમજ માવસરીના ડે.સરપંચ એવા પ્રકાશભાઈ એચ.વ્યાસની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે. પ્રકાશભાઈ વ્યાસની રાહબરી હેઠળ વાવ તાલુકા વિકાસના કામોને ભારે વેગ મળશે. પ્રકાશભાઈ વ્યાસની વરણીને સમગ્ર વાવ તાલુકામાંથી ચોમેરથી આવકાર સાંપડી રહ્યો છે. પ્રકાશ વ્યાસ એક ઉમદા કાર્યકુશળ હોશિયાર કાર્યકર તરીકેની છબી ધરાવે છે.

# થરાદના ડુવા ગામેથી ૧૮ વર્ષીય યુવક ગુમ

પ્રતિનિધિ થરાદ

થરાદના ડુવા ગામનો ૧૮ વર્ષીય યુવક વાસનાભાઈ શંકરભાઈ રબારી પોતે ભાગથી પાવતા ખેતરમાં રવિવારના રોજ જતો હતો ત્યારે કોઈ અજાણ્યા બોલેરો ચાલકે ત્યાંથી તેને લઈને ફરાર થઈ ગયા હતા અને આ બાબતની તેણે તેના ભાઈને મેસેજ દ્વારા જાણ કરી હતી અને સોમવારે ગામના એક યુવકના ફોન પર મેસેજમાં તેને જણાવ્યું હતું કે મને મહેસાણા છોડી દીધેલ છે. આ બાબતે તેના ભાઈ મોનાભાઈ શંકરભાઈ રબારીએ થરાદ પોલીસ મથકે અરજી કરી હતી. આ બનાવથી સરહદી પંથકમાં ચકચાર મચી જવા પામી હતી.

# ડીસામાં સુરતના ડેપ્યુટી મેયરનું સન્માન...



સુરત મહાનગરપાલિકામાં તાજેતરમાં ડીસાના પનોતાપુત્ર નિરવ એચ.શાહની ડેપ્યુટી મેયર તરીકે વરણી થઈ છે. તેઓ રવિવારે ડીસા લાયન્સ ક્લબના મહેમાન બન્યા હતા. જે પ્રસંગે ડીસા સંસ્કાર મંડળ, ડીસા જૈન સંઘ અને પ્રગતિ અભિવાદન ગૃપ દ્વારા નિરવ શાહને સન્માન પત્ર અને પુષ્પ ગુચ્છ આપી સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જૈન સંઘના પ્રમુખ હિતેશભાઈ શાહ, મીઠાલાલ જૈન, મનીષભાઈ વોરા, સંસ્કાર મંડળના ડો.સી.કે.પટેલ, રાજુભાઈ સત્યમ તથા પ્રગતિ અભિવાદન ગૃપના પ્રમુખ લલીતભાઈ દોશી, અશોકભાઈ કોઠારી, નરેશભાઈ શેઠ, સુરેશભાઈ કોઠારી વગેરેએ સન્માન કર્યું હતું.

# આજે કબીર જયંતી અને વાર્ષિક ઉત્સવ સાથે ચાદર વિધિ કાર્યક્રમ યોજાશે



ડીસા

કબીર આશ્રમ ડીસામાં તા.૧૭ અને ૧૮/૬/૨૦૧૮ બુધવારે સવારે ૯ થી ૧૨ અને ગુરૂવારે બપોરે બે વાગ્યા સુધી કબીર સાહેબની ૬૨૦ ની જન્મ જયંતી અને ડીસા કબીર આશ્રમનો ૪૦ માં વાર્ષિકો ઉત્સવ ઉજવવામાં આવશે આ પ્રસંગે પૂજ્ય ગુરૂદેવશ્રી જ્ઞાન સાહેબજી તેમજ પધારેલા સંતો મહંતો દ્વારા સાંપ્રદાયિક સદ્‌ભાવના માનવ એક્તા, બૌધિક અને આત્મીય સંતોષ વૈજ્ઞાનિક અભિગમ તેમજ અંધશ્રધ્ધા, વહેમ, ચમત્કાર જેવા માનસિક દુષણોમાંથી માનવ મુક્ત થાય, એવી જન જાગૃતિ થાય તેવો સત્સંગ થશે. આ પ્રસંગે કબીર આશ્રમ ડીસા ઉતરાધિકારી તરીકે સંતશ્રી મોહનદાસ સાહેબને ચાદર વિધિ કરવામાં આવશે. અને સંતો મહંતોને ભેટપૂજા કરવામાં આવશે.

# ભીલડી મેર્કેન્ટાઈલ ક્રેડીટ સોસાયટીની ૧૭ મી વાર્ષિક સાધારણ સભા યોજાઈ


કંચનજી ઠાકોર

### સભાસદોનું વીમા સુરક્ષા કવચ વધારાયું

પ્રતિ. ભીલડી

ધી.ભીલડી મર્કેન્ટાઈલ ક્રેડીટ સોસાયટીની સાધારણ સભા ભીલડી જૈન દેરાસરના સભા ખંડમાં મંડળીના ચેરમેન જગમાલભાઈ એસ.પટેલના પ્રમુખ સ્થાને યોજાઈ હતી. જેમાં ગત સભાનું પ્રોસેડીંગ લઈ ૨૦૧૭-૧૮ ના હીસાબો રજુ કરાયા હતા. શરૂઆતમાં ઉપસ્થિત મહેમાનોએ દીપ પ્રગટાવી કાર્યક્રમની શરૂઆત કરી હતી. મંડળીના માનદ એમ.ડી. બાબુભાઈ પાનકુટાએ મંડળીના ડીરેક્ટરો અને સભાસદોનું સ્વાગત પ્રવચન કરી આવકાર્યા હતા.

પ્રમુખ સ્થાનેથી બોલતા ચેરમેન જગમાલભાઈ પટેલે સભાસદો માટે જાહેરાત કરી હતી. કે મંડળી દ્વારા સભાસદોનો અકસ્માત વિમો ૨ (બે) લાખ છે. જે વધારી ને (ચાર) લાખ કરવામાં આવ્યો હતો. ઉપરાંત સભાસદોનું કુદરતી મૃત્યુમાં રૂા.૨૧૦૦૦ મંડળી દ્વારા આપવામાં આવતા તે પણ વધારી ને રૂા.૩૧૦૦૦/ કરવામાં આવતા હાજર સભાસદોએ બહાલી આપી

અનુસંધાન પાના નં.૬

# જુનાડીસા સહકારી મંડળીની સાધારણ સભા યોજાઈ



જુનાડીસા

ડીસા તાલુકાના જુનાડીસા ગામની અગ્રણી સહકારી સંસ્થા ધી જુનાડીસા વિવિધ કાર્યકારી સહકારી મંડળીની વાર્ષિક સાધારણ સભા હનુમાનજીના મંદિર ખાતે સુમેળભર્યા માહોલમાં યોજાઈ હતી.જેમાં સર્વાનુમતે વ્યવસ્થાપક કમીટીની રચના કરાઈ હતી. ૫૭૫ સભાસદો ધરાવતી મંડળીની સભાના અધ્યક્ષ પદે ગામના વડીલ ચેલાભાઈ શ્રીમાળીની વરણી કરાઈ હતી. બાદમાં કાચી પડેલી મંડળીને આગવી આવડત અને સુઝબુઝથી જિલ્લાની મોખરાની મંડળી બનાવનાર ચેરમેન ભીખાભાઈ ફુલાભાઈ પઢીયારે સભાસદો અને ગ્રામજનોને આવકારી મંડળીએ આ વખતે ટાંચા સાધનો વચ્ચે પણ રૂા. ૮૬,૭૬૯ નો નફો કર્યો હોવાનું જણાવી સહયોગી તમામનો ઋણ સ્વીકાર કર્યો હતો.

અનુસંધાન પાના નં.૬

# આઠ પરગણા પ્રજાપતિ સમાજની સાધારણ સભા મળી

તા.પ્રતિનિધિ થરા

આઠ પરગણા ગુર્જર પ્રજાપતિ સમાજની સાધારણ સભા નવા નીમાયેલ પ્રમુખ શાન્તીલાલ પ્રજાપતિની અધ્યક્ષતામાં શ્રીમતી શાન્તીબેન હેમાભાઈ છાત્રાલય ખાતે યોજાઈ ગઈ જેમાં ગત વરસના હિસાબો વાંચી સંભળાવામાં આવેલ તેમજ છાત્રાલયમાં વિદ્યાર્થીને સુવિધા આપવા માટે અને સમૂહલગ્ન વિશે પણ ચર્ચા વિચારણા કરવામાં આવેલ નવા વરાયેલ પ્રમુખ શાંન્તીબેને સંસ્થાને મજબૂત કરવા તમામનો સાથ સહકારની માગણી કરેલ આ પ્રસંગે તમામ પરગણાના પ્રમુખો સમાજના આગેવાનો વડીલો સાથે ચર્ચા વિચારણા કરી સંસ્થાને ગતી આપવા સૌ સહમત થયા હતા.

# સોશ્યલ મિડીયા કમિટીમાં આમંત્રીત સદસ્ય તરીકે વરણી


અશોક શેઠ

તા.પ્રતિનિધિ દીઓદર

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી અમીતભાઈ ચાવડાએ તાજેતરમાં રચાયેલ સોશ્યલ મીડીયા અકેઝીક્યુટીવ કમિટીની હેમાંગ રાવલના કોડીનેટરમાં રચેલ છે. જેમાં ભાભરના વતની અને કોંગ્રેસના યુવા અગ્રણી સોશ્યલ મિડીયામાં કોંગ્રેસને ચમકતા રાખતા એવાશ્રી જલારામભાઈ ઠક્કરની સોશ્યલ મિડીયા અકેઝીક્યુટીવ કમિટીમાં આમંત્રીત સદસ્ય તરીકે વરણી કરેલ છે. ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસની વિચારધારાને મીડીયાના માધ્યમો દ્વારા જનજન સુધી પ્રચાર પ્રસાર દ્વારા પહોંચાડવા પ્રદેશકક્ષા દ્વારા થઈ રહેલા પ્રયાસને જલારામભાઈ તેમની શક્તિનો સદપયોગ કરશે તેવો સૌ આશાવાદ સેવી રહ્યા છે.

# દીઓદર પાંજરાળપોળને દાન...


અશોક શેઠ

તાજેતરમાં ધી ભીલડી નાગરીક શરાફી સહકારી મંડળી તરફથી ૧,૧૧,૧૧૧/- ધર્માદાફંડમાંથી દીઓદર પાંજરાપોળને દાન સ્વરૂપે અપાયેલ. મંડળીના ચેરમેન માનસુંગભાઈ પટેલના હસ્તે ચેક ગતરોજ દીઓદર ખાતે દીઓદરના ટ્રસ્ટીશ્રી જયંતિભાઈ બી.દોશી, રાજુભાઈ શાહને અર્પણ કરાયેલ.આ પ્રસંગે મંડળીના શાંતીલાલ ત્રિવેદી, શૈલેશભાઈ શાહ આદિ ઉપસ્થિત રહેલ.

**બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.,**
બનાસ ડેરી, પો.બો.નં.૨૦, પાલનપુર-૩૮૫૦૦૧.
ફોન નં.(૦૨૭૪૨) ૨૫૩૮૮૧ થી ૨૫૩૮૮૫

**ફલાય એશના વેચાણ માટે**

આથી ફલાય એશ વાપરતા દરેક ઇસમોને જણાવવાનું કે, તા.૦૧-૦૭-૨૦૧૮ થી ફરી જાણ કરવામાં ના આવે ત્યાં સુધી બનાસડેરી પાલનપુર ખાતે તેમજ કેટલફીડ પ્લાન્ટ, કાતરવા ખાતે બોઇલરમાંથી નીકળતા **ફલાય એશ માલનું વિના મુલ્યે નિકાલ કરવાનું હોઇ,** રસ ધરાવતી પાર્ટીઓએ સંઘના હિસાબી શાખામાં ટેન્ડર ફી પેટે રૂા.૧૦૦/- (નોન રીફંડેબલ) ભરી, **વિના મુલ્યે ફલાય એશ** સંઘમાંથી ઉપાડી જવાનો રહેશે. ટેન્ડર મંજુર યા નામંજુર કરવાનો અધિકાર સંઘના ઇન્ચાર્જ મેનેજીંગ ડીરેકટરશ્રીને અબાધિત રહેશે.

ઇન્ચાર્જ મેનેજીંગ ડીરેકટર

**જાહેરાત સુધારો**

**હું વાઘેલા કૈલાસબાઈ નારાયણસિંહ રહે.જાલોઢા, તા.દિયોદર, જિ.બ.કાં. મારી માલિકીની જમીન દિયોદર તાલુકાના જાલોઢા ગામે આવેલ છે. તેમજ તેના પર લોન લેવા માટે મે. એકસીસ બેંકમાં અરજી કરેલ છે તથા મારા ૭/૧૨ માં મારૂ નામ વાઘેલા કૈલાસબાઈ નારણસિંહ છે. તે બન્ને નામવાળી વ્યકિત હું એક જ છું. જે હું જાહેર કરી જણાવું છું.**

**લિ.**
**વાઘેલા કૈલાસબાઈ નારણસિંહ**

**જાહેરાત સુધારો**

**હું નારાયણસિંહ ગુલાબસિંહ વાઘેલા રહે. જાલોઢા, તા.દિયોદર, જિ.બ.કાં. મારી માલિકીની જમીન દિયોદર તાલુકાના જાલોઢા ગામે આવેલ છે. તેમજ તેના પર લોન લેવા માટે મે. એકસીસ બેંકમાં અરજી કરેલ છે તથા મારા ૭/૧૨ માં મારૂ નામ વાઘેલા નારણસિંહ ગુલાબસિંહ છે. તે બન્ને નામવાળી વ્યકિત હું એક જ છું. જે હું જાહેર કરી જણાવું છું.**

**લિ.**
**વાઘેલા નારાયણસિંહ ગુલાબસિંહ**

**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ**
**જાહેર નિવિદા નં.૦૪-૨૦૧૮-૧૯**
**આઇ.ડી.નં.૩૧૫૨૩૮, ૩૧૫૧૯૬**

કાર્યપાલક ઇજનેરશ્રી, જાહેર આરોગ્ય યાત્રિક વિભાગ, બીજા માળે, જલભવન આદર્શ સ્કુલની પાછળ, પાલનપુર ફોન નં.(૦૨૭૪૨) ૨૫૪૨૫૫ દ્વારા બનાસકાંઠા જિલ્લાની ૧, સીપુ જુથ યોજનાના સીપુ ઇન્ટેકવેલ, પાંથાવાડા, ખીમત, સામરવાડા અને ધાખા હેડવર્કસ પંપીગ મશીનરીના કોમ્પ્રહેન્સીવ સંચાલન મરામત અને નિભાવણીના ૬૦ માસના ૨, બીકે-૪, કેઝ-૩ એ જુથ યોજનાના અંતર્ગત ભાપી હેડવર્કસ પંપીગ મશીનરી ના કોમ્પ્રહેન્સીવ સંચાલન મરામત અને નિભાવણીના ૬૦ માસના અનુક્રમે અંદાજીત કિંમત (૧)રૂ.૧૨૧.૬૮ (૨) રૂા.૪૯.૯૮ લાખના ભાવો ટેન્ડર દસ્તાવેજોમાં દર્શાવેલ માપ દંડો મુજબ પાત્રતા ધરાવતા ઠેકેદારશ્રીઓ પાસેથી ઇ-ટેન્ડરીંગ પદ્ધતિથી માંગવામાં આવે છે. ટેન્ડર રજુ કરવાની છેલ્લી તા.૦૯-૦૭-૨૦૧૮ ના ૧૮.૦૦ કલાક સુધી. ટેન્ડરને લગતી માહિતી અત્રેની કચેરીના નોટીસ બોર્ડ તેમજ વેબસાઇડ www.statetenders.com તથા https://www.nprocure ઉપર ઉપલબ્ધ છે. કોઇ પણ ટેન્ડર સ્વીકારવા / રદ કરવાની સતા ગુ.પા.પુ.અને ગટર વ્ય.બોર્ડની અબાધિત રહેશે. જે સર્વેને બંધન કર્તા રહેશે. હવે પછીનો સુધારો વેબસાઇડ પર જોવા મળશે.

ક્રમાંક: નામાનિ/પાલન/૧૮૪/૨૦૧૮-૧૯

## તંત્રી સ્થાનેથી ...

**અભિમાનીને હંમેશા પોતાની પ્રશંસા થાય તે ગમેછે.**

## સ્વચ્છતા અભિયાનમાં કરોડોનું આંધણ છતાં અમદાવાદ ૧૨ મા ક્રમાંકે

દેશની જનતા કોઈ પાણીજન્ય રોગોનો શિકાર ન બને તે માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સ્વચ્છ ભારત મિશનનો પ્રારંભ કર્યો છે. જે અંતર્ગત દેશના નાના- મોટા મળી ૧૦૦ શહેરોમાં હાથ ધરાયેલા 'સ્વચ્છ સર્વેક્ષણ' માં અમદાવાદ મ્યુ.કોર્પોરેશન દેશભરમાં બારમા ક્રમાંકે રહ્યું છે. સ્વચ્છતા અભિયાન માટે સરકાર દ્વારા શહેરો અને ગામડાઓમાં જે તે પંચાયતોને લાખો-કરોડોની ગ્રાન્ટ ફાળવવામાં આવતી હોય છે. પરંતુ તેમાંથી કેટલાય નાણાંની ગેરરીતિ થતી હશે? તે બાબતે આજદિન સુધી કોઈ સમીક્ષા થઈ શકી નથી.

સ્વચ્છતા અભિયાનના નાણાં માત્ર સ્વચ્છ ભારત મિશન માટે જ ખર્ચ કરવામાં આવે તે માટે સરકાર દ્વારા તપાસ સમિતિની રચના થાય તે મહત્વની બાબત હોવાનું કહેવાય છે. આ બાબતે વિપક્ષે ટીકા પણ કરી છે.

શહેરોમાં સ્વચ્છતા જાળવવા અને જાહેર આરોગ્યલક્ષી સેવાઓનું ધોરણ સુધારવા માટે ગ્રાન્ટ આપવાની સાથે સાથે કેન્દ્ર સરકારે સ્વચ્છ સર્વેક્ષણની જાહેરાત કરી હતી. જેમાં દેશમાં ૧૦૦ શહેરોની પસંદગી કરવામાં આવી હતી અને તેમની વચ્ચે સ્વચ્છતાની સ્પર્ધા હાથ ધરવામાં આવેલ. સ્વચ્છ ભારત મિશન અંતર્ગત હાથ ધરાયેલા સ્વચ્છ સર્વેક્ષણમાં સને ૨૦૧૬ અને ૨૦૧૭ માં અમદાવાદ ૧૪ મા ક્રમે રહ્યું હતું. જ્યારે રાજ્યની સૌથી મોટી મહાનગરપાલિકાની સરખામણીએ સુરત અને વડોદરા આગળ નીકળી જતાં મ્યુનિ. હેલ્થ તથા સોલીડ વેસ્ટ વિભાગની નિષ્ફળતા છતી થઈ હતી.

સ્વચ્છ સર્વેક્ષણમાં મ્યુનિ.હસ્તકની રોડ સફાઈ, પબ્લિક ટોયલેટની સફાઈ, કચરાના નિકાલની યોજનાઓ, પબ્લિક ઓપિનિયન વગેરે મુદ્દાની ચકાસણી કરવામાં આવે છે. આ સર્વેક્ષણ માટે કેન્દ્રની ખાસ ટીમ આવે છે. જે દરેક બાબતો પર ધ્યાન ઘરે છે. ત્યારે ૨૦૧૮ માં સ્વચ્છ સર્વેક્ષણ માટે કેન્દ્રીય ટીમ આવે તે પહેલાં મ્યુનિ. હેલ્થ અને વેસ્ટ ખાતાએ અનેક પ્રકારે મહેનત કરી હતી. તેમાં મ્યુનિ. કોર્પોરેશનના ઈજનેર સહિત જુદા જુદા ખાતાઓની પણ મદદ લેવામાં આવી હતી.

સ્વચ્છતા સર્વેક્ષણના અંતિમ રિપોર્ટમાં અમદાવાદને ૧૨ મો ક્રમાંક અપાયો છે. સ્વચ્છતા માટે શહેરના જુદા જુદા વોર્ડમાં સફાઈ કાર્યક્રમ યોજનારા પૂર્વ મેયર ગૌતમ શાહ અને સ્ટે. ચેરમેન પ્રવિણભાઈ પટેલ સહિતના હોદ્દેદારોની યથાયોગ્ય કામગીરીના કારણે પણ સ્વચ્છ સર્વેક્ષણમાં અમદાવાદ બેકદમ આગળ હોવાનું કહી શકાય. અમદાવાદ નગરના નવા મેયર બિજલબેન પટેલે કહ્યું હતું કે સ્વચ્છ સર્વેક્ષણમાં અમદાવાદનો ૧૨ મો ક્રમ રહ્યો તે સારી બાબત છે. તેના માટે મ્યુનિ.તંત્રની જહેમત તેમજ શહેરીજનોના બદલાયેલા વર્તનને પણ કારણભૂત માની શકાય.

નવા મહિલા મેયરે એવું પણ કહ્યું છે કે આગામી દિવસોમાં સ્વચ્છતાલક્ષી કામગીરી ઉપર ખાસ ધ્યાન આપવામાં આવનાર છે, અમદાવાદ ૧ થી ૫ માં સ્થાને આવે તે માટે સખ્ત મહેનત કરવામાં આવશે. જો કે વિરોધ પક્ષના નેતાઓ એવી વાત જણાવી છે કે સ્વચ્છતાના નામે કરોડોનું આંધણ છતાંય ૧૨ મો નંબર અમદાવાદનો આવ્યો તે ગંભીર બાબત કહી શકાય. કરોડોનું આંધણ કરીને અમદાવાદ મ્યુ.તંત્ર સ્વચ્છ સર્વેક્ષણ ઝાઝુ ઉકાળી શક્યા નથી. વિરોધ પક્ષના નેતાએ મ્યુ. સત્તાધિશોની આકરી ટીકા કરી હોવાનું પણ બહાર આવેલ છે.

## આશિષ કપૂર &TV પર મેરી હાનિકારક બીવીમાં ડોક્ટરની ભૂમિકા ભજવશે



&TVકોમેડી શો મેરી હાનિકારક બીવીમાં વારસદાર પેદા નહીં કરી શકતા પુરુષના સંઘર્ષને અત્યંત હાસ્યસભર રીતે દર્શાવવામાં આવ્યો છે. આ શો વારસદાર પેદા કરવા સાથે સંકળાયેલા ઘણા બધા સામાજિક દબાણો અને પુરુષો પર તેની અસરમાં ડોકિયું કરાવે છે. શોના નિર્માણકારોએ દર્શકોને ધ્યાન જકડી રાખવા માટે કોઈ કસર બાકી રાખી નથી. હવે વારતામાં વધુ રોચકતા ઉમેરતાં તેમણે દેખાવડા આશિષ કપૂરને લીધો છે જે ડો. રજત સરિનનું પાત્ર ભજવતો જોવા મળશે. આશિષ મજબૂત અને વૈવિધ્યપૂર્ણ કાર્ય અનુભવ ધરાવે છે. તેણે ભૂતકાળમાં રિયાલિટી શોમાં ભાગ લેવા સાથે ઘણાં બધાં રસપ્રદ અને મજેદાર પાત્રો ભજવ્યો છે. તે &TV પર વારિસમાં પણ જોવા મળ્યો હતો. શોના આંતરિક ભાગ દરમિયાન પ્રવેશ કરતાં રજત અખિલેશ (કરણ સૂચક) પર વેસેક્ટોમી રિવર્સલ સર્જરી કરવા માટે આવે છે.ટેલી એવોર્ડ નોમિની આશિષ અત્યંત ધનાઢ્ય, તોછડું વ્યક્તિત્વ ધરાવતું રજતનું પાત્ર ભજવે છે, જે પોતાને ગમે તે મેળવવામાં માને છે. તે માને છે કે નાણાં બધું જ છે અને તે લોકોને ઝુકાવી શકે છે. રજત ભારતમાં ઉત્તમ વેસેક્ટોમી રિવર્સલ ડોક્ટર છે અને પ્રભાવશાળી વ્યક્તિત્વ છે, જે ઈરાની સુંદરતા અને કુશળતાથી મોહિત છે. વારતા ભારતીય સમુદાયમાં સંવેદનશીલ મુદ્દાને સ્પર્શ કરતાં એક પગલું આગળ જાય છે. જિયા અને કરણ આરંભથી શોના ચહેરા હોવાથી તેમની જોડે કામ કરવાની મજા આવી રહી છે. જોતા રહો મેરી હાનિકારક બીવીનો કોમિક ડ્રામા, દર સોમવાર- શુક્રવાર, રાત્રે ૧૦, ફક્ત &TV પર!

<u>આત્મચિંતન</u>

## ના અપેક્ષાઓને પાળો, ના પ્રતિકૂળતાથી વિચલિત થાઓ.

કોઈ મિત્ર કે સહયોગીથી તમારી મૂશ્કેલીના સમયમાં તમે સહાયતાની આશા કરો છો પણ તેને સહાનુભૂતિ પણ ના દેખાડી. તેમા આવેશ ક્રોધ કરવાની જરૂરિયાત નથી. કોઈથી તમારા સંબંધ સારા હોય તો તેને તમે તમારી સજ્જનતા સમજો. જેટલા વધારે લોકો સાથે તમારા સદભાવ રહે તેટલું જ સારૂ પરંતુ તેનું મૂલ્ય કોઈ તમારી સહાયતા કરીને ચૂકવે તે જરૂરી નથી. તમે તમારા પોતાના બળ પર વિશ્વાસ કરો. એટલું સાહસ રાખો કે પોતાની ગંચવણોને પોતાની જાતે ઉકેલી શકો.

પ્રતિકુળતાઓ વધારે વધી શકે છે એવું સમજીને ચાલશો તો તમે જીવન સંગ્રામના સાચા ખિલાડી કહેવાશો. ખિલાડીનો પહેલો અને આવશ્યક ગુણ છે, તે હારેલી મુખ મુદ્ધાં પણ સંતુલિત મન સ્થિર બનાવી શકે. તેના માટે આવેશ, ગુસ્સો કોઈપણ પરિસ્થિતિમાં ક્ષમ્ય નથી. દરેક વ્યક્તિ ખિલાડી તો નથી હોતો પણ સમજદાર તો હોવો જ જોઈએ. સમજદારની જવાબદારી ખિલાડીની જવાબદારીથી કોઈપણ પ્રકારે ઓછી નથી હોતી. તેનું માનસિક સ્વાસ્થ્ય સારૂ રહેવું જોઈએ.

**ગાયત્રી શક્તિપીઠ, ડીસા**

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

# ૧૯૭૫ની કટોકટીઃ કોંગ્રેસના કાળાં કારનામાઓનું સૌથી કલંકિત પૃષ્ઠ

**<u>લોકશાહીની હત્યા કરીને 'સરમુખત્યાર' બની બેઠેલાં તત્કાલીન વડાંપ્રધાન ઈન્દિરા ગાંધીએ કટોકટીના ૨૧ માસના સમયગાળામાં પોતાના રાજકીય વિરોધીઓ પર અત્યાચાર ગુજારવામાં કોઈ કસર છોડી નહોતીઃ 'સેન્સરશીપ' લાદીને અખબારોનું પણ ગળું ઘોંટી દીધું હતું</u>**

**રાજકારણના રંગ**
**મહેશ દોશી**

આજથી ૪૩ વર્ષ પહેલાં પચ્ચીસમી જૂન ૧૯૭૫નો દિવસ સ્વતંત્ર અને આધુનિક ભારતના ઈતિહાસના સૌથી કાળા દિવસ તરીકે નોંધાયો છે. આ દિવસે ભારતમાં લોકશાહીનું ગળું ઘોંટી દેવામાં આવ્યું હતું. કેન્દ્રની તત્કાલીન કોંગ્રેસી સરકારનાં વડાંપ્રધાન ઈન્દિરા ગાંધીએ ૨૫-૦૬-૧૯૭૫ના રોજ દેશમાં કટોકટી જાહેર કરી હતી અને દેશની તમામ સત્તાઓ પોતાના હાથમાં લઈ સરમુખત્યાર બની બેઠાં હતાં. વિરોધ પક્ષોના સંખ્યાબંધ નેતાઓને રાતોરાત જેલભેગાં કરી સમગ્ર દેશમાં તેમણે અમાનુષી દમનનો દોર ચલાવ્યો હતો. દેશભરના અખબારો પર 'સેન્સરશીપ' લાદી દઈને પ્રજાનો વાણી-સ્વાતંત્ર્યનો હક્ક પણ છીનવી લીધો હતો. કોઈ જાહેરમાં કોંગ્રેસની સરકાર કે ઈન્દિરા ગાંધી વિરુદ્ધ વાત પણ કરે તો તેઓને જેલમાં ખોંસી દેવાતા હતા. આ રીતે લાખો લોકોને જેલના સળીયા પાછળ ધકેલી દેવામાં આવ્યા હતાં. ૨૧-૨૧ મહિના સુધી દેશમાં આવું દમનકારી શાસન ચલાવવામાં આવ્યું હતું. દુનિયાના સૌથી મોટા લોકશાહી રાષ્ટ્રમાં પ્રજાતંત્રની આવી સરેઆમ હત્યાના એ દિવસો યાદ કરતાં આજે પણ ધ્રૂજારી છૂટી જાય છે. અત્યંત પક્ષપાત ભરેલી અને હિંદુ વિરોધી કોંગ્રેસી અને ડાબેરી સામ્યવાદી વિચારસરણીમાં માનતા અને પોતાની જાતને "બુદ્ધિજીવી" તેમજ "સુધારાવાદી" તરીકે ઓળખાવતા હળાહળ જુઠ્ઠા દંભી બિન-સામ્પ્રદાયિકોમાં હિંદુ હિતની વાત કે હિંદુ જાગૃતિ ચળવળને ફાસીવાદી કે નાઝીવાદી ગણાવવાની ફેશન છે પરંતુ, દેશમાં પાયાના, મૂળભૂત લોકશાહી અધિકારોને સંપૂર્ણપણે કચડી નાખવાનો ફાસીવાદી અને નાઝીવાદી કાળો કામો કોંગ્રેસની સરકારે જ આચર્યો હતો એ હકીકત તેઓ સિફતપૂર્વક ભૂલી જાય છે. શા માટે આ "બુદ્ધિજીવીઓ" કોંગ્રેસના કાળાં કલંકને યાદ કરવાની પણ તસ્દી લેતા નથી એ અબજ રૂપિયાનો સવાલ છે.

તમે હિંદુ હિતની વાત કરો એટલે તમે કોમવાદી છો એવું 'લેબલ' લગાડી દેવામાં આવે છે. તમે હિંદુ સમાજની કે હિન્દુત્વની ટીકા કરો તો તમે તટસ્થ, બુદ્ધિવાદી અને બિન-સાંપ્રદાયિક ગણાવ છો. મઝહબના નામે તમે ગમ્મેતેવા ઝનૂનીવેડાં આચરો કે માનવતા સામેના સૌથી મોટા એવા ભયાનક ત્રાસવાદી કૃત્યો કરો તો પણ માનવ-અધિકારના નામે તમને બચાવી લેવામાં આવે છે. માનવસેવાનો અંચળો ઓઢીને તમે ધાર્મિક વટાળ પ્રવૃત્તિ કરો તો પણ તમારી ઉપર ફૂલોનો વરસાદ વરસાવવામાં આવશે. તમારે બુદ્ધિવાદી ગણાવું હોય તો એક જ કામ કરવાનુંઃ હિન્દુઓની ટીકા કરવાનું. દેશ સ્વતંત્ર થયો એ સાથે જ હિન્દુત્વનું કાસળ કાઢી નાખવાનું કાવતરું ઘડી કાઢવામાં આવ્યું હતું.

દેશમાંથી અંગ્રેજોની હકાલપટ્ટી બાદ આખી કોંગ્રેસના નેવું-પંચાણું ટકા નેતાઓ અને કાર્યકરો સરદાર વલ્લભભાઈ પટેલ જ વડાપ્રધાન બને એવું ઈચ્છતા હતા પરંતુ, ગાંધીજીની મદદથી જવાહરલાલ નહેરુ સત્તાની ખૂરશીએ ચડી બેઠા. નહેરુ હળાહળ હિંદુ વિરોધી હતા. તેમણે દેશની શાળા-કોલેજોના ભણતરમાંથી જ હિંદુ, હિન્દુત્વ, હિંદુ ધર્મ અને હિંદુ સમાજ જેવા શબ્દો અને વિષયો કઢાવી નાખ્યા અને એવું વાતાવરણ સર્જી દીધું કે આ શબ્દો બોલવા માત્રથી તમે કોમવાદી ગણાઈ જાઓ. દેશના ભવ્ય સાંસ્કૃતિક વારસાને ભૂલવી દેવાનું આ એક મહાભયાનક ષડયંત્ર હતું અને તે પાર પાડવામાં નહેરુ પિશાચી રીતે સફળ થયા. બાપની જેમ દીકરી ઈન્દિરા પણ હિંદુ વિરોધી માનસિકતા ધરાવતા હતાં. કટોકટી લાદીને તેમણે હિંદુ રાષ્ટ્રવાદી આરએસએસ અને જનસંઘનાના નેતાઓ, કાર્યકરોને વીણી વીણી ને જેલમાં નાખ્યા હતા. કંપારી છૂટી જાય એવા અત્યાચારો તેઓ પર ગુજારવામાં આવ્યા હતાં.

સરદાર પટેલનાં અવસાન પછી નહેરુ સત્તાના મદમાં બેદરકાર અને બેફીકર બન્યા હતા. આથી કાશ્મીરનો પ્રશ્ન વણસી ગયો હતો. જમ્મુ-કાશ્મીરમાં હિંદુ પ્રજા પર અમાનુષી અત્યાચાર શરુ થઇ ગયો હતો. તે અટકાવવા ડૉ. શ્યામાપ્રસાદ મુખરજી કાશ્મીર ગયા, જ્યાં તેમની ધરપકડ કરવામાં આવી. ૪૦ દિવસના જેલવાસ દરમિયાન ડૉ. મુખરજીનું ભેદી સંજોગોમાં મૃત્યુ નીપજ્યું, અને ભારતમાતાએ એક પ્રખર રાષ્ટ્રભક્ત, અત્યંત સાહસી અને દીર્ઘદષ્ટા નેતા ગુમાવી દીધા.

ડૉ. મુખરજીના રહસ્યમય મૃત્યુ વિષે બંગાળ ભાજપના પૂર્વ અધ્યક્ષ શ્રી તથાગત રાય, 'અપ્રતિમ નાયકઃ ડૉ. શ્યામાપ્રસાદ મુખરજી' નામના પોતાના પુસ્તકમાં લખે છે કે,"નહેરુ ખુબ જ સજ્જન, દીર્ઘદ્રષ્ટા, ઉદાર, બાળકોને પ્રેમ કરનારા, સંવેદનશીલ, સૌન્દર્યના ઉપાસક, ભાવુક હતા તેવું ચિત્રણ કરવામાં આવ્યું છે પરંતુ, કાશ્મીરની જેલમાં ડૉ. મુખરજીના ભેદી મૃત્યુના પરિપ્રેક્ષ્યમાં તેમની આ છબીનો મેળ ખાતો નથી. સરદારના અવસાન બાદ ડૉ. મુખરજી નહેરુના સૌથી મોટા પ્રતિદ્વંદ્વી બની ગયા હતા તેથી તેમનો કાંટો કાઢી નાખવામાં આવ્યો હોય તેવી વાત સત્ય માનવાનું સ્વાભાવિક છે.

હકીકતમાં તત્કાલીન જનસંઘ (આજના ભાજપ) અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘે જ દેશને કોંગ્રેસની સરમુખત્યારી ચુંગાલમાંથી મુક્તિ અપાવી હતી અને કટોકટી વિરુદ્ધની લડતમાં અટલ બિહારી વાજપેયી, લાલકૃષ્ણ અડવાણી, આરએસએસના તત્કાલીન સરસંઘચાલક બાળાસાહેબ દેવરસજી અને આજના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સહિતના પ્રખર રાષ્ટ્રવાદી નેતાઓએ અહમ ભૂમિકા નિભાવી હતી. સરમુખત્યાર ઈન્દિરા ગાંધીએ જનસંઘ અને આરએસએસના એક લાખથી વધુ નેતાઓ, કાર્યકરોની 'મિસા' નામના કાળા કાયદા હેઠળ ધરપકડ કરી જેલમાં ધકેલ્યા હતા. નિર્લજ્જપણે બેમર્યાદ સત્તા બથાવી પાડીને તેનો અત્યંત બેશરમીભર્યો ગેરઉપયોગ કરવાની આ પરાકાષ્ટા હતી.

કટોકટીના અંધકારયુગમાંથી દેશવાસીઓને ઉગારવા માટે લોકનાયક જયપ્રકાશ નારાયણના નેતૃત્વ હેઠળ 'લોકસંઘર્ષ સમિતિ' રચવામાં આવી હતી જેમાં છેક ૧૯૨૫માં પણ દેશમાં હિંદુ જનજાગૃતિ ચળવળની આગેવાની લેનાર આરએસએસના હજ્જારો સ્વયંસેવકો જોડાઈ ગયા હતાં. તેઓનું એકમાત્ર લક્ષ્ય પ્રજાને ફરી એકવાર મુક્તિનો શ્વાસ અપાવવાનું હતું.

ચૂંટણી પ્રચાર ઝૂંબેશમાં સત્તા અને સરકારી તંત્રનો બેફામ દૂરુપયોગ કરવા બદલ અલ્લાહાબાદ હાઈકોર્ટે ૧૨મી જુન ૧૯૭૫ના રોજ ઈન્દિરા ગાંધીને દોષિત ઠેરવી તેમની ચૂંટણીને ગેરકાયદે અને રદબાતલ ઠરાવી હતી, તેમજ તેમનું લોકસભાનું સભ્યપદ ખૂંચવી લીધું હતું એટલું જ નહીં, છ વર્ષ માટે શ્રીમતી ગાંધીને કોઈપણ ચૂંટણી લડવા પર પણ પ્રતિબંધ મૂકી દીધો હતો. કોઈ દેશના વડાપ્રધાન સામે કોઈ અદાલતે આટલું આકરું વલણ અપનાવ્યાનો કદાચ આ સર્વપ્રથમ બનાવ હતો.

અલ્લાહાબાદ હાઈકોર્ટના ઉપરોક્ત ચુકાદાની દુનિયાભરમાં પ્રશંસા થઇ હતી. કોર્ટના ચુકાદાનો આદર કરીને વડાપ્રધાનપદેથી રાજીનામું આપવાની હોદ્દાને છાજે એવી ગરિમા દાખવવાને બદલે કોઈપણ ભોગે સત્તાની ખૂરશી નહીં છોડવાના બદઈરાદે પચ્ચીસમી જુનની મધરાતથી કટોકટી લાદી દેવાનું હીન કૃત્ય કોંગ્રેસી વડાપ્રધાને આચર્યું હતું. દેશવાસીઓને બંધારણે બક્ષેલા અધિકારો છીનવી લેતા કટોકટીના કાળા આદેશ પર ઈન્દિરા ગાંધીએ તેમના 'રબ્બર-સ્ટેમ્પ' રાષ્ટ્રપતિ ફખરુદ્દીન અલી અહમદ પાસે સહી કરાવી હતી.ચોથી જુલાઈ ૧૯૭૫ના રોજ સરમુખત્યાર ઈન્દિરા ગાંધીએ 'આરએસએસ' ની પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ મૂકી દીધો. પાંચમી જુલાઈના રોજ 'આંતરિક સુરક્ષા જાળવણી ધારો' (Maintanence of Internal Security Act - MISA) લાદવામાં આવ્યોઅને તેનો દુરુપયોગ કરીને કોંગ્રેસ માટે જોખમરૂપ જણાતા સંઘ અને સોશિયાલિસ્ટ પાર્ટીના સંખ્યાંબંધ નેતાઓ ઉપરાંત, હજ્જારો, લાખ્ખો લોકોને જેલમાં ધકેલી દીધા એટલું જ નહીં, તેઓ પર અમાનુષી અત્યાચારનો દોર શરૂ કર્યો હતો. ઈન્દિરાપુત્ર સંજય ગાંધી પણ માતાની માફક જ બેફામ બન્યા હતા, તેમના ઈશારે લાખો લોકોના ફરજીયાત નસબંધી ઓપરેશન કરવામાં આવ્યા હતાં. પ્રજાના લોકશાહી અધિકારોને કચડી નાખવામાં ચાવીરૂપ ભાગ ભજવનાર ઘણાં કોંગ્રેસી નેતાઓએ કોંગ્રેસ નેતૃત્વની યુપીએ સરકારના દસ વર્ષના શાસન દરમિયાન મંત્રીપદા ભોગવ્યા હતાં, કોંગ્રેસનો આ જ અસલી ચહેરો છે.

આરએસએસના તત્કાલીન સરસંઘચાલક બાળાસાહેબ દેવરસજીની સીધી દોરવણી હેઠળ સંઘના હજ્જારો સ્વયંસેવકો જયપ્રકાશ નારાયણની લોકસંઘર્ષ સમિતિમાં જોડાઈ ગયા; તેમાંના મોટાભાગના કાર્યકરો તેમના પરિવારના એકમાત્ર આધાર હતાં તેમ છતાં, દેશમાં લોકશાહી અધિકારોની પુનઃસ્થાપના માટે ગૃહત્યાગ કર્યો અને તેમના સ્વજનોએ પણ તેઓને હસતા મુખે વિદાય આપી હતી. ભારતમાં લોકશાહી પાછી લાવવાનો તેઓનો એકમાત્ર ધ્યેય હતો.

દેશ આખામાં પોણા બે વરસ સુધી સત્યાગ્રહની લડત ચલાવવામાં આવી, હજારો, લાખો લોકોએ ધરપકડો વહોરી લીધી, આરએસએસના ૨૩,૦૧૫ કાર્યકરોને 'મિસા' હેઠળ અટકાયતમાં લેવાયા, સત્યાગ્રહ બદલ ૪૪,૯૬૫ કાર્યકરોની ધરપકડ કરાઈ. લાલકૃષ્ણ અડવાણી તેમના એક પુસ્તકમાં નોંધે છે કે, કુલ ૧,૦૫,૦૦૦ અટકાયતીઓમાંથી ૨૫,૦૦૦ની તો કટોકટી લાદયાના પ્રથમ સપ્તાહમાં જ અને બીજા ૮૦ હજારની સત્યાગ્રહ દરમિયાન ધરપકડ કરાઈ હતી. આમાંથી ૭૦ સ્વયંસેવકો કેદખાનામાં મૃત્યુને ભેટ્યા પરંતુ, દમનના દોર સામે તેઓ ઝૂક્યા નહોતા.સ્વતંત્રતા માટેની આ બીજી લડત હતી. દેશભરમાં કટોકટી સામે વિરોધનો દાવાનળ ફાટી નીકળતાં અંતે સરમુખત્યાર ઈન્દિરા ગાંધીને ઘૂંટણીએ પડવું પડ્યું; ૨૧મી માર્ચ ૧૯૭૭ના રોજ તેમણે કટોકટી ઉઠાવી લેવાની જાહેરાત કરી. દેશમાં ફરી એકવાર લોકશાહી પ્રક્રિયાઓ આરંભાઈ, ચૂંટણીઓ યોજાઈ અને ઈન્દિરા ગાંધીનો, કોંગ્રેસનો કારમો પરાજય થયો. ઈન્દિરાની મનમાની સામે બળવો પોકારનાર કોંગ્રેસી નેતાઓએ કોંગ્રેસ સાથે છેડો ફાડીને 'સંસ્થા કોંગ્રેસ'ની રચના કરી હતી. મોરારજીભાઈ દેસાઈના નેતૃત્વ હેઠળ 'સંસ્થા કોંગ્રેસ', સોશિયાલિસ્ટ પાર્ટી અને જનસંઘના બનેલા 'જનતા મોરચા' ની સરકાર રચાઈ અને તે ખુબ સારું કામ કરી રહી હતી પરંતુ, ઈન્દિરા ગાંધીએ ગંદામાં ગંદી રાજનીતિ ખેલીને જનતા મોરચા સરકારને ઉથલાવી નાખી હતી. કોંગ્રેસના કાળાં કારનામાઓ એટલાં છે કે, લખીએ એટલું ઓછું પડે. —અસ્તુ.

**-મહેશ દોશી, પૂર્વતંત્રી, 'ફૂલછાબ' ઈ-મેઈલઃ m-doshi @hotmail.com**

## યુનાઈટેડ બાય સ્પોર્ટ : ભારતે ઓલિમ્પિક દિવસની ૭૦મી વર્ષગાંઠનો જશ્ન મનાવ્યો

નવી દિલ્હી

૨૩ જૂન ૨૦૧૮ના રોજ ૭૦મો ઓલિમ્પિક દિવસ મનાવવા અને આ વર્ષના થીમ 'યુનાઈટેડ બાય સ્પોર્ટ'ને અનુરૂપ રહેવા માટે ઈન્ડિયન ઓલિમ્પિક એસોસીએશન (આઈઓએ) પોતાના સભ્ય યુનિટ્સ તેમજ ઈન્ટરનેશનલ ઓલિમ્પિક કમિટીના સહયોગથી તમામ વયના હજારો લોકોને એકસાથે લાવ્યું હતું. અલગ અલગ ક્ષેત્રો સાથે સંકળાયેલા આ લોકોએ ભારતમાં આયોજિત રમતગમત પ્રવૃતિઓમાં રસ લીધો હતો.ઓલિમ્પિક દિવસ એક વાર્ષિક વૈશ્વિક સમારોહ છે જે ઓલિમ્પિઝમના જોશનો જશ્ન મનાવે છે અને દુનિયાભરના લોકોને રમતગમતનો આનંદ મેળવવા માટે તથા તેનો અનુભવ કરવા માટે પ્રેરિત કરે છે.આ વર્ષનું થીમ 'યુનાઈટેડ બાય સ્પોર્ટ'નું લક્ષ વય, જાતિ, ધર્મ અને રાષ્ટ્રીયતાથી પર રહીને રમતગમતની તાકાતને એકીકૃત કરવા પર પ્રકાશ પાડે છે.'ઓલિમ્પિક એથ્લીટ સમગ્ર દુનિયાને દર્શાવે છે કે એકબીજાનો મુકાબલો કરવો સંભવ છે, આ સાથે જ એક જ છત નીતે એક બીજાનું સન્માન કરે છે. આથી એથ્લીટ આપણા આદર્શો અને મૂલ્યો માટે આપણા સૌથી સારા એમ્બેસેડર્સ છે. તેમના ઉદાહરણો અપાય છે. આપણી નાજુક દુનિયાને દોસ્તી અને સહનશીલતાના એવા પ્રતીકોની અગાઉ કરતાં વધુ જરૂર છે.'રમતમાં ઝનુન, ટીમવર્ક, કમિટમેન્ટ, હાર તેમજ જીત દ્વારા લોકોને એક કરવાની તાકાત હોય છે. આ શરીર તેમજ મગજને એકસાથે સક્રિય રાખીને એક કરે છે. ઓલિમ્પિઝમની તાકાતનો જશ્ન મનાવીને એક કરે છે, જેથી લોકોના આરોગ્ય પર શારીરિક, માનસિક અને સામાજિક રીતે દરરોજ લાંબા સમય સુધી સકારાત્મક અસર આપી શકાય છે. સંબંધોનું નિર્માણ કરે છે અને તમામ વચ્ચે પારસ્પરિક સન્માનને પ્રોત્સાહન આપે છે.

<u>રજૂ કરે છે જીવનકાળ પછીની એક પ્રેમકથા</u>

## ઝી અનમોલની ચોરંગી નાટ્ય 'બંધન જનમ જનમ કા'માં પ્રેમની શક્તિને તેના ખરા અર્થમાં વર્ણવી છે




એવું કહેવાય છે કે, સાચો પ્રેમ અનંત છે, તે કોઈ મર્યાદાથી બંધાયેલો નથી, સમય કે યુગ પણ તેને બાંધી શકતા નથી. એકવાર સ્વર્ગમાં બનેલી જોડી હંમેશા સાથે રહે છે, કોઈપણ શક્તિ તેને અલગ કરી શક્તી નથી! જન્મો જનમના બંધનથી આગળ એવા અને ભવ્યતા તથા સમૃદ્ધિથી ભરપૂર પ્રેમની ઉજવણી લઈને આવી રહ્યું છે, ઝી અનમોલની નવી સિરિઝ 'બંધન જનમ જનમ કા'. ભવ્યતા, ઈર્ષ્યા, વેર, આકાંક્ષા, અસલામતી અને રહસ્યથી ભરપૂર આ શોમાં બે અલગ કલાકારો ગાયત્રી અને રાણા ઈન્દ્રવધન સીંધની વાર્તા છે જે શાહી મહેલની ચાર દિવાલોની પાછળની બધી ગતિશીલતા શોધે છે. શો ૨૫ જુન અને રાત્રે ૯.૩૦ વાગે દર સોમવાર થી રવિવાર પ્રિમિયર થશે.બંધન જનમ જનમ કા એ એક કલકારો થી ભરપુર એવી કથા છે જેમાં દ્રષ્ટિધામી ને અગ્રણી કલાકાર ગાયત્રીનો સમાવેશ થાય છે, એક એવી છોકરી જે મજબુત મનોબળ અને હંમેશા પોતાના હક માટે લડે છે. હેન્ડસમ સીદ્ધાર્થ કાર્નિક પુરષના મુખ્ય પાત્ર ભજવશે, રાણાજી ઈન્દ્રવદન સીંધની જોડી, જે અમરકોટના પરિવારના તીવ્ર રાજા છે. આ જોડીમાં જોડાય છે તે બીજું કોઈ નહીં પરંતું બોલીવુડ ક્લાકાર જેમને ૮૦ના દાયકાના મુવી થી દર્શકોનું મનોરંજન કર્યું છે, સુંદર દેખાતા અમન રાજ છે. ટેલીવીઝનના ચાહિતા દાદી સા, ગુણોના પાવરહાઉસ અને પીઠ કલાકાર સુરેખા સીકરી અને ખુબ જ ગુણવંત, રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા દર્શન ઝરીવાલા પણ આ જોડીઓમાં જોડાશે. બીજો રસપ્રદ ભાગ ભજવનાર મોહક મુન બેનર્જી અને લોકપ્રિય અભિનેતા અક્ષય આનંદ હશે.

## Cobx માસ્ટર્સની રોમાંચક અમદાવાદ ફાઈનલ, વિજેતાઓ માટે નેશનલ સ્પોટલાઈટ લાવી



૨૧ જૂન, ૨૦૧૮ ટીમો માટે વિજયનો દિવસ સાબિત થયા, રેકોનિંગ ઈસ્પોર્ટ્સ એન્ડ એલીમેન્ટ તરીકે અનુક્રમે ટીમો ડી૯ અને ડ્રેકરીસ સામે અનુક્રમે વિજય મેળવ્યો અને ડોટા ૨ અને સીએસ : ગો ફાઈનલ Cobx માસ્ટર્સ ૨૦૧૮ અમદાવાદમાં ફાઈનલ : ફેઝ ૧. ટુર્નામેન્ટ, ઈન્ડિયન ઈસ્પોર્ટ્સ ટુર્નામેન્ટમાં પોતાની તરફથી પ્રથમ વિજેતાઓને ઘરે ટ્રોફી અને રૂ. ૩૦,૦૦૦નો ચેક, ઝ્રહ્લટ મર્ચેન્ડાઈઝની સાથે. રનર્સઅપને રૂ.૨૦,૦૦૦ મળશે. આ ફાઈનલ બોડકદેવના ડીસ્ટ્રીક્ટ ૯માં આયોજીત કરવામાં આવી હતી અને બંને પ્લેયરો અને ગેમિંગ ઉત્સાહીઓની ઉત્સાહપૂર્ણ ભાગીદારી જોવા મળી હતી.ઓનલાઈન મંચ દ્વારા સ્પર્ધા કર્યા બાદ અને સેમી ફાઈનલ જીત્યા પછી, ટીમ રેકોનિંગ ઈસ્પોર્ટ્સ અને ટીમ ડી૯ના ડોટા ૨ અને ટીમ એલીમેન્ટ્સ અને ટીમ ડ્રેકરીસ સીએસઃગો ફેસ-૧ અમદાવાદ ફાઈનલ માટે ક્વોલિફાયર કરવામાં આવી, એક દિવસ શહેરના ગેમર્સ ઉત્સુકતાથી ઉત્સુક હતા કેમકે આ દેશના મુખ્ય ટુર્નામેન્ટોમાંથી એક છે. આ થ્રિલર ફાઈનલ ૩ વાગે શરૂ થઈ હતી, આ ગેમના રોમાંચ વચ્ચે રેકોનિંગ ઈસ્પોર્ટ્સ ડોટા ૨ ફાઈનલમાં ચેમ્પીયનની સ્થિતિમાં આગળ વધી રહી હતી. ટીમ ડી ૯ અને ટીમ ડ્રેકરીએ ઉપવિજેતાનું પદ સંભાળ્યું.વિજયી ટીમો ફેઝ- ૨માટે ક્વોલિફાઈ છે. અમદાવાદમાં ઈસ્પોર્ટ્સનું ચરણ વધી રહ્યું છે, ડિસ્ટ્રીક્ટ ૯ કાફે, એ લોન્ગ ગેમિંગ કાફે, આરથી ગેમિંગ કાફે, ઝોર્બા ગેમિંગ કાફે વગેરે આનું સૌજન્ય કરે છે.

## ડિજિટ ઈન્શ્યુરન્સે તેનું ભાગીદાર મૂળ વિસ્તાર્યું ફ્લિપકાર્ટ, એમેઝોન અને પોલિસી બઝાર સાથે હાથ મેળવ્યા

વીમાને આસાન બનાવવાનું લક્ષ્ય ધરાવતી નવા યુગની વીમા કંપની ડિજિટ ઈન્શ્યુરન્સે આજે ફ્લિપકાર્ટ અને એમેઝોન પર ખરીદી કરવામાં આવતા નવા મોબાઈલ્સનું રક્ષણ કરવા વિવિધ યોજનાઓ રજૂ કરવા અને પોલિસી બઝાર પર આંતરરાષ્ટ્રીય પ્રવાસ અને મોટર વીમા યોજનાઓ લેવા માટે ફ્લિપકાર્ટ, એમેઝોન અને પોલિસી બઝાર સાથે તેની ભાગીદારીની જાહેરાત કરી છે. આ યોજનાઓ ગ્રાહકોને પસંદગી કરવા અને તેમની વ્યક્તિગત જરૂરતો અનુસાર ગ્રાહકો માટે વિશિષ્ટતાઓની શ્રેણી ઓફર કરશે.ફ્લિપકાર્ટ મોબાઈલ પ્રોટેકશન પ્લાન બજારમાં હાલમાં મળતી મોબાઈલ પોલિસીઓ અને ગ્રાહકની અપેક્ષાઓ વચ્ચેનું અંતર દૂર કરવા માટે તૈયાર કરવામાં આવ્યા છે. પ્લાનના ભાગરૂપે ગ્રાહકો સ્ક્રીન હાનિના સંજોગોમાં ફોનના ઈનવોઈસ મૂલ્યના એકસમાન ૨૦ ટકા મેળવી શકે છે, જે ભારતમાં પ્રથમ છે અને દાવાની પ્રક્રિયા દરમિયાન ઝીરો ડિડક્ટિબલ, ઝીરો ડેપ્રિશિયેશન ફીચર છે, જેમાં ફોનનું ઈનવોઈસ મૂલ્ય ધ્યાનમાં લેવાય છે અને બજારનું વર્તમાન મૂલ્ય નહીં.એમેઝોનનો મોબાઈલ પ્રોટેકશન પ્લાન સ્ક્રીન હાનિ સહિત ચોરી, અકસ્માતી અને પ્રવાહી હાનિને આવરી લે છે અને વૈશ્વિક રક્ષણ, એડવાન્સ કેશ અને સ્માર્ટફોન અભિમુખ રિમોટ ડાયગ્નોસ્ટિક ટૂલ જેવી વિશિષ્ટતાઓ સાથે આવે છે, જે દાવાઓનો પતાવટ સમય નોંધનીય રીતે ઓછો કરે છે.ગ્રાહકો પોલિસી બઝાર થકી ઈન્ટરનેશનલ ટ્રાવેલ ઈન્શ્યુરન્સ પ્લાન ખરીદી કરી શકે છે. આંતરરાષ્ટ્રીય પ્રવાસ માટે ડિજિટે ૨૧૧ દેશોમાં ગ્રાહકોને આસાન ટેકો આપતું સૌથી વિશાળ આરોગ્ય અને પ્રવાસ વીમા નેટવર્કમાંથી એક એલિયાન્ઝ થકી સાથે ભાગીદારી કરી છે. બીજી બાજુ મોટર ઈન્શ્યુરન્સ પેકેજ ભારતમાં સૌપ્રથમ છે, જેમાં વીમા કંપની સમારકામ માટે એડવાન્સ કેશ ચૂકવે છે.

## એનટીપીસીએ મુંબઈમાં તેના ૧૬ મી વિદેશી ધિરાણકારોની બેઠક યોજી



એનટીપીસીએ મુંબઈમાં તેના ૧૬ મી વિદેશી ધિરાણકારોની બેઠક યોજી હતી. ભવિષ્યના વિકાસ યોજનાઓ અને ભંડોળની જરૂરિયાતો વગેરે માટે, નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ દરમિયાન ઓપરેશન્સ અને નાણાકીય કામગીરી કંપનીઓ વિશે વિદેશી બેંકો અને નાણાંકીય સંસ્થાઓને અપડેટ કરવાનું હતું.એનટીપીસીની કામગીરી અને ભાવિ વિકાસ યોજનાના વિવિધ પાસાઓના અંતર્ગત ડિરેક્ટર (ફાઈનાન્સ) કે શ્રીકાંત દ્વારા વિગતવાર રજૂઆત કરવામાં આવી હતી. આંતરરાષ્ટ્રીય ક્રેડિટ રેટિંગ એજન્સીઓ એસ એન્ડ પી, ફિચ અને મૂડીએ તેમના પરિપ્રેક્ષ્ય, કંપનીની ક્રેડિટ ગુણવત્તા, એપીએસી વિસ્તારમાં વીજ ક્ષેત્રના પ્રવાહો, ભારતીય વીજ ક્ષેત્ર વગેરેમાં શક્યતાઓ અને વિકાસ વગેરે રજૂ કર્યા..આશરે ૬૦ પ્રતિનિધિઓએ વિવિધ નાણાકીય સંસ્થાઓ, બેન્કોની બેઠકમાં હાજરી આપી હતી.

દિવ્યજ્યોત
અધ્યાત્મ, ધર્મ, ભક્તિને લગતાં સાહિત્યનાં અજવાળાં...

# સુવાક્યો

ઈમાનદારીથી કમાયેલું ધન મનુષ્યની સાત્વિક બુધ્ધિનો વિકાસ કરે છે.
સાચો માનવી એ જ છે, જે બુરાઉનો બદલો ભલાઈથી આપે છે.
અસત્ય બોલનાર અસત્ અર્થાત લુપ્ત થઈ જાય છે.
કોઈ મહાન વ્યક્તિ અવસરની કમીની ક્યારેય ફરિયાદ નથી કરતી.
મનુષ્યને બાદ કરતા બીજા કોઈપણ પ્રાણી ઈચ્છાશક્તિ નથી ધરાવતા
દુઃખની રાત પૂરી થયા પછી સુખનો સૂરજ ઉગે જ છે.
કોઈને ખુશી આપવાથી મળેલી ખુશી જ સાચી ખુશી છે.
ખુશીઓ વહેંચવાથી વધે છે..
અનશનથી વધીને કોઈ તપ નથી.



**આરાધના** — નાથાલાલ બ્રહ્મક્ષત્રીય

## લાગણીના અંકુર ફુટે ત્યારે માણસાઈ મહેંકે છે

વરસાદના ચાર છાંટા પડે કે ધરતીની ભીની માટી મહેંકી ઉઠે છે, સુકીભઠ્ઠ દેખાતી ધરતી ઉપર લીલાંછમ તરણાં ફુટે છે. જાણે કોઈ સુકોમળ કન્યાએ લીલી ઓઢણી ઓઢી હોય તેમ ખીલી ઉઠે છે. કળીઓમાંથી કુસુમ બનીને ફુલો પોતાની સુગંધનો પમરાટ ફેલાવે છે. પક્ષીઓ મધુર સ્વરમાં ગાન કરીને વગડાને ગજવી મુકે છે, સંવેદનશીલ સાહીત્યકારો આ ઘટનાને પરમાત્માની આપણા ઉપરની લાગણીનાં અંકુર તરી-કે જુએ છે.

પ્રકૃતિ અને પુરૂષ, એકબીજાનાં પુરક બને છે. પુરૂષ દ્વારા રક્ષાયેલી અને સંવર્ધિત થયેલી પ્રકૃતિ પણ પુરૂષને ગોદમાં લઈને તેનું લાલન પાલન કરે છે. આ બધાં લાગણીનાં તંતુઓથી જોડાયેલાં છે.

જો કુદરત પોતે પાપી કે પુણ્યશાળી એવા આપણે પાડેલા ભાગલા ભુલીને બધાને એકસરખો સૂર્યપ્રકાશ, એકસરખી ચંદ્રની શીતળ ચાંદની એકસરખો વરસાદ, ઠંડી, ગરમી હવા કે પોષણક્ષમ અનાજ આપે છે તો પછી આપણે આવા ભાગલા પાડીને કોઈની પ્રત્યે રાગ અને કોઈની પ્રત્યે દ્વેષ કેવી રીતે કરી શકીએ ?રાગ અને દ્વેષથી પર થઈને આ સૃષ્ટી ઉપર વિચરતા દરેક જીવધારીને મદદરૂપ થવાનો પ્રયત્ન કર્યો એ જ પરોપકાર છે એ જ સાચો માનવધર્મ છે.

જ્યારે આપણે આ રીતે 'સર્વજન હિતાય અવેજન સુખાય' ઉક્તિ મુજબ કામ કરવાનું શરૂ કરીશું ત્યારે કદાચ કોઈનો સહકાર મળે કે ના મળે, કોઈ ટીકા કરે કે પ્રશંસા કરે તેવું કશું જ વિચાર્યા વગર આપણે આપણા કામમાં મસ્ત રહીશું. બીજાઓને મદદરૂપ થવું એ જ આપણો જીવનમંત્ર હોવો જોઈએ તેમ વિચારીને વર્તીશું.

હિંદી સાહિત્યના મુર્ધન્ય સાહિત્યકાર મુન્શી પ્રેમચંદજીના સર્જનને વાંચીએ તો હીરા અને મોતી નામના બે બળદો બે ચાર વરસ સાથે રહેતા હોવાથી એકબીજાના સુખ દુઃખને સમજીને એકબીજાને મદદરૂપ થવા પ્રયત્ન કરે છે તેવી વાત કરી છે. આપણે તો બુધ્ધિશાળી માણસ છીએ તો આપણી જવાબદારી તો કાંઈક વિશેષ છે. થોડો સમય સાથે રહેનારાઓની લાગણીઓ સમજીને તેમના જીવનની સુખ દુઃખની ઘટનાઓ પ્રસંગ તેમને મદદગાર થવાનું છે.

પરોપકારનો અર્થ છે

અનુસંધાન પાના નં.૬ ઉપર

## અસક્તબુદ્ધિઃ સર્વત્ર જિતાત્મા વિગતસ્પૃહઃ । નૈષ્કર્મ્ય સિદ્ધં પરમાં સંન્યાસેનાધિગચ્છતિ ॥

ગીતાકારનો સ્પષ્ટ આદેશ છે કે જે સ્વભાવથી ઉત્પન્ન થયેલ કર્મ અર્થાત સહજ કર્મ સદોષ હોય તો પણ ત્યજવું જોઈએ નહીં. ભગવદ્ ગીતાની આ પરા ભક્તિ છે. કર્મોના આરંભનો દોષ એ આસક્તિ દોષ છે. આ દોષથી મુકત થવાનો ઉપાય છે અનાસકત થવું, નિસ્પૃહ થઈ જવું. હવે સંન્યાસ અર્થાત્ સાંખ્યયોગના અધિકારીનું વર્ણન કરતાં ભગવાન જણાવે છે કે :

અસકતબુદ્ધિઃ સર્વત્ર જિતાત્મા વિગતસ્પૃહઃ ।
નૈષ્કર્મ્ય સિદ્ધં પરમાં સંન્યાસેનાધિગચ્છતિ ॥ ૧૮-૪૯ ॥

'બધે-બધામાં સઘળા વિષયોમાં (સર્વત્ર) આસક્તિ રહીત બુધ્ધિવાળો (આસક્ત બુદ્ધિ) જેણે અંતઃકરણને જીત્યું છે એવો આત્મસંયમી (જિત આત્મા) સ્પૃહા વિનાનો, નિઃસ્પૃહ ભૌતિક ઈચ્છાઓથી રહીત મનુષ્ય (વિગતસ્પૃહઃ) સંન્યાસ વડે, કર્મત્યાગ દ્વારા સાંખ્ય યોગ દ્વારા (સંન્યાસેન) પરમ (પરમામ્) નિષ્કર્મ સિદ્ધિને મોક્ષ સિદ્ધિને (નૈષ્કર્મ્ય સિદ્ધિમ્) પ્રાપ્ત કરે છે-પામે છે. (અધિગચ્છતિ)'

કેવો પુરૂષ નૈષ્કર્મ્ય સિદ્ધિને પામે છે તે બતાવતાં ભગવાન કહે છે કે જેની બુદ્ધિ બધેથી આસક્તિ રહીત બની છે જેણે મન અને ઈન્દ્રીયોને જીત્યાં છે અર્થાત જે જીતેન્દ્રીય છે જેને કોઈ જાતની સ્પૃહા રહી નથી અર્થાત જે નિઃસ્પૃહ થયેલો છે તે મનુષ્ય સંન્યાસ વડે અર્થાત્ પરમાર્થ ભાવે નિષ્કામ કરતો કર્મબંધનથી મુકત થવા રૂપ પરમસિદ્ધિને પ્રાપ્ત થાય છે. એટલે કે ધન, સ્ત્રી, પુત્ર વગેરેમાં આસક્તિ વગરની બુદ્ધિવાળો વિષય માત્રમાં વિરકત થયેલો, અંતઃકરણને વશમાં રાખનારો, દેહ, જીવન તથા વિષયભોગોમાં તૃષ્ણા વિનાનો, શુદ્ધ અંતઃકરણવાળો અધિકારી પુરૂષ જ્ઞાનપૂર્વક કર્મ સંન્યાસ વડે નૈષ્કર્મ્ય સિધ્ધિને પામે છે.

શ્લોકના પૂર્વાર્ધમાં ત્રણ બાબતો બતાવી છેઃ અસકત બુદ્ધિઃ સર્વત્ર અર્થાત જેની બુદ્ધિ સર્વ જગ્યાએથી આસક્તિ રહીત છે એટલે કે દેશ, કાળ, ઘટના, પરીસ્થિતિ, વસ્તુ, વ્યક્તિ, ક્રિયા, પદાર્થ વગેરે કોઈમાં પણ બુદ્ધિ લોભાયમાન થતી નથી. 'જીતાત્મા' એટલે અંતઃકરણને વશ રાખનારો, આળસ પ્રમાદ વગેરેથી શરીરના વશમાં ન થવું, મન ઈન્દ્રીયો વગેરે પર વિજય પ્રાપ્ત કરનાર જીતાત્મા કહેવાય છે. 'વિગતસ્પૃહ' એટલે ભૌતિક ઈચ્છાઓ વગરનો જીવન ધારણ માટે જેની વિશેષ જરૂર હોય એવી ચીજોની સુક્ષ્મ ઈચ્છાઓનું નામ સ્પૃહા છે. સાંખ્યયોગનો સાધક જીવન નિર્વાહ સંબંધી ચીજોની પરવા કરતો નથી. આસકત બુદ્ધિથી જીતાત્મા અને જીતાત્મા થવાથી વિગતસ્પૃહ થવાય છે.

'સંન્યાસ' એટલે જ્ઞાનપૂર્વક કર્મો ત્યજી દેવાં. સર્વ કર્મોનો ત્યાગ, સાત્વિક ત્યાગ, નૈષ્કર્મ્ય સિદ્ધિ એટલે જીવન્મુક્તિ બ્રહ્મમાં અવસ્થિતિ, પરા ભક્તિ આવા પ્રકારનો અસકતબુદ્ધિ જીતાત્મા અને વિગતસ્પૃહ પુરૂષ સાંખ્યયોગ દ્વારા કર્મત્યાગ દ્વારા પરમ નૈષ્કર્મ્યસિદ્ધિને એટલે કે નૈષ્કર્મ્યરૂપ પરમાત્મ તત્વને પ્રાપ્ત થાય છે. ભગવાન અર્જુનને કહે છે કે તારા માટે સંન્યાસની કોઈ જરૂર નથી. તું જ્યાં છે ત્યાં જ કર્મ કરતાં કરતાં ફલાકાંક્ષાના ત્યાગથી જ તને સાચો ત્યાગ સિદ્ધ થશે. અર્જુન જેવા સર્વ સાધારણ બહિર્મુખ જીવોને માટે અર્થાત આપણા સૌના માટે સંપુર્ણપણે કર્મોનો ત્યાગ મુશ્કેલ છે અને અત્યંત તીવ્ર વૈરાગ્ય વગર કર્મોનો ત્યાગ કરે તો નૈષ્કર્મ્ય સિદ્ધિ પણ પ્રાપ્ત થતી નથી.

આથી અધ્યાત્મ-૩ ના શ્લોક ૪ માં કહ્યું છે કે માત્ર કર્મોનો ત્યાગ કરવાથી નૈષ્કર્મ્ય સિદ્ધિ પ્રાપ્ત થતી નથી અને કેવળ સંન્યાસથી અર્થાત કર્મનો સ્વરૂપથી ત્યાગ કરવાથી જ સિદ્ધી પામતો નથી. સર્વ સાધારણ મનુષ્યો તો ક્ષણભર માટે પણ કર્મનો ત્યાગ કરી શકે નહીં. આપણા જેવા સર્વ સાધારણ સૌ જીવો માટે તો નિષ્કામ કર્મ દ્વારા તેમજ ફલની આકાંક્ષાના ત્યાગ દ્વારા જ નૈષ્કર્મ્ય સિદ્ધિ પ્રાપ્ત થઈ શકે છે. આનો અર્થ એ થયો કે કર્મ સંન્યાસ નહીં પણ કર્મફળ પ્રત્યેની અનાસક્તિ મનુષ્યને પરમપદ તરફ લઈ જાય છે. એટલા માટે અધ્યાય પના શ્લોક પ માં કહ્યું છે કે, 'જે સ્થાન સાંખ્યથી પ્રાપ્ત થાય છે તે યોગથી પણ મળે છે. સાંખ્ય અને યોગને જે એક જુએ છે તે જ બરાબર જુએ છે.

**અધ્યાત્મ** — ૬૧૬ — પ્રિ.ડૉ.હેમરાજભાઈ આર.પટેલ

**જીવન દર્શન** — ભગવાનદાસ બંધુ

## આર્થિક રીતે નાના પણ ધાર્મિક રીતે સવાયા મોટા બનીને આ દુનિયામાંથી અલવિદા થયેલ થરાના ભાઈલાલભાઈ ઉર્ફે બચુભાઈ ઠક્કર-મુલાણી



આ જગતમાં આવેલા માણસનું મહત્વ માત્ર પૈસાથી જ નથી અંકાતું પરંતુ તેનાં પુણ્યશાળી કર્મો, મળતાવડો સ્વભાવ, પરોપકારી ભાવના, ઉદારતા, ધાર્મીક સત્કાર્યો, પરમાત્મા પ્રત્યેનો લગાવ એમ અનેક બાબતોને લઈને માણસનું મૂલ્યાંકન થતું હોય છે. કાંકરેજ તાલુકાના વરસડા ગામના વતની તેમજ પિતા ઈશ્વરલાલ નરભેરામ અને માતા શ્રીમતી દલછીબેન પરિવારમાં તા.૧૯-૬-૧૯૪૫ ના રોજ બાવળા ખાતે જન્મેલા અને થોડો સમય વરસડા ખાતે રહ્યા બાદ થોડો સમય રાધનપુર તાલુકાના પોરાણા ગામે રહી છેલ્લા ૪૭ વર્ષથી થરા ખાતે રહેતા ભાઈલાલભાઈ મુલાણી-ઠક્કર ઉર્ફે બચુભાઈ એક મળવા જેવા, માણવા જેવા અને જાણવા જેવા સર્વોત્તમ માણસ હતા. તા.૧૭-૬-૨૦૧૮ ને રવિવારે રાત્રે અચાનક હૃદયની બીમારીથી થરાની હોસ્પિટલમાં દાખલ થયા બાદ તા.૧૮-૬-૨૦૧૮ ને સોમવારની વહેલી સવારે હૃદયરોગના હુમલાથી આ દુનિયાને અલવિદા કરનાર બચુભાઈ ઠક્કર આર્થિક રીતે ખુબ જ નાના કહી શકાય તેવા વ્યક્તિ હતા પરંતુ સત્કર્મો અને ધર્મકાર્યોને લીધે તેઓ ખુબ જ મોટા વ્યક્તિ હતા અને તેથી જ તેમનું જીવન વંદનીય, અભિનંદનીય, અનુકરણીય, અનુમોદનીય અને પ્રેરણાદાયી હતું.

માણસ પાસે પૈસો કેટલો છે એ મહત્વનું નથી પરંતુ તેનામાં પ્રેમભાવના, પરોપકાર ભાવના અને પરમાત્મા પ્રત્યેનો લગાવ કેટલો છે. તે વધારે મહત્વનું છે. છેલ્લા અંદાજે ૧૭૮ ગુરૂવારથી થરામાં પૂજ્ય જલારામ બાપાનાં ભજનો થાય છે. જે તે વ્યક્તિના નિમંત્રણના આધારે આ ભજનો ખુબ જ ભાવથી જે તે વ્યક્તિના નિવાસસ્થાને ગવાય છે. આદરણીય બચુભાઈ ઠક્કર પૂજ્ય જલારામ બાપાનાં ભજનો ગાવામાં ખુબ જ સક્રિયતાથી રસ લેતા હતા. બચુભાઈને એક ભાઈ રમેશભાઈ અને ત્રણ બહેનો ગોદાવરીબેન, મંગુબેન અને વિજયાબેન એમ સરસ મજાનો પરિવાર જેમાંથી રમેશભાઈ અને મંગુબેન હયાત છે. કબીર સાહેબે જેમ વણતાં વણતાં આખી જીંદગી ભગવાનનું નામ લીધું તેમ બચુભાઈએ પણ દરજીકામ કરતાં કરતાં ભગવાનનું હરદમ સ્મરણ કરીને અલખનો એક તંતુ પરમાત્મા સાથે જોડયો હતો. તેમનો એકનો એક દિકરો રામજીભાઈ સાતેક વર્ષ પહેલાં પ્રભુને પ્યારો થયો હતો. તેમનાં ધર્મપત્ની સુભદ્રાબેન પણ ખુબ જ ભાવિક, મહેનતુ, પરિવારપ્રેમી અને પ્રભુ ભકત છે. નાનો માણસ પણ સત્કાર્યો થકી કેટલો મોટો બની શકે તે અનુભવ તો બચુભાઈ ઠક્કરની વિશાળ સ્મશાનયાત્રા ઉપરથી જ આવી શકે.'આણંદા કહે, કરમાનંદા, માણહે માણહે ફેર, એક લાખો દેતાં ના મળે ને એક ત્રાંબીયાના તેર' એવી જે વાત છે તેના ઉપરથી જ ખ્યાલ આવે કે બચુભાઈ જેવો માણસ થરા નગરને લાખો કરોડો રૂપિયા આપતાં પણ ના મળે. નિર્મળ સ્વભાવ, હસમુખો ચહેરો, નિખાલસતા, પરિવાર પ્રેમ, કર્મઠતા, સંસ્કારી પરિવાર, નિરંતર પ્રભુ ભક્તિ, જલારામ બાપા ઉપર અપાર લાગણી, સત્કાર્યોના સંગાથ પરોપકારી, પ્રભુ ઉપર વિશ્વાસ રાખનાર, બીજાની પ્રગતી જોઈને રાજી થનાર, પોતાની મસ્તીમાં જ મસ્ત રહેનાર, દુઃખો કે સંકટો સામે પણ બાથ ભીડનાર એવા બચુભાઈ ઠક્કરે આ જગતમાંથી વિદાય લીધી ત્યારે પરિવારજનો તો દુઃખી થયા જ પરંતુ સમગ્ર થરા તાણા નગર ઉપરાંત અનેક ધર્મપ્રેમી સ્વજનોએ પણ ઉંડો આઘાત લાગ્યો.

તેમની પાંચેય દિકરીઓ શ્રીમતી મીનાક્ષીબેન કીરીટકુમાર ઠક્કર (દિયોદર),શ્રીમતી સરોજબેન વસંતકુમાર ઠક્કર (થરા), શ્રીમતી પ્રીતીબેન મહેશકુમાર ઠક્કર (સુરત), શ્રીમતી સોનલબેન મુકેશકુમાર ઠક્કર (અમદાવાદ) અને શ્રીમતી લતાબેન ચંદ્રેશકુમાર ઠક્કર (ભાભર) પોત પોતાના પરિવારમાં જ ઉચ્ચ સંસ્કારોને લીધે ખુબ જ સારી રીતે સેટ થયેલ છે. આ પાંચેય દિકરીઓએ તેમના પિતા બચુભાઈ ઠક્કરને કાંધ આપી હતી અને સ્મશાનયગૃહમાં જઈ પોતાના પિતાને અગ્નિદાહ પણ આપ્યો હતો જે સમગ્ર સમાજ માટે પ્રેરણાદાયી ઘટના કહી શકાય. આર્થિક સંકડામણ હોવા છતાં પણ પાંચ પાંચ દિકરીઓને પારાવાર પ્રેમ અને ઉચ્ચ સંસ્કારો આપી તેમના જીવનનું સર્વોચ્ચ ઘડતર કરનાર બચુભાઈ ઠક્કર અને શ્રીમતી સુભદ્રાબેન સાચા અર્થમાં વંદન અને અભિનંદનના અધિકારી છે. બચુભાઈનું શ્વસુર ગૃહ પણ હારીજના આદરણીય રઘુરામભાઈ મુળજીભાઈ ગણાત્રા પરિવારના જયંતિભાઈ, મનુભાઈ સહિત સૌ કોઈ બચુભાઈના જીવનકાર્યમાં સંગાથે જ રહ્યા છે.

થોડાક દિવસ પહેલાં બચુભાઈને તેમની દીકરી મીનાક્ષીબેનના ઘેર દિયોદર જવાનું થયું ત્યારે પણ દીકરી સાથે વાત કરીને જલારામ બાપાનું એક નવું ભજન માગ્યું જેથી થરામાં ગુરૂવારે ગાઈ શકાય. દીકરી મીનાક્ષીબેને જલારામબાપાનું ભજન તો આપ્યું સાથે સાથે એનો રાગ પણ શીખવાડયો. પરમાત્માને એમ થયું કે લાવ બચુભાઈનું ભજન સાંભળવા તેમને સ્વર્ગમાં જ બોલાવી લઉં અને અચાનક જ બચુભાઈએ સ્વર્ગની વાટ પકડી લીધી. તા.૨૧-૬-૨૦૧૮ ને ગુરૂવારે બચુભાઈના નિવાસસ્થાને પૂજ્ય જલારામ બાપાનાં ભજન હતા ત્યારે પ્રહલાદભાઈ ઠક્કર, દિપકભાઈ અખાણી, દિનેશભાઈ સોની, પ્રવિણભાઈ ભગતની સાથે સાથે મને પણ બચુભાઈ વિશે બે શબ્દો કહેવાનો મોકો મળ્યો ત્યારે મને બચુભાઈની ઉદારતા, નિખાલસતા અને વિશાળતાનું સ્મરણ થઈ આવ્યું. થરા મારૂં વતન અને મારા મોટા ભાઈ અચરતભાઈ અને તેમના દીકરાઓ હર્ષદભાઈ અને નીરંજનભાઈને લીધે મારે પણ અવારનવાર ભજનોમાં જવાનું થાય ત્યારે અચુક બચુભાઈને મળવાનું થાય. એક મહામુલો, મોંઘેરો, મનભાવુક વ્યક્તિ આ દુનિયામાંથી વિદાય લે ત્યારે ખુબ જ મોટી ખોટ પડે છે. બચુભાઈ ઠક્કર માત્ર માનવ જ નહીં પરંતુ એક મહામાનવ હતા. સમય અને સંજોગો પ્રમાણે દરેકને પરમાત્મા પાસે વહેલા મોડું જવાનું જ છે પરંતુ બચુભાઈ ઠક્કર જે પ્રેમ, વિશ્વાસ અને મીઠાશ છોડીને ગયા છે તેનું નિરંતર સ્મરણ રહેશે. પૂજ્ય જલારામ બાપાના પરમ ભકત એવા સદગત બચુભાઈ ઠક્કરને કોટિ કોટિ વંદન અને અદબ તેમજ આદરપૂર્વક દિવ્ય શ્રદ્ધાંજલી.

**ભગવાનદાસ બંધુ મો. ૯૮૨૫૬ ૩૮૬૪૩**

## ધર્મ ન મિથ્યા રૂઢીઓ, ધર્મ ન મીથ્યચાર ! ધર્મ ન મિથ્યા માન્યતા, ધર્મ સત્યનો સાર !!

**ચિંતન** — યશપાલસીહ ટી.વાઘેલા

સતયુગમાંય 'સત્યની' પરીક્ષા થતી હતી તો કળીયુગમાં તો 'સત્ય' ની હાલત કેવી હશે એ તો સત્યના સહારે ચાલનારને જ ખબર પડે ને ?કોઈ બાબતમાં સાચું તો બોલી જ ન શકાય.હા. સાહેબ આ વિસ્તારમાં તમારા જેવું કાર્ય તો કોઈએ કર્યું જ નથી. બસ આ સાહેબોને અસત્ય જ વધુ ચાલે છે. ગત ગુરૂવારથી રાજયભરમાં ગ્રામ્યકક્ષાનો કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ યોજાવવાનો શરૂ થયો. શહેરી કક્ષાનો પણ યોજાશે. જેમાં વેકેશનમાં બાળકોને પ્રવેશ તો અપાઈ ચુકયો પણ નાટક તો કરવું જ પડે ને. ગત ગુરૂવારે રાજયના મુખ્યમંત્રી મંત્રીમંડળના મંત્રીઓ, ધારાસભ્યો, સાંસદો, અધિકારીઓ, કાર્યકરોની હાજરીમાં આ નાટકીય ઉત્સવ ઉજવણીની શરૂઆત થઈ. શાળાના બાળકોને બે કી.મી.ચાલીને કાળઝાળ ગરમીમાં શાળા પ્રવેશોત્સવ ઉજવવા લઈ જવાય તો એ શાળામાં શું કરવાનું ? અણઘડ વહીવટને પુરી એક અંધેરીને ગંડુ રાજા જેવા તઘલખી નિર્ણયોથી ખરેખર શિક્ષણનું સ્તર સુધરવાને બદલે કથળી રહ્યું છે. કન્યા કેળવણી શાળા પ્રવેશોત્સવમાં નેતાઓ, અધિકારીઓ જઈને વિધી પૂર્ણ કરે છે પણ સાચો દ્રષ્ટીકોણ રાખી શિક્ષણનું સ્તર સુધરે તેવા સુચનો કરે તે પણ જરૂરી છે. આજે ઈન્સ્પેકશન કરવા આવતા બીટ કેળવણી નિરીક્ષકો પહેલાં જ ત્રણસો વાઘછાપ માંગી લે છે. શરમ વગરની આ પદ્ધતિથી શિક્ષ-કો અજાણ છે ? આચાર્યની મજબુરી કેવી ? ટોપીઓ, બીટ કેળવણી નિરીક્ષકો, સીઆરસી બીઆરસી બધા જ અપડાઉન કરે છે .કોણ કોને કહે ? ભાજપના સાંસદ મનસુખ વસાવાને સત્યદર્શક શિક્ષણ હીતના નિવેદનને દંડવત પ્રણામ કરવા જોઈએ. બીજા બધા ખાતામાં ભ્રષ્ટાચારને નિષ્ક્રીયતા હશે તો ચાલશે પણ શિક્ષણ સંસ્થામાં તો થોડી પણ ન ચાલે. સાંસદ મનસુખ વસાવાએ એક શાળા પ્રવેશોત્સવ, કન્યા કેળવણી મહોત્સવમાં સત્યનો રણકાર પોતાને થયેલો અનુભવ સ્વરૂપે કરી નાખ્યો. જેમાં તેમણે કહ્યું કે, હું એક આંકડા (સટ્ટો) લખનારને મળ્યો હતો. તેણે કહ્યું કે, નર્મદા જિલ્લાના ૬૦-૭૦ ટકા શિક્ષકો આંકડા લખાવવામાં આવે છે. સરકારી શાળાના શિક્ષકો દારૂ પણ પીએ છે આવા શિક્ષકો બાળકોને શું સંસ્કાર આપવાના હતા ? સાંસદ મનસુખ વસાવાના દીર્ઘ અનુભવોને સત્યનિષ્ઠ નિવેદનને કોઈ રાજકીય કાવાદાવાનું સ્વરૂપ બનાવ્યા વગર દરેક સંસદ ધારાસભ્યો જિલ્લા તાલુકા પંચાયતના પ્રમુખો, ચૂંટાયેલા સભ્યો, રાજયમંત્રી મંડળના મંત્રીશ્રીઓ, પટાવાળાથી માંડીને ઉચ્ચ અધિકારીઓએ એકાદ દિવસ પોતાના વિસ્તારનું આવું કંઈક સાચું શિક્ષણ બાબતે બોલી તો જુએ. 'સાહેબ' શિક્ષણનું સ્તર ખરેખર નીચું જઈ રહ્યું છે જેની પાછળ સરકારનીનીતિઓ અને શિક્ષણની વધતી રાજકીય ડખલ જવાબદાર છે. જેના કારણે જ શિક્ષકોને છટકબારી મળે છે. સો, બસો કે તેથી વધુ કી.મી.દુરથી અપડાઉન કરવું સવારે ચાર વાગ્યાથી રાત્રીના બાર વાગ્યા સુધી ટયુશન કલાસીસો ચલાવતા મોબાઈલ મસ્તી, ચા, ગુટખા, તમાકુ અને સાઈડ બીઝનેસમાં વ્યસ્ત આજનો શિક્ષક બાળકોને શું ન્યાય આપી શકે ? જેને ગ્રેડ સીસ્ટમની ખબર સુધ્ધાં નથી. સોટી વાગે ચમચમ વિદ્યા આવે ધમધમની અને નાપાસ કરવાની પ્રથા બંધ થઈ. જે આપણે સરકારની નીતિના ભાગરૂપે ગણાવી શકાય પણ શાળાઓમાં શિક્ષણ કાર્ય નથી થતું એ સર્વ સ્વીકૃત વાત છે.કારણ કે શિક્ષણનું નિરીક્ષણ થતુંબંધ થયું છે. ટીપીઓ, બીટ કેળવણી નિરીક્ષકો, બીઆરસીઓ, સીઆરસીઓ પણ અપડાઉન કરતથાને ગુલ્લી મારતા જ આવ્યા છે. કોણ કોને કહે ? શિક્ષકની ભરતીથી માંડીને બધી પ્રક્રિયામાં ટુકડો નાખો તો જ કામ થાય છે. એટલે શિક્ષકો પણ હવે કામચોર બન્યા છે તેની પાછળ ઉચ્ચ અધિકારીઓની ભ્રષ્ટ નીતી જ જવાબદાર છે. સાંસદ મનસુખ વસાવા નિવેદન પછી તેમણે પોતાની એ ટકોરનો જવાબ પણ બહુ સરસ રીતે આપ્યો કે, મેં કોઈ રાજકીય ટીકા ટીપ્પણ નથી કરી પરંતુ શિક્ષણમાં જે બદી ઘુસી ગઈ છે ને મેં અનુભવી છે તેના નિચોડરૂપે જે મારૂં પોતાનું મંતવ્ય રજુ કર્યું છે. લોકશાહી છે ને તેમાંય પ્રજાનો ચૂંટેલો પ્રતિનિધી જ્યારે સત્યનો સ્વીકાર કરે ત્યારે ધન્યવાદ આજના સમયમાં ચોક્કસ આપવા જોઈએ. સાંસદ મનસુખ વસાવાને તકલીફ ચોક્કસ પડશે પણ તે ગણકારવી ન જોઈએ. આજે ચૂંટણી જીત્યા પછી તો લોકસેવક જે તે વિસ્તારનો કયાં રહે છે જ છે એને બાપડાને કયાંક ને કયાંક કોઈને કોઈ સ્વરૂપ દબાવવામાં જ આવે છે. અરે ગ્રામ પંચાયતનો ચૂંટાયેલો સભ્ય પણ સાચી રજુઆત તો કરી જ નથી શકતો. આ આપણી લોકશાહી છે. ખરેખર આ આપણા દેશની કમનસીબી છે. જ્યાં પ્રજાએ પોતાના વિસ્તારના સાચાં કામો કરાવતા રીબાવવું પડે છે ને ખોટાં કામો ઝડપી થઈ જાય છે. સ્મશાન સુધારણા, ખેત તલાવડી, દેવાનાબુદી, શૌચાલય, રોડ રસ્તા, સંજીવની,

અનુસંધાન પાના નં.૬ ઉપર

## ખપ પુરતી જ વાત

**શ્રદ્ધા અને સંસ્કાર**

**ગતાંકથી ચાલુ**

રાતનો વિરામ હોય છે, પણ વાતનો વિરામ કયારેય નથી હોતો. વિશ્વ આજે મોબાઈલના યુગમાં વાતોડીયું બની ગયું છે. પહેલાં તો એવું હતું કે, પાંચ ભેગા મળે અને વાતોનો યજ્ઞ પ્રારંભાય પણ આજે તો માણસ એકલોને એકલો વાતો કરે જ જાય. અરે ! એકલો વાત કરે એટલું જ નહીં, પણ એકલો ઝઘડે, એકલો હસે અને એકલો રડે પણ.

નકરી વાત જીવનની ભાત બદલી નાખતી હોય છે. ખપ પુરતી જ વાત જીવનમાં હરીયાળીનું સર્જન કરે છે. પોતાનું જીવન તો હરીયાળું બને જ સાથેની વ્યક્તિમાં પણ કાંઈક નવસર્જન થતું જ હોય છે.

પાયા વિનાની ઉભી થયેલી શબ્દોની ઈમારત કયારેક કડડભુસ થઈને નષ્ટ થતી હોય છે. અરે ! આ ઈમારતની ઓથ લઈને ઉભેલી અનેક વ્યક્તિઓની પણ લોથ નીકળી જતી હોય છે.

શક્તિનો સંચય કરવો છે તો નકામી વાતોને ટાળો.

કામની વાત જ બાહ્ય અને આંતરિક સૌંદર્યનું નિર્માણ કરતી હોય છે. દેલવાડાના દેરામાં 'વિમલવસહિ' માં દરેક શિલ્પમાં દેખાતું સૌંદર્ય લોકબત્રીસે ગવાઈ રહ્યું છે. આ સૌંદર્યથી આખું વિશ્વ પરિચિત છે. પણ તેના સર્જનહાર મંત્રીશ્વર વિમલના જીવનનું અદ્ભુત ગુણસૌંદર્ય ખુબ જ ઓછા લોકોથી પરીચિત છે.

મંદિરના સૌંદર્યથી જીવન મંદિરના સૌંદર્યનું અદકેરૂં મહત્વ છે. વિમલ મંત્રીના જીવનના અનેક પ્રસંગો અદ્ભૂત રંગોથી મઢેલા છે.

છતાં પણ એક પ્રસંગ તો વાહ વાહ પોકારાવી દે એવો છે. એટલું જ નહીં વિમલ મંત્રી પ્રત્યેની ચાહ પણ વધારી દે તેવો છે.

વિમલમંત્રી બાલ્યવયથી જ જીવનના પ્રાસાદનું ભવ્ય નિર્માણ કરવા લાગ્યા હતા. યુવાવયના ઉંબરે પ્રવેશ કરતા તો તેમનો જીવનપ્રાસાદ રમણીય અને કમનીય બની ગયો હતો. તનમાં રૂપસૌંદર્યનો ચંદ્રમા સોળે કળાએ ખીલ્યો હતો. કામદેવ સમી કાયા ધરાવતો યુવાન વિમલ સહુના આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો. તનના સૌંદર્યથી અનેકગણું મનનું સૌંદર્ય વિકસ્યું હતું.

એક દિવસ યુવાન વિમલ લીલીછમ હરિયાળીથી ભરપુર ઉદ્યાનમાં જઈ પહોંચ્યો. સહજભાવે ઉદ્યાનની શોભાને નીરખી રહ્યો હતો. કુદરતના કૌવતને માણતો હતો પણ તેની વિચારધારા કાંઈક જુદી જ દિશામાં આગળ વધી રહી હતી.

ક્ષેત્ર તો એકનું એક જ હોય છે પણ જ્યારે વનરાજી વિકસીત થઈને નયનોને રમાડનાર બને છે ત્યારે તે ઉપવનના નામે સુપ્રસિદ્ધ બને છે. જ્યારે વનસ્પતિ વિદાય લે છે

અનુસંધાન પાના નં.૬ ઉપર

## ભાગ્ય

**"જીંદગી વાટે નથી કિસ્મત કામની. ચાલનારા પહોંચશે ને દોડનારા થાકશે"**

જીંદગીનો રસ્તો કાંઈ ટ્રેનના પાટા જેવો સીધો સરળ નથી. કે જેના પર જીવનની ટ્રેન સીધી સડસડાટ ચાલ્યા કરે. જીંદગીનો રાહ તો સાગર તરફ જઈ રહેલી નદી જેવો વાંકો ચૂકો છે. ક્યાંક રેતાળ પ્રદેશ જેવો જે બધું પાણી ચૂસી લેવાનો હક ધરાવતો તો ક્યાંક વન પ્રદેશ જેવો જેની સાથે અનેક જાળં, જાખરાં કાંટા તો ક્યાંક સપાટ જમીન તો ક્યાંક કાંકરા વેરાયેલા. આવા વિચિત્ર રસ્તા પરથી વહેતી નદી સાગરમાં જઈને સાગરમય બની જવાને બદલે રણપ્રદેશમાં શોષાઈ જઈને નામશેષ જ થઈ જાય.

જીંદગીની રાહ પર પણ ક્યાંક સફળતાનાં પુષ્પો વેરાયેલાં છે તો ક્યાંક નિષ્ફળતાના કાંટા વેરાયેલા છે. આપણે સદા જીતનો જશ્ન મેળવવાના હિમાયતી છીએ. જીતનો જશ્ન સદા રહેતો નથી. ક્યાંક સમ્માનની પૂર્ણિમા છે, ત્યારે આપણને ખુશી થાય છે. તો અવગણનાની અમાસ પણ છે. અને અમાસ આવે ત્યારે હારી જઈએ છીએ. નિરાશ થઈ જઈએ છીએ. જીંદગીમાં ક્યાંક તંદુરસ્તીનું શિખર પણ છે, તો ક્યાંક રોગની ખાઈ પણ છે. આપણે બન્ને પરિસ્થિતિમાં સમાન રહેવાનું છે. ખુશી ને સમાવી લો અને દુઃખ ને સહી શકીએ. ક્યાંક શ્રીમંતાઈનું ઉદ્યાન છ, ધન સંપત્તિની સુગંધથી મોહિત થઈ જઈએ છીએ પરંતુ એ વાત પણ યાદ રાખવાની જરૂર છે. તો ક્યાંક ગરીબીનો ઉકરડો પણ છે. રસ્તે ચાલતા હોઈએ તો બગીચો પણ આવે અને ઉકરડો પણ આવે. આપણે બગીચો આવે ત્યારે સુગંધ ને માણીએ છીએ. અને ઉકરડો આવે ત્યારે નાક બંધ કરીએ છીએ. ક્યાંક વેરાન રણ પણ છે તો ક્યાંક મીઠા મધુર બગીચા પણ છે. આપણી જીવનની સરિતા કેવી રીતે અને ક્યાંથી વહે છે તેના ઉપર આધાર છે ક્યાંક યશનો સુર્યોદય તો અપયશનો સૂર્યાસ્ત પણછે. યશોગાન સાંભળવાના આદતી આપણા કાન યશથી તો ખુશ થઈ

અનુસંધાન પાના નં.૬ ઉપર

**સૌરભ** — બી.કે.નીતાબેન

### બનાસકાંઠામાં...

પાના નં .૧ ચાલુ

તમામ આયોજન પર પાણી ફરી વળ્યું.અને જીલ્લાવાસીઓનાં કરોડોનાં નુકશાન બાદ સરકાર હરકતમાં આવી પાંચ દીવસ ડેરા તમ્બૂ નાખી પરિસ્થિતિનો તાગ મેળવ્યો પરન્તુ ફરી આવી હોનારત ન સર્જાય તેં માટે સરકાર દ્વારા કોઈજ નવું આયોજન આ વર્ષે કરાયું નથી.વહીવટી તંત્ર દ્વારા નથી કોઈ બચાવ સામગ્રી કે નથી કોઈ ટિમો કૈ જે બચાવ કામગીરી કરી સકે માત્ર વહીવટી તંત્ર પાસે ટ્રેનિંગ લીધેલ સ્થાનિક ૯૦ યુવાનો ની ટિમ છે અને ટિમ પાસે માત્ર જેકેટ છે બાકી સરકાર દ્વારા ચાલુ સાલે પૂર હોનારત ને પહોચી વળવા માટે નું કોઈજ આયોજન નથી.વહીવટી તંત્ર દરેક વખતેં ચોમાસા પહેલા વહીવટી તંત્ર નાં આગોતરું આયોજન કરાયું હોવાના દાવા કરે છે ત્યાંરે. આ વખતેં પણ વહીવટી તંત્રનાં આવાજ દાવા છે વહીવટી તંત્ર કહે છે પૂર સમય ની પરિસ્થિતિમાં પહોચી વળવા અમારી પાસે તમામ તૈયારીઓ છે.સાથે શાળાઓમાં પણ આપત્તિ સમયે કઈ બાબતો ને ધ્યાને લેવી જે બાબતે શિબિર પણ યોજાઈ રહ્યાં છે.

વહીવટી તંત્ર દ્વારા આપદા ટિમ બનાવી ૯૦ યુવાનોને તાલીમ આપી છે જે યુવાનો ચોમાસામાં પૂર સમયે લોકો ને બચાવવામાં મદદરૂપ થઈ શકે તેં તાલીમબદ્ધ યુવાનો એ જણાવ્યું હતુ કે આગાઉ પૂરમાં પણ અમે રાહત બચાવ માં જોડાયા હતાં.

બનાસકાંઠા જીલ્લામાં પૂર સમયે વહિવટી તંત્રનાં તમામ દાવાઓ પોકળ સાબીત થતા આવ્યાં છે ત્યારે ચાલુ સાલે પણ વહિવટી તંત્રનાં દાવા કેટલા સફળ જાય છે તેં હવે આવનાર સમયે જ ખબર પડશે..

### પાલનપુરમાં...

પાના નં .૧ ચાલુ

ચાલવુ પણ મુશકેલ બન્યુ છે. બીજી બાજુ નાના બાળકો રમતા હોવાથી રોગચાળો ફાટી નિકળવાનો ભય રહે છે.

જેથી આ બાબતે સ્થાનિક રહીશો દ્વારા અવાર-નવાર પાલિકાને લેખીત તેમજ મૌખીક જાણ કરવામાં આવી હતી. પરંતુ કોઇ નિકાલ આવતો ન હતો. જેથી આજે સ્થાનિક મહીલાઓએ રણચંડીનું રૂપ ધારણ કરી તમામ મહિલાઓ પાલિકા કચેરી ખાતે ધસી આવી હંગામો મચાવ્યો હતો. તેમજ સ્થાનિક નગર સેવકોના વિરૂધ્ધમાં સુત્રોચ્ચાર બોલાવી વિરોધ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ પાલિકાના પદાધિકારીઓએ સફાઇ કરાવવાની ખાત્રી આપતા મામલો થાળે પડ્યો હતો. આ ઘટનાક્રમના પગલે ભારે ઉત્તેજના પ્રસરી જવા પામી હતી.

### પાલનપુર...

પાના નં .૧ ચાલુ

રાબડી પાદર ગામના અને હાલ પાલનપુરની દેવપુરા ખોડીયાર નગર સોસાયટીમાં રહેતા વિજયભાઇ મનુભાઇ જોષીની અટકાયત કરી તેમની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. આ કાર્યવાહીના પગલે હોટલોમાં સીસીટીવી કેમેરા ન રાખતા તેમજ શ્રમિકો અંગે પોલીસને જાણ ન કરતાં હોટલના સંચાલકોમાં ફફડાટ પ્રસરી ગયો છે.

### બનાસકાંઠા ભુસ્તરશાસ્ત્રીનો...

પાના નં .૮ ચાલુ

વર્ગ - ૧ તરીકે નિમણુંક થતા બનાસકાંઠા જિલ્લામાં ફરજના પ્રથમ દિવસે જ જિલ્લામાં થતી ખનિજ ચોરી અંગેની માહિતી મેળવીને કચેરીના સ્ટાફની ટીમો બનાવી ૨૧ જુનની રાત્રે જ જિલ્લાના વિવિધ સ્થળોએ ચેકીંગ કરી રેતી, માર્બલ અને કપચી જેવા ખનિજ ચોરી કરતાં ૧૦ (દશ) વાહનો પાલનપુર, ડીસા - ભડથ અને કાંકરેજ તાલુકાના ઉંબરી ખાતેથી ઝડપી પાડવામાં આવેલ હતા. જે તમામ વાહનો જપ્ત કરી રૂા.૨૧,૦૦,૦૦૦ ના દંડની વસુલાત શરૂ કરી છે. આગામી દિવસોમાં જિલ્લાના તમામ વિસ્તારોમાં સતત ચેકીંગ હાથ ધરી ખનીજ ચોરી દૂષણ સામે કડક કાર્યવાહી કરવામાં આવનાર હોવાનું જાણવા મળેલ છે.

### જુનાડીસા સહકારી...

અનુસંધાન ૩ નુ ચાલુ..

વધુમાં તેમણે ૩૫ લાખ જેટલુ મુદત વીતી બાકી ધિરાણ છે. જેથી મંડળીની ૧૬ વર્ષની શાખ ઉપર અસર પડશે. તેમ જણાવી બાકીદારોને સત્વરે ધિરાણ ભરપાઈ કરવાની અપીલ કરી હતી. ગામના ભામાશા દિલીપભાઈ બ્રહ્મભટ્ટ, વકીલ નજીરભાઈ ઘાસુરા, બનાસબેંકના મેનેજર જહાંગીરભાઈ ઘાસુરા, જગદીશભાઈ માળી, ડે. સરપંચ ફારૂકભાઈ દાણી, શ્રવણકાકા અનાવાડીયા, મુસાભાઈ ચાવડા, પૂર્વ સરપંચ મુકેશભાઈ અનાવાડીયા, અરવિંદભાઈ મોદી, ઈબ્રાહીમકાકા ઘાસુરા(જી.ઈ.બી.) એ પ્રાસંગિક પ્રવચનોમાં મંડળીની પ્રગતિને બિરદાવી મંડળી દ્વારા વધુમાં વધુ ગ્રામજનોને લાભ થાય તેવા પ્રયાસો કરવાની લાગણી વ્યક્ત કરી હતી. માત્ર પાંચ મિનિટમાં વ્યવસ્થાપક કમીટીની સર્વાનુમતે વરણી થતા ગામની કોમી એકતા ફરી એકવાર દીપી ઉઠી હતી. આ સભામાં યાસિનકાકા ઘાસુરા, રમેશભાઈ ભાટી,બાબુભાઈ બારોટ, સિકંદરકાકા કટકડી, ડાયાભાઈ અનાવાડીયા, બબાભાઈ પટેલ, સેંધાભાઈ પુનડીયા, મેવાભાઈ પુનડીયા, ઈશ્વરભાઈ પુનડીયા, દેવાભાઈ છત્રાલિયા, ગોપાળભાઈ મોદી, અસલમ ઘાસુરા, સુરેશ પ્રજાપતિ વગેરે હાજર રહ્યા હતા. છેલ્લે આભારવિધિ રમેશભાઈ અનાવાડીયાએ જ્યારે સભાની વ્યવસ્થા મંત્રી રાકેશ માળી અને ક્લાર્ક સુરેશ મોદીએ સંભાળી હતી.

### ભીલડી મેર્કેન્ટાઈલ...

અનુસંધાન ૩ નુ ચાલુ..

જાહેરાતને વધાવી લીધી હતી. આ પ્રસંગે વાઈસ ચેરમેન ભગવાનભાઈ પંડ્યા, નવી ભીલડી સરપંચ મહેશભાઈ મોદી, જુ.ભીલડી સરપંચ મનુભાઈ જોષી, ર્ડા. કે.કે.પટેલ નારણભાઈ દવે, ભવાનીશંકર મહેશ્વરી, વિજયસિંહ રાઠોડ, પ્રકાશભાઈ શાહ, મહેન્દ્રભાઈ જોષી, ભીખાભાઈ દેસાઈ, હંશાકાકા સુથાર, રમેશભાઈ (ધનાસરા) મલાભાઈ દેસાઈ, શૈલેષભાઈ ઠક્કર, રાજુભાઈ (બ્રહ્મભટ્ટ) જામનદાસ મહેશ્વરી, રામશીભાઈ પટેલ, લાલીજીમામા સ્વરૂપજી ઠાકોર, રઘુભાઈ રાજગોર હાજર રહ્યા હતા અંતમાં આભારવિધી રાજુભાઈ બારોટે કરી હતી.

### થરાદના વાડીયામાં...

અનુસંધાન ૩ નુ ચાલુ..

અંકિત થતાં ગામની ૭ દીકરીનાં સમૂહલગ્ન અને ૧૭ની સગાઇનીવિધિ યોજાઇ હતી.એવા જ ભુતકાળના એ પ્રસંગની યાદ તાજી થતાં મંચની મદદથી વાડીયાની રાજેશ્વરી અને મુનીબેન નામની બે દિકરીઓએ સમાજના રિતરીવાજ મુજબ ૨૩ જુનના રોજ લગ્ન યોજાયાં હતાં.રાજેશ્વરીનાં થરાદ તાલુકાના દિદરડા અને મુન્નીબેનનાં ગામમાં જ ધામધુમથી લગ્ન કરવામાં આવતાં બંન્ને દિકરીઓએ પોતાના નવા જ જીવનમાં પ્રવેશી ગૃહસ્થીજીવનની શરૂઆત કરી હતી.તે પુર્વે ગત સોમવારે બંન્ને કન્યાઓ માટે જાન લઈને આવવાનાં વેવાઈઓને લગ્ન લખીને મોકલાતાં કન્યાઓને પાટે બેસાડવા સહિતના સામાજિક પ્રસંગો ઢોલના ધબકારે ધામધૂમપૂર્વક ઊજવાયા હતા. વિચરતા સમુદાય સમર્થન મંચના પ્રમુખ મિત્તલબેન પટેલે શોસ્યલ મિડીયા પર સહયોગની ટહેલ નાંખતાં અનેક દાતાઓએ છુટા હાથે દાનની સરવાણી વ્હાવી હતી.જેનાથી દિકરીઓને તમામ પ્રકારનો કરીયાવર આપવામાં આવ્યો હતો.સમાજ સેવિકા શારદાબેન ભાટીએ જણાવ્યું હતું કે વાડીયાની ચાર દિકરીઓનાં પરિવાર દ્વારા અગાઉ પણ લગ્ન કરાયાં હતાં.જે પૈકી બે પાલનપુરમાં યોજાયાં હતાં.અત્રે ઉલ્લેખનીયછેકે વાડીયા ગામની જુની પરંપરામુજબ પરિવાર દ્વારા પેટનો ખાડી પુરવાની મજબુરી હોવાના કારણે અનિચ્છાએ પણ જે દિકરીને વેશ્યાવૃતીના અનૈતિક વ્યવસાયમાં ધકેલવાની હોય તેની સગાઇ કરવામાં આવતી નથી.આમ સમાજસેવિકા શારદાબેનના સતત પ્રયાસો અને વિચરતા સમુદાય સમર્થન મંચની આર્થિક મદદ થકી વાડીયાના લોકોની આ નૈતિક અધઃપતનના કાદવ રૂપી કલંકિત એવા અનૈતિક વ્યવસાય પ્રત્યેની વિચારસરણીમાં પણ ખાસ્સો બદલાવ આવ્યો છે. જે દિકરીઓનાં લગ્ન કરીને સાસરે મોકલાયાઓની ઘટનાઓ જ સાબિતી આપે છે.

### ધાનેરાના આલવાડા..

પાના નં .૮ ચાલુ

''ટોક ઓફ ધી ટાઉન'' બનતા ધાનેરા તાલુકાના સરપંચો ભેગા થઈ પત્રકારોને બોલાવી તેમને પણ સાચી ઊંડી તપાસ કરી સત્ય હકીકત છાપવા જણાવેલ તથા પી.આઈ.ને આવેદનપત્ર સરપંચ એસોસીએશનના પ્રમુખ દેવડા કમળાબેન ગેનસિંહજીની આગેવાની હેઠળ આપી લક્ષ્મણસિંહજી, ચૌધરી તળસાભાઈ વગેરેએ જણાવેલ કે પ્રતિષ્ઠિત વ્યક્તિને બદનામ કરતાં પહેલાં સંપૂર્ણ તટસ્થ તપાસ કરવામાં આવે અને આમાં રાજકારણ સામેલ ન થાય તેમજ કોઈપણ મુદ્દાની ચકાસણી પહેલા ગામના આગેવાનો સાથે નિષ્પક્ષ ચર્ચા કરવામાં આવે અને તેમના જવાબો લેવામાં આવે તેમજ જે બેને ફરિયાદ આપેલ છે. તેમની વાસ્તવિકતા શું છે? તેની તપાસ કરવામાં આવે તે ઉપરાંત આ ફરિયાદ બાબતે આગામી ભૂમિકા તપાસવી અને સ્પષ્ટ મંતવ્ય લઈ સત્ય બહાર લાવવા વિનંતી કરી હતી.

### હિન્દૂ યુવા સંગઠન..

પાના નં .૮ ચાલુ

મુઘલ પાસેથી મરાઠા પ્રદેશ જીતી લીધો હતો. ભારતમાં અને ખાસ તો મહારાષ્ટ્ર અને ગુજરાતમાં તેમની એક વીરપુરુષ તરીકે ગણના થાય છે અને ઘણી દંતકથા અને લોકકથા પણ તેમના માટે પ્રચલિત છે. છત્રપતિ શિવાજી મહારાજ આજના દિવસે જ સિંહાસન પર બિરાજ્યાં હતા અને એટલા જ માટે હિંદુ ધર્મના લોકો આજના દિવસને મંગલ દિન તરીકે ઉજવે છે. ત્યારે આજે ડીસા શહેરમાં કાર્યરત હિંદુ યુવા સંગઠન દ્વારા શહેરના ફુવારા સર્કલ નજીક શિવજીની પ્રતિમાની સ્થાપના કરીને ફુવારા સર્કલનું નામ શિવાજી સર્કલ રાખવાની માંગ કરી છે.

# પ્રવેશથી વંચિત બાળકોને લઇ રાજ્ય સરકારે હાથ ઉંચા કર્યા

અમદાવાદ

આરટીઇ હેઠળ ગરીબ અને જરૂરિયાતમંદ બાળકોને પ્રવેશ અપાવવા મામલે ગુજરાત હાઇકોર્ટમાં થયેલી પિટિશનમાં આજે રાજય સરકારે સોગંદનામું રજૂ કરી હજુ પ્રવેશથી વંચિત રહેલા ૪૫,૫૩૨ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની જવાબદારીમાંથી હાથ ઉંચા કર્યા હોવાનો ગંભીર આક્ષેપ અરજદાર સામાજિક કાર્યકર ચંદ્રવદન ધ્રુવ દ્વારા કરવામાં આવ્યો છે. અરજદાર ચંદ્રવદન ધ્રુવ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, રાજય સરકારે આજે ગુજરાત હાઇકોર્ટમાં આ કેસમાં જરૂરી સોગંદનામું રજૂ કરી જણાવ્યું કે, પ્રાથમિક શિક્ષણ નિયામક કચેરીને રાજયભરમાંથી આરટીઇ હેઠળ પ્રવેશ અંગેની કુલ ૧,૮૭,૬૬૦ અરજીઓ મળી હતી, તેમાંથી ૧,૪૭,૭૫૩ અરજીઓ ગ્રાહ્ય રાખવામાં આવી હતી. જેમાંથી ૧,૨૮,૮૮૧ અરજીઓ રિસિવીંગ સેન્ટર દ્વારા મંજૂર કરાઇ છે. તેમાંથી ૧,૨૫,૭૮૪ વિદ્યાર્થીઓના પ્રવેશ ડીપીઇઓ દ્વારા મંજૂર કરવામાં આવ્યા છે. આ પૈકીના ૮૦,૧૬૫ બાળકોના સ્કૂલમાં પ્રવેશ ફાળવાયો છે, જયારે બાકીના ૭૨,૨૯૪ વિદ્યાર્થીઓને પ્રવેશ મળ્યો નથી. અરજદાર ચંદ્રવદન ધ્રુવ દ્વારા વધુમાં જણાવ્યું કે, અમો અરજદારે પિટિશનમાં ૪૫,૫૩૨ વિદ્યાર્થીઓને પ્રવેશ અપાવાનો બાકી હોવીન જે આંકડાકીય માહિતી રજૂ કરી તે આરટીઇગુજરાત.ઓઆરજી સરકારની વેબસાઇટ પરથી જ મેળવીને રજૂ કરી છે., તેમછતાં સરકારે આ બાળકોના પ્રવેશ માટે બીજો રાઉન્ડ જાહેર કરવાની અમારી માંગણીને આધાર પુરાવા વિનાની અને અસ્થાને ગણાવી છે. જો સરકારના સોગંદનામા પ્રમાણે આંકડાકીય માહિતી ગણતરી કરીએ તો, ૧,૮૭,૬૬૦ અરજીઓમાંથી ૧,૨૫,૭૮૪ બાળકોને જ પ્રવેશ ગણીએ તો, બાકી રહ્યા ૬૧,૮૭૬ એટલે કે, આટલા વિદ્યાર્થીઓ હજુ પ્રવેશથી વંચિત રહ્યા છે. આમ, ડેપ્યુટી ડાયરેકટર દ્વારા સંતોષજનક જવાબ રજૂ કરાયો નથી. સરકારના સોગંદનામા પરથી જ સ્પષ્ટ થાય છે કે, સરકાર પોતે જ નબળા અને પછાત વર્ગના બાળકોને આરટીઇ એકટની કલમ-૧૨(૧)(ક) હેઠળ પ્રવેશ આપવાની જોગવાઇનું પાલન કરવા તૈયાર નથી.

# વિટામિન-ડીની ઉણપ પુરુષોમાં પ્રોસ્ટેટના કેન્સરને આમંત્રે છે

વિટામિન-ડીની ઉણપ એ અનેક પ્રકારની સ્વાસ્થ્યને લગતી સમસ્યાઓને આમંત્રણ આપે છે. તે સર્વવિજ્ઞા બાબત છે. જોકે, તાજેતરમાં થયેલ સંશોધનમાં એવો ખુલાસો થયો છે કે, વિટામિન-ડીની ઉણપથી પુરુષોમાં કેન્સરની શક્યતા પણ વધી જતી હોય છે. તાજેતરમાં વૈજ્ઞાનિકો દ્વારા કરવામાં આવી રહેલ એક સંશોધન દરમિયાન જાણવા મળ્યું છે કે, વિટામિન ડીની ઉણપથી પુરુષોમાં પ્રોટેસ્ટ કેન્સરની ગંભીરતા વધારે રહે છે.

આ સંશોધન એટલા માટે મહત્વપૂર્ણ છે કે, અત્યાર સુધી માત્ર એમ માનવામાં આવતું હતું કે, વિટામિન ડીની ઉણપથી માત્ર સ્વાસ્થ્યને લગતી સામાન્ય તકલીફો જ થતી હોય છે. જોકે, આ ગંભીર બાબતને લઈ હવે ચિકિત્સકોને સારવાર માટે નવી પદ્ધતિઓ વિકસાવવા માટે મદદ મળશે. ચિકિત્સકો હવે એ વિચાર કરી શકશે કે પ્રોસ્ટેટ કેન્સરથી પીડિત વ્યક્તિની વિટામીન ડીની સમસ્યા દૂર કરવામાં આવે. જો વિટામિન ડીની સમસ્યા દૂર કરવામાં આવે તો તેને કેન્સરની પણ સારવાર કરી શકાય તેમ છે.

અમેરિકાની ફિનબર્ગ સ્કુલ ઓફ મેડિસીન દ્વારા કરવામાં આવેલ આ સંશોધનના મુખ્ય લેખક એડમ મુર્ફીએ જણાવ્યું હતું કે, વિટામિન ડીની ઉણપ એ એક બાયોમાર્કરના રૂપમાં પ્રોસ્ટેટ કેન્સરની ભવિષ્યવાણી કરી શકે છે. મુર્ફીએ વધુમાં જણાવ્યું હતું કે, વિટામિન ડીને હાડકા સંબંધિત અને અન્ય બીમારીઓ માટે એક બાયોમાર્કર માનવામાં આવે છે. જેથી દરેક પુરુષોએ પોતાના શરીરમાં વિટામિન ડીની તપાસ સમયસર કરાવવી જ જોઈએ. તેમજ જો શરીરમાં વિટામિન ડીનું પ્રમાણ ઓછુ જણાય તો તેને તાત્કાલિક કંટ્રોલમાં કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. નહી તો વિટામિન ડીની આ ઉણપ તમારા માટે જીવલેણ પણ સાબિત થઈ શકે છે. આ સંશોધન ક્લેનિકલ ઓફ ઓન્કોલોજી નામના જનરલમાં પ્રકાશિત થયું છે.


રખેવાળ ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

**'જન્મદિન મુબારક' માં ભાગ લેવા આટલું કરો**

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.

★'રખેવાળ' માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.

કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરોક્ષ અવશ્ય મોકલવી.

★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

**જન્મદિન મુબારક**

નામ :........................ પતિ/પિતા :........................
માતા : ........................જ.તા. ................ઉ.વ.
પરિચયઃ ..................................................
સરનામુ : ..................................................
મોકલનારની સહી : ........................................


### આરાધના

અનુસંધાન ૫ નું ચાલુ

બીજાઓની ભલાઈ. આપણો ધર્મ છે કે આપણે એકબીજાનું હિત કરવાનું સતત વિચારીએ અને તેને સમય આવ્યે આચરણ કરીને દાખલો બેસાડીએ. મનુષ્ય જીવનની સાર્થકતા આમાં જ રહેલી છે. કારણ કે આપણે સમાજમાં રહેવા ટેવાયેલા છીએ. માતાના ગર્ભથી લઈને પંચભુતના ગર્ભમાં સમાઈ જવા સુધીની યાત્રામાં આપણે અનેક લોકોની મદદ વડે જ પોષાયા છીએ. એકબીજાના સહયોગ વડે જ જીવી શકાય છે. એકબીજાને મદદરૂપ થનારાઓ પોતે આંતરિક આનંદની અનુભૂતિ કરી શકે છે. જેટલો સમય આપણે બીજાઓની લાગણીઓ સમજીને તેને મદદ કરવામાં ગાળીએ છીએ એટલો સમય આપણે ભગવાનથી નજીક છીએ તેવો સંતોષ અને આનંદ થાય છે તે જ મુક્તિનો આનંદ છે.

ચાલો આજથી સંકલ્પ કરીએ હું કોઈપણ જાતના સ્વાર્થ વગર અન્યને મદદરૂપ થવાનો પ્રયત્ન કરીશ. કારણ કે જનસેવા એ જ પ્રભુસેવા છે. તે વિચાર દ્રઢ કરીશ અને તે પ્રમાણે જ વર્તીશ.

**નાથાલાલ બ્રહ્મક્ષત્રિય**

### ચિંતન...

અનુસંધાન ૫ નું ચાલું

દુધ, બીપીએલ, અંત્યોદય જમીન, મકાન જેવી બધી યોજનાઓમાં ભ્રષ્ટાચાર ચરમ સીમાએ હશે તો ચાલશે પણ શિક્ષણમાં તો નહીં જ ચાલે. આપણા પાણી પુરવઠા રાજય મંત્રી વર્ષોના રાજકીય સામાજીક નીચોડના ભાગરૂપે કયાંક પ્રવેશોત્સવમાં બોલ્યા જ્ઞાન અને ટેકનોલોજીના સમયમાં બાળકને અભણ રાખવું એ મહાપાપ છે. કોઈપણ વ્યક્તિ, સમાજ કે રાષ્ટ્રનો વિકાસ શિક્ષણ વિના શકય જ નથી. સાંસદ મનસુખ વસાવા અને પાણી પુરવઠા રાજયમંત્રી પરબતભાઈ પટેલની વાતમાં કંઈક તો લોકશાહીને ઉજાગર કરે તેવી સત્ય વાત છે. પવિત્ર યાત્રાધામ મા અંબાના ધામ અંબાજીમાં રાજય યાત્રાધામ વિકાસ મંત્રી વિભાવરીબેન દવેએ સ્વચ્છતા અભિયાનના ઉત્સાહમાં જે સ્થિતિ જોઈને બોલ્યા ચાર કરોડ તો અંબાજીમાં સ્વચ્છતા પાછળ ખર્ચ થાય છતાં અંબાજીધામ ગંદકીમાં ગરકાવ છે. આવું આખા રાજયમાં આ સ્થિતિ છે. સરકારી વિકાસલક્ષી ગ્રાન્ટો કોન્ટ્રાકટરો, અધિકારીઓને વચેટીયાઓ ચાઉ કરી રહ્યા છે. આવું સાચું નિરીક્ષણ કરે કોણ ? મનસુખ વસાવા પરબતભાઈ પટેલ, વિભાવરીબેન દવેની હૃદયની વાતને ખોટી પાડવાને બદલે ચિંતન-મનન કરવાની જરૂર છે કે કયાંક તો ખામી છે ? શું શાસનમાં બેઠા તો સાચું બોલી જ ન શકાય. ભુપેન્દ્રસિંહ આઈ કે કયાં સુધી બની રહેશો ? રાજય રાષ્ટ્રને પ્રજાહીતના રક્ષક હોવાના નાતે થોડું સત્ય બોલવામાં કંઈ ઉની આંચ નહીં આવે ને આવશે તોય શું લુંટાઈ જશે ? સાત પેઢી ખાય તેટલું.. જવા દો.. શિક્ષણમાં આપણા બનાસકાંઠામાં પણ સાંસદ મનસુખ વસાવાએ ઉચ્ચારેલા શબ્દો જેવી સ્થિતિ છે. સાચું બોલવાવાળો કોઈ મર્દ નથી. શેતરંજી સાધનોને વર્ગખંડ બાંધકામ સંજીવની દુધ, મધ્યાહન ભોજન, રીપેરીં ભથ્થાં જેવી ગ્રાન્ટના પૈસા ચાઉ થશે તો ચાલશે પણ વર્ગખંડના શિક્ષણમાં જે ગેરરીતિ ચાલી રહી છે ને ભાવિ પેઢીને અજ્ઞાનતાની ખાઈમાં ધકેલવા જે પ્રયત્નો થાય છે તેને સહન કરવાની જરૂર નથી. શિક્ષકો ચૂંટણી, વસ્તી ગણતરી ને બીજી રાષ્ટ્રીય કામગીરી કરવામાં બોજ સમજે છે ને તાલુકા, જિલ્લા પંચાયતોમાં કલાર્ક દલાલની કામગીરીમાં ગૌરવ અનુભવે છે. શાળા સમય દરમ્યાન ગુલ્લીબાજી સાઈડ બીઝનેસ, મોબાઈલ મસ્તી ને ગૌરવ માને છે. કેટલાક શિક્ષકોને તો મામલતદાર, ટીડીઓ, ડીપીઓ, ઓફિસમાં વહીવટી કામગીરીની બહુ મોટી સિદ્ધિ મળી છે કે વધુ નથી કહેવું હું પણ શિક્ષણમાં પડેલો છું. વર્તુળ પણ શિક્ષણનું રચાયેલું છે છતાં સાચું કહેવામાં જરાય ક્ષોભ તો નથી. રાષ્ટ્ર-રાજયના હીતમાં સાચું બોલવું જોઈએ. આ સત્યતા એ ભારત માતા કી જય ઘોષ બોલાવવાથી વિશેષ ચડીયાતી છે. પ્રાથમિક-માધ્યમિક -ઉચ્ચ. માધ્યમિક શાળાઓમાં વેપારીકરણ થઈ ગયું છે ને કોલેજ તો ફકત નામની જ વિદ્યાર્થીઓને કોણ શિક્ષણ આપે છે ? જરા તપાસ તો કરો ? શિક્ષણમંત્રી સાંસદ મનસુખ વસાવાની વાતને ખોટી છે તેવું કહીને પોતાની જવાબદારીમાંથી ભલે છટકતા હોય પણ રાજયના છેવાડાના ગામડાઓમાં શિક્ષકોની ગુલ્લીબાજી, અપડાઉન, ટયુશન, વ્યસન, મોબાઈલ મસ્તીનું સાચું નિરીક્ષણ કરો પછી જ મનસુખ વસાવાના નિવેદનનો રદીઓ આપજો.અસ્તુ...

**યશપાલસીંહ ટી. વાઘેલા મો.૯૪૨૮૬૭૮૬૯૯**

### સૌરભ...

અનુસંધાન ૫ નું ચાલું

જાય છે પણ જ્યારે અપયશ મળે ત્યારે હારી જઈએ છીએ. જીવન સત્કારનો શીતળ સ્પર્શ છે તો તિરસ્કારની ગરમ લૂ પણ છે. સત્કાર મળે ત્યારે તો ખુશી મળે છે પરંતુ તિરસ્કાર મળે ત્યારે દુઃખ લાગે છે.

જીંદગીના આવા ચિત્ર વિચિત્ર રાહ પર સ્વસ્થતા પૂર્વક ચાલવાને બદલે આડેધેડ વ્યગ્રતા પૂર્વક આપણે દોડતા જ રહ્યા તો પરિણામ એ આવે છે કે લક્ષના સ્થાને પહોંચવાના બદલે વચ્ચે જ અટવાઈ જઈએ છીએ. જીંદગીને આપણે ક્યાંથી અને ક્યા માર્ગે આગળ વધારીએ છીએ તે મહત્ત્વનું છે. આપણે મક્કમ મનોબળ સાથે આગળ વધતા રહેવું પડશે.ઘડિયાળ સારી છે માટે ચાલે છે એવું નથી. સારી ઘડિયાળ એ છે કે જે સમયસર ચાલે છે. બસ એ જ રીતે જીંદગી એ નથી જે દોડે છે. સારી જીંદગી એ છે કે જે સમયસર ચાલે છે. આપણે આપણી જીવનશૈલી તપાસીયે. વિચારો મનના વિચારો ચાલે છે કે દોડે છે. મુખમાંથી નીકળતા શબ્દો બોલાય છે કે તીર વેગે છુટે છે. જો તેના વેગ ને કાબુમાં લઈ શકીશું નહી તો પછતાવા સિવાય બીજુ કશું જ મળી શકશે નહી. મહેનત કરનારા જ કંઈક મેળવી શકે છે.

ભાગ્યના ભરોસે બેસી રહેવાવાળા કશું જ હાથ લાગતું નથી. જીવનમાં આગળ વધો યોગ્ય ગતિથી આગળ વધો. આંખ બંધ કરીને માત્ર ને માત્ર દોડતા જ ન રહો. જુઓ, વિચારો અને લક્ષ તરફ યોગ્ય ગતિથી આગળ વધો. ભાગ્યના ભરોસે બેસી રહેવાવાળાના હાથ ખાલી જ રહી જાય છે. **બી.કે. નીતાબેન**

### શ્રધા અને સંસ્કાર...

અનુસંધાન ૫ નું ચાલુ

એક નાનકડું તણખલું પણ જ્યારે ઉગતું નથી ત્યારે તે ક્ષેત્રને રણ સમજીને ઉપવનના ચાહકો ઉપેક્ષા કરે છે.

બસ તે જ પ્રમાણે જયારે જીવનનું સૌંદર્ય સુકાઈ જાય છે ત્યારે જીવન સુકા ભઠ રણ જેવું ભાસવા લાગે છે. મારે પણ મારૂં આત્મિક સૌંદર્ય વિકસાવીને જીવનને નંદનવન જેવું બનાવવું છે. આવી વિચારધારામાં વિમલ મશગુલ બનીને નિર્મળ બની રહ્યો હતો. તે સમયે આકાશમાર્ગે સંચરતી એક દેવાંગનાની દ્રષ્ટી વિમલ પર અટકી ગઈ. ઘણા સમય સુધી તે વિમલને જોતી જ રહી. એક માનવબાળનું આકર્ષણ દેવીને થાય તેવું તેના માટે પ્રથમ હતું. તેનું રૂપ તો તેને આકર્ષતું હતું જ પણ તેનું તેજ જોઈને માનવબળ સામાન્ય નહીં જ હોય એવો એક વિચાર દેવીના મનમાં વિજળીની જેમ ચમકારા મારી રહ્યો હતો. જોઉં તો ખરી કે આ માનવમૂર્તિમાં તાકાત કેવી છે ? તેના બાહ્યરૂપ વૈભવ કરતાં આંતરિક રૂપ કેટલું વધે છે તેનું પરીક્ષણ તો કરીએ.આ તો દૈવી શક્તિ હતી.

**પં.રાજપદ્મ વિજયજી**

# સ્થાનિક બજાર ભાવ

**ચોકસી બજાર**(કીલોના)
**ચાંદી ચોરસા ૩૯૭૦૦-૪૦૨૦૦**
રૂપુ કાચું ૩૯૭૦૦-૪૦૨૦૦
સોનુ તોલો ૩૦૨૦૦-૩૧૬૦૦
**તેલ બજાર**
**રાધે પામોલીન ૧૨૧૦**
પામોલીન ૧૨૦૦
સોયા રીફાઈન ૧૪૪૦
રાયડાતેલ ૧૫કી.૧૧૨૦-૧૨૪૦
**સીંગતેલ૧૫ કી. ૧૪૭૦-૧૫૦૦**
સીંગતેલ ૧૫ લી.૧૩૮૦
**સીગતેલ ૫ લી. ૪૫૦-૪૬૨**
તિરૂપતી કપા. ૧૩૫૦
૫ લીટર ૪૬૦
વનસ્પતિ ઘી ૧૦૪૦-૧૨૦૦
કોપરેલ ૧૫ કિલો ૩૩૦૦
૫ કે. કોપરેલ ૧૧૫૦
૫લી. અંકુર સીંગતેલ ૪૬૫
**૧૫ લીટર સનફલાય ૧૩૧૦**
ટાયગર રાયડા તેલ ૧૫ કી. ૧૩૦૦
૫ લી. ૪૦૫
૨ લી. ૧૬૭
**ચોખા-દાળ બજાર**
(૧૦૦ કીલોના ભાવ)
કીચન ચેમ્પીયન કલાસીક ૮૫૦૦
કીચન ચેમ્પીયન સુપર ૭૭૦૦
કીચન ચેમ્પીયન તીબાર ૭૨૦૦
કીચન ચેમ્પીયન દુબાર ૬૯૦૦
કીચન ચેમ્પીયન રોજાના ૬૫૦૦
કીચન ચેમ્પીયનમીની દુબાર ૫૮૦૦
કીચન ચેમ્પીયન મોગર ૪૮૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૪૪૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૩૯૦૦
કીચન ચેમ્પીયન બ્રોકન ૩૦૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત સ્પેસીયલ ૭૮૦૦
દાવત ૭૭૦૦
દાવત તીબાર ૭૭૦૦
દાવત દિલખુશ ૭૮૦૦
દાવત રોજાના ૬૮૦૦
દાવત મોગરા ૪૮૦૦
દાવત મીની મોગરા ૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૨૫ કી.૧૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૧૦ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૫ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૧ કી.૧૪૪૦૦
ઈ.ગેટ સુપર ૨૫+૫ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૧૦ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૫ કી.૧૧૬૦૦
ઈ.ગેટ સુપર ૧ કી.૧૦૭૦૦
ઈ.ગેટતીબાર ૨૫ કી.૮૦૦૦
ઈ.ગેટ તી બાર ૧૦ કી.૮૧૦૦
ઈ.ગેટતીબાર ૫ કી.૮૫૦૦
ઈ.ગેટતીબાર ૧ કી.૮૫૦૦
ઈ.ગેટ દુબાર ૨૫ કી.૭૫૦૦
ઈ.ગેટ દુબાર ૧૦ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૫ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૧ કી.૮૦૦૦
દુન પ્રીમીયમ ૯૦૦૦
દુન તીબાર ૨૫ કી.૭૭૦૦
દુન તીબાર ૧૦ કી.૭૨૦૦
નર્મદા મગ પોલીસ ૫૯૫૦
મગદાળ નર્મદા સુપર ૬૦૦૦
નર્મદા મગ મોગર ૬૬૦૦
મગમોગરનર્મદાપ્રીમી ૬૯૦૦
નર્મદા અડદદાળ ૬૦૦૦
ઈન્ડિયા ગેટ મીની જુના ૪૫૦૦
ઈન્ડિયા ગેટ મોગરો ૪૪૦૦
ઈન્ડિયા ગેટ કણકી ૨૮૦૦
ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા ૬૮૦૦
તુવરદાળ કૃષ્ણા ૭૦૦૦
તુવરદાળ રેંટીયો કિ.૫ ૯૦૦૦
તુવરદાળ ખીડીયાર ૬૧૦૦
લાલ કીલ્લો મેજીસ્ટીક ૯૦૦૦
લાલ કીલ્લો પ્રીમીયમ ૮૦૦૦
લાલ કીલ્લો તીબાર ૭૦૦૦
લાલ કિલ્લો દુબાર ૫૫૦૦
લાલ કિલ્લો મોગરો ૪૫૦૦
હેરીટેઝ એક્ષએક્ષએલ ૯૦૦૦
હેરીટેજ તીબાર ૮૦૦૦
હેરીટેજ દુબાર ૬૨૦૦
હેરીટેજ મીની દુબા ૫૦૦૦
કાયનાત પોપુલર ૬૪૦૦
કાયનાત સુપર ૮૧૦૦
કાયનાત ૬૮૦૦
કાયનાત પ્રીમીયમ ૮૮૦૦
રાજા બાસમતી ૪૦૦૦
કુરૂક્ષેત્ર ૫૮૦૦
પરી નં.૧ ૯૨૦૦
પરી નં. ૭ તીબાર ૮૨૦૦
પરી સુપર દુબાર ૭૪૦૦
કાયનાત ખેનીટાઈમ ૭૨૦૦
એપ્પલ પ્રીમીય ૪૮૦૦
ઓરેન્જ ૬૦૦૦
દાવત અપ્સરા ૫૦૦૦
જીરાસર ચંદન ૩૮૦૦
ચણાદાળ ૪૪૪ ૭૧૦૦
મગદાળ સમરદીપ ૭૨૦૦
મગમોગર રીયલ ૮૦૦૦
અડદદાળ અક્ષર ૮૩૦૦૦
મગ ૫૭૦૦
અંગુર તુવેરદાળ ૭૪૦૦
અંગુરતુવેરદાળઆયાતી ૬૪૦૦
ગાય છાપ તુવેરદાળ ૬૦૦૦
કિસાન તુવેરદાળ ૬૨૦૦
પરખ ગોલ્ડ પ્રીમીયમ ૬૦૦૦
પરખ સ્પેશીયલ ૫૨૦૦
લાલપરી તીબાર જુના ૪૨૦૦
લાલપરી દુબાર જુના ૩૮૦૦
લાલપરી સ્પેશી.નવા ૪૪૦૦
લાલપરી દુબાર નવા ૩૯૦૦
રોયલ ટેસ્ટ બાસમતી ૪૦૦૦
લાલમંદિર બાસમતી ૩૬૦૦
**ખાંડ બજાર**
(બોરીના ભાવ)
**ખાંડ એસ. ૩૪૫૦-૩૫૦૦**
**ખાંડ એમ. ૩૫૦૦**
ખાંડએલ. ૩૬૦૦
**ચા-બજાર**
સુરજ છાપ ચા ૩૦૦
હરણ છાપ ચા ૨૨૦
**આખા મરચાં-હળદર**
હળદર આખી રાજાપુરી ૭૦-૧૨૦
હળદર આખી રાજાપુરી ગટ્ટા ૧૦૦-૧૪૦
હળદર આખી સેલમ ૯૦
હળદર તળેલી સાંગલી ૮૦
મરચા વન્ડર હાટ ૨૦૫૦
મરચા વન્ડર મીડીયમ ૧૭૦૦
મરચા તેજા ૧૮૦૦
મરચું ગંતુર મીડીયમ ૧૯૦૦-૨૦૦૦
મરચા ટોમેટો ૨૨૦૦
મરચા ટોમેટો મીડીયમ ૧૯૦૦
કાશ્મીરી ૯૦
કાશ્મીરી મમરી ૯૦
સુપર પટની ૧૦૫
સુપર રજવાડી ૧૯૦
મરચા ડેડીકટ ૧૨૫
મરચાં ૫૮૦૦
**ગોળ બજાર**
વડેચા ગોલ્ડ ૧૦ કે ૪૪૦૦
વડેચા રજી ૧૦ કે. ૪૬૦૦
વડેચા ૫ કી. ૪૮૦૦
વડેચા ૧ કી. ૫૦૦૦
વડેચા ૨૫૦ ગ્રામ ૫૦૦૦
સાંગલી ૧૦ કે. ૪૩૦૦
**ખોળ બજાર ૯૫૦-૧૦૦૦**
દાણ ૭૦ કી.ગ્રા.૯૫૦-૧૦૦૦
મોરબી ખોળ ૧૦૫૦-૧૪૦૦
જીરાળુ ૧૫૦૦
ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. ૯૨૦-૧૫૪૦
મકાઈ ૩૫ કી.ગ્રા. ૫૧૦
જવ ભરડો ૩૫ કી.ગ્રા. ૫૭૦
**પરચુરણ**
સોજી ૮૦૦
મેંદો ૭૮૦
શ્રીફળ એમ. ૧૪૨૫
નિરમા સાબ ૫૨૫
મેદી ૬૦-૧૦૦
અજમો ૧૪૦-૧૭૦
સાકરીયા ૩૨૦૦
ખાંડ બુરૂ ૩૫૦૦
કોકમ ફુલ ૧૫૦
એલચી ૯૦૦-૧૦૦૦
મોરૈયો ૬૫-૮૦
તલ ૯૦-૧૦૦
ખસ-ખસ ૩૫૦-૫૮૦
સીંગદાણા ૬૫-૮૦
**શાકભાજી(૨૦ કિલોના ભાવ)**
દુધી ૨૦૦-૩૦૦
સુકી ડુંગળી ૧૮૦-૨૮૦
લસણ ૫૦૦-૬૦૦
ધાણા ૫૦૦-૧૦૦૦
મરચાં ૫૦૦-૭૦૦
લીંબુ ૫૦૦-૬૦૦
અડવી પત્તા ૨૦૦-૩૦૦
આદુ ૮૫-૯૦
રીંગણ ૩૦૦-૪૦૦
ટામેટા ૬૦૦-૭૦૦
**ભીંડા ૪૦૦-૫૦૦**
કોબી ૧૪૦-૧૬૦
વટાણા ૧૦૦૦-૧૪૦૦
ટીંડસા ૮૦૦-૧૦૦૦
ગવાર ૬૦૦-૧૦૦૦
બાદશાહ બટાકા ૪૪૦-૪૮૦
**સાંગા બટાકા ૨૪૦- ૨૬૦**
**દે.ગવાર ૧૨૦૦-૧૩૦૦**
**ચોળી ૧૫૦૦-૧૬૦૦**

Website : www.rakhewaldaliy.com
E-mail : rakhewal@gmail.com
મંગળવાર ૨૬ જુન ૨૦૧૮ (૭)
રખેવાળ
મહેસાણા, પાટણ, રાધનપુર, સિધ્ધપુર, ચાણસ્મા, ઉંઝા, વિસનગર, હિંમતનગર, ખેડબ્રહ્મા

# સાંતલપુર તાલુકા પંચાયતના પ્રમુખ-ઉપપ્રમુખે ચાર્જ સાંભળ્યો




રાધનપુર

સાંતલપુર તાલુકા પંચાયતના નવ-નિર્વાચિત પ્રમુખ મંગુબેન કાળુભાઈ ઠાકોર અને ઉપપ્રમુખ અણદુભા વર્ધેસંગ જાડેજાએ વિધિવત ચાર્જ સોમવારે સંભાળી લીધો હતો,અને બંને પદાધિકારીઓએ સાંતલપુર તાલુકાના તમામ ગામો અને વિસ્તારોને સરખો ન્યાય આપવાની બાંહેધરી આપી હતી,અને ભ્રષ્ટાચારમુક્ત શાસન આપવાની ખાતરી આપી હતી.આ પ્રસંગે ધારાસભ્ય અલ્પેશ ઠાકોરના પી.એ.હાર્દિકભાઈ ત્રિવેદી,તાલુકા કોંગ્રેસ પ્રમુખ મહેબૂબખાન મલેક,તાલુકા પંચાયતના પૂર્વ ઉપપ્રમુખ ઝાહીદખાન મલેક,રાધનપુર શહેર કોંગ્રેસ પ્રમુખ કાનજીભાઈ ડી.પરમાર,તાલુકા વિકાસ અધિકારી જગદીશભાઈ દેસાઈ તેમજ તાલુકા પંચાયતના સદસ્યો અને કોંગ્રેસના કાર્યકરો ઉપરથીત રહ્યા હતા.

## રાધનપુરની નાલંદા વિદ્યાલયમાં પ્રવેશોત્સવ ઉજવાયો



રાધનપુર

રાધનપુરની નાલંદા વિદ્યાલયમાં ગુજરાત સરકાર આયોજિત પ્રવેશોત્સવની ઉજવણી કરવામાં આવી હતી, જેમાં નાલંદા કન્યા વિદ્યાલય, નાલંદા માધ્યમિક શાળા, નાલંદા પ્રાથમિક શાળા,જે.પી.કુમાર શાળા તેમજ આંગણવાડીમાં નવીન પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.અને વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવવામાં આવી હતી.આ પ્રસંગે વૃક્ષારોપણનો ખાસ કાર્યક્રમ પણ આયોજિત કરવામાં આવ્યો હતો,જેમાં જિલ્લા શિક્ષણાધિકારી કચેરીના શિક્ષણ નિરીક્ષક દિનેશભાઈ પ્રજાપતિ,જિલ્લા ભાજપ મહામંત્રી પ્રવીણભાઈ મહાલક્ષ્મી,પૂર્વ ધારાસભ્ય લવિંગજી સોલંકી,માર્કેટયાર્ડના ચેરમેન અમથાભાઈ ચૌધરી સહીત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.યજમાન સંસ્થાના આચાર્ય રમેશભાઈ ચૌધરીએ સ્વાગત પ્રવચનમાં સૌને આવકાર્યા હતા તેમજ કલ્પેશભાઈ અખાણીએ આભારવિધિ કરી હતી.

## દેલોલી ગામના રહીશે ૯૪ મી વખત રક્તદાન કર્યું

ચાણસ્મા

મહેસાણા તાલુકાના દેલોલી ગામના વતની તીમીરકુમાર લક્ષ્મણભાઈ પટેલે રાજયના નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલના ૬૩ મા વર્ષના જન્મદિન નિમિત્તે તા.૨૨-૬-૧૮ ના રોજ મહેસાણા ખાતે જેસીઝ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા યોજવામાં આવેલ એક રક્તદાન શિબીરમાં ૯૪ મી વખત રક્તદાન કરી અન્ય માટે નવો રાહ ચીંધ્યો હતો. આ રક્તદાતાએ ધો.૧૧ માં અભ્યાસ દરમ્યાન બલોલ ખાતે યોજવામાં આવેલ તા.૧૮/૮/૯૨ માં પ્રથમ વખત ૨૪ વર્ષની ઉંમરે રક્તદાન કર્યું હતું. આજે ૪૭ વર્ષની ઉંમરે સતત ૯૪ વખત રક્તદાન કરનાર આ રક્તદાતાએ ૧૦૧ વખત રક્તદાન કરવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

# સિધ્ધપુરની બે હાઈસ્કૂલ અને બે પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવ યોજાયો



સિધ્ધપુર

રાજ્ય સરકારના અભિગમ મુજબ પ્રવેશોત્સવ ૨૦૧૭ ને સફળ બનાવવા આંગણવાડી, ધોરણ ૧ અને ધોરણ ૯ ના બાળકો અને વાલીઓની ઉપસ્થિતિમાં ઉત્સવ જેવા માહોલ યોજી કાર્યક્રમો કરવામાં આવી રહ્યા છે. તેના ભાગ રૂપે આજે ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમના અધ્યક્ષ બલવંતસિંહ રાજપૂતે અભિનવ હાઈસ્કુલમાં પ્રાથમિક કુમાર શાળા નં.૩ અને શેઠ શ્રી એમ.પી.હાઈસ્કુલમાં પ્રાથમિક કુમારશાળા નં.૫ ના બાળકોને શાળા પ્રવેશ કરાવ્યો હતો. તેઓએ જણાવ્યું હતું કે તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના દેશની વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના શિક્ષણ પ્રત્યેના લગાવને કારણે અને અધવચ્ચે શાળા છોડી જતા બાળકોને અટકાવવા ૧૬ વર્ષ અગાઉ શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમો શરૂ કરેલા જેનું પરિણામ ખુબ જ સારૂ આવેલું છે. રાજયમાં પાઠ્યપુસ્તકો, ગણવેશ, ટ્રાન્સપોર્ટ સુવિધા, મધ્યાન ભોજન વિનામુલ્યે આપવામાં આવે છે કન્યા કેળવણીને મહત્ત્વ આપવાના ભાગ રૂપે વિદ્યાલક્ષ્મી યોજના અંતર્ગત ધોરણ ૧ માં પ્રવેશનાર કન્યાઓને રૂપિયા ૨૦૦૦ નો બોન્ડ આપવામાં આવે છે, સાયકલ આપવામાં આવે છે તેમજ ગામડામાં નિવાસ કરતી કન્યાઓને શાળા કોલેજમાં જવા વિનામુલ્યે એસ.ટી.બસની સુવિધા આપવામાં આવે છે. આમ એકંદરે શિક્ષણનું સ્તર ઉંચું આવેલું છે. તેઓના હસ્તે કીટ તેમજ પાઠ્યપુસ્તકનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા શિક્ષણાધિકારી ડૉ.એસ. કે.વ્યાસે રાજ્ય સરકારની વિવિધ યોજનાઓથી અવગત કર્યા હતા. સિધ્ધપુર નગરપાલિકાના પ્રમુખ વર્ષાબેન પંડ્યાએ પ્રવેશ મેળવી રહેલ બાળકોને આશીર્વાદ આપ્યા હતા. શહેર ભાજપ પ્રમુખ મનીષભાઈ શેઠ, વિનુભાઈ શાહ (સી.એ), કનુભાઈ મહેતા, રમેશભાઈ જોષી, જયેશભાઈ પંડ્યા, નિરંજનભાઈ ઠાકર, સભ્ય કાશ્મીરાબેન, ટીનાભાઈ, આચાર્ય જે.ડી.પટેલ, શિક્ષકગણ અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# પાટણમાં બેંક ઓફ બરોડાની આગળ જ લારીવાળાઓના દબાણોથી ટ્રાફિક સમસ્યા ગંભીર

પાટણ

પાટણમાં બડવાવાડાની સામે આવેલ બેંક ઓફ બરોડા અને મહાદેવના મંદિર આગળ જ પરચુરણ લારીવાળાના વધતા દબાણોના કારણે મુખ્યમાર્ગ પરથી પસાર થતા વાહન ચાલકોને પરેશાન થવુ પડે છે. ક્યારેક અર્ધા કલાક સુધી ટ્રાફિક ચક્કાજામ થઈ જાય છે. બેંક ઓફ બરોડામાં આવતા બેંકના ગ્રાહકોને પોતાના વાહનો ક્યાં પાર્ક કરવા તે પ્રશ્ન પણ ઉભો છે. ત્યારે બેંક આગળ જ લારીઓનો ખડકલો સવારથી શરૂ થાય છે તે છેક હિંગળાચાચર સુધી હોય છે. પાલિકા દ્વારા દબાણ હટાવ પ્રક્રિયા ચાલતી હોવા છતાં સદર દબાણો કેમ હટાવાતાં નહિં હોય? દિવસે ગામડાની જનતાની ભારે ભીડ રહેતી હોય છે. ગ્રામ્ય જનતા ખરીદી અર્થે રોજ પાટણ આવે છે અને ક્યારેક વાહનની અડફેટે આવી જતાં બોલાચાલી થાય છે. ત્યારે બેંક ઓફ બરોડા આગળની તમામ લારીઓ હટાવવામાં આવે તેવી લોકમાંગ ઉઠી છે. અત્રે નોંધવું ઘટે કે ચતુર્ભુજ બાગ આગળ શાકભાજીની લારીઓવાળાના દબાણોના કારણે આંતરે દિવસે અકસ્માતના બનાવો બને છે. બગીચામાં જવાનો રસ્તો પણ દબાણ કરનારા વચમાં લારીઓ મુકીને રસ્તો બંધ કરી દેતાં હોય છે. આ બાબતે ટ્રાફિક સત્તાવાળાઓ દ્વારા યોગ્ય થશે ખરું?

# પાટણમાં લિફ્ટ માટે રાખેલી ખાલી જગ્યામાં પડી જતાં આધેડનું મોત

પાટણ

પાટણ ખાતે હાઈવે જીઈબી નજીક આવેલા નવીન ખુશ્બુ કોમ્પલેક્સમાં લિફ્ટ માટે રાખેલી ખાલી જગ્યામાં એક આધેડ પડી જતાં તેને માથાના ભાગે ગંભીર ઈજાઓ થવાથી તેમનું મોત થયું હતું ગત શુક્રવારે મોડી રાત્રે દુર્ગંધ મારતી હાલતમાં તેમની લાશ લિફ્ટ માટે રાખવામાં આવેલી ખાલી જગ્યામાંથી મળી આવી હતી પાટણ સાયન્સ કોલેજમાં પ્રોફેસર તરીકે ફરજ બજાવતા અને દિવ્ય આશિષ સોસાયટીમાં રહેતા ગણપતભાઈ પટેલના ભાઈ ડાહ્યાભાઈ પટલ (ઉ.વ.૫૭) તેમને માનસિક બિમારી હોવાથી છેલ્લા એક અઠવાડીયાથી ઘરેથી નિકળી ગુમ થઈ ગયા હતા.

શહેરમાં હાઈવે પર ઓવરબ્રીજ નજીકની પંચરત્ન સોસાયટીના નાકે નવીન ત્રણ માળનું ખુશ્બુ કોમ્પલેક્સ આવેલું છે, જેમાં લિફ્ટ ફિટ કરવાની બાકી છે તેના માટે ખુલ્લી જગ્યા રાખી હતી આ લીફ્ટ માટેની જગ્યામાં અંદાજે ૮ ફૂટ જેટલે ઉંડે ડાહ્યાભાઈ પટેલ કોઈપણ સમયે પડી ગયા હોવાથી તેમને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતાં ઘટના સ્થળે જ તેમનું મોત થયું હતું. પરંતુ આ બાબતની જાણ કોઈને ન હતી. પરંતુ લાશની દુર્ગંધ મારતા આજુબાજુના રહીશોએ તપાસ ચલાવતા લિફ્ટની ખાલી જગ્યામાં લાશ પડી હતી. જેથી આ બાબતે બી.ડિવીઝન પોલીસને જાણ કરતા પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી. અને લાશને કાઢી પી.એમ અર્થે મોકલી આપી હતી.

# સમાજ મધ્યે લેવા કરતાં આપવાની સંસ્કૃતિ વિકસવી જોઈએ : નાયબ મુખ્યમંત્રી



પાટણ

નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલના ૬૩ મા જન્મદિને જિલ્લા મથક પાટણ ખાતે તાલુકા સંગઠન દ્વારા મહારક્તદાન કેમ્પ યોજી નીતિનભાઈ પટેલને જન્મદિનની મુબારકબાદી પાઠવવામાં આવી હતી. રક્તદાન કેમ્પમાં ૨૦૦ ઉપરાંત રક્તદાતાઓએ રક્તદાન કરી માનવીય રિશ્તેદારીને સુદ્રઢ બનાવી હતી.

પાટણની બહેરા મૂંગા સ્કુલના બાળકોએ કેક કાપી નાયબ મુખ્યમંત્રીશ્રીને જન્મદિવસની શુભેચ્છા પાઠવી હતી. તેમના જન્મ દિનની ઉજવણી પ્રસંગે રક્તદાન કેમ્પ અને સમાજના જરૂરિયાતમંદ બાળકોને સ્કુલ કીટ, બાળકોને ફળફળાદી આપવાનું આયોજન કરાયું તે પ્રતિચાર ખુબ પ્રેરક અને સરાહનીય છે તેમ તેમણે વધુમાં ઉમેર્યું હતું. સંગઠનના પ્રદેશ મહામંત્રી કે.સી.પટેલ અને પૂર્વ મંત્રી રણછોડભાઈ દેસાઈએ નાયબ મુખ્યમંત્રીને જન્મદિનની શુભેચ્છા પાઠવી તેમના તેમના જીવનને વધારે યશસ્વી-ગૌરવપૂર્ણ બને દીર્ઘાયું રહે તેવી અભ્યર્થના વ્યકત કરી હતી. કાર્યક્રમમાં જિલ્લાના પ્રભારી મયંકભાઈ નાયક, દાદુજી ચાવડા, દેવજીભાઈ પરમાર, ડૉ. જે. કે.પટેલ, હેમંતભાઈ તન્ના, કિશોર મહેશ્વરી, ડૉ.શંકરભાઈ પટેલ, નટુભાઈ મહેતાસહિત રક્તદાન કેમ્પના સંયોજકો ઉપસ્થિત રહ્યા હતા. ધારપુર મેડીકલ કોલેજના ૫૦ વિદ્યાર્થીઓ રકતદાન કર્યું હતું અને રકતદાન કેમ્પના આયોજનમાં સુંદર સેવાઓ આપી હતી.

# રાધનપુર કોલેજમાં દિવ્યાંગો પ્રત્યેની સામાજિક જવાબદારી પર વ્યાખ્યાન યોજાયું



રાધનપુર

હિંમત વિદ્યાનગર શ્રી અમરજ્યોત એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા સંચાલિત શ્રી ત્રિકમજી ભાઈ ચતવાણી આર્ટસ એન્ડ જે.વી.ગોકળ ટ્રસ્ટ કોમર્સ કોલેજ, રાધનપુરમાં તા. ૨૩/૦૬/૨૦૧૮ ના રોજ દિવ્યાંગો (વિકલાંગો) પ્રત્યેની સામાજિક જવાબદારી પર વ્યાખ્યાન ટ્રસ્ટના અધ્યક્ષ ડૉ. મહેશભાઈ મુલાણીના અધ્યક્ષ સ્થાને યોજયું હતું. જેમાં વક્તા તરીકે કેતન કિરણ સતા અને આરતીબેન ઠક્કરે રસપ્રદ જ્ઞાનસભર વ્યાખ્યાન આપેલ. જેમાં આરપીડબલ્યુડી એક્ટ, એક્ટ- ૨૦૧૬ માં કરેલા સુધારા વધારા, નવા ૨૧ વિકલાંગતાની સમજૂતી, વિકલાંગને વિવિધ જગ્યાએ આપવામાં આવતી સુવિધાઓ અને હક વિશે વિસ્તૃત સમજ ઉપસ્થિત વિદ્યાર્થીઓને આપી હતી.

કાર્યક્રમની શરૂઆતમાં કોલેજના પ્રિન્સીપાલ ડૉ.સી.એમ. ઠક્કરે મહેમાનોને આવકારી સામાજિક જવાબ દારી વિશે રસપ્રદ માહિતી આપેલ. આ કાર્યક્રમનું સંચાલન ડૉ.ચિરાગ વી. રાવલ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મેનેજિંગ ટ્રસ્ટી રાયચંદભાઈ ઠક્કર, કે.સી. ઠક્કર, અધ્યાપકો તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. આખરે સમાજમાં વિકલાંગો - દિવ્યાંગોને કેવી રીતે મદદરૂપ થઈ શકે તે ઉપર સામુહિક ચર્ચા કરવામાં આવી.

# ચોમાસું લંબાતા કપાસ-મગફળી અને ઘાસચારાનું વાવેતર કરનાર ભૂમિપુત્રો ચિંતિત બન્યા

(જી.એન.એસ) ભિલોડા

અરવલ્લી-સાબરકાંઠા પંથકમાં ઉનાળુ ઋતુની પૂર્ણતા છતાં ચોમાસાની ઋતુના કોઈ એંધાણ નહીં વર્તાતા આગોતરું વાવેતર કરનાર ભૂમિપુત્રો ચિંતિત બન્યા છે. જિલ્લામાં પાણીના તળ ઊંડા થતા અને જળસ્રોતના અભાવે જળજીવન માટે ખતરો પેદા થયો છે. બંને જિલ્લાના વાતાવરણમાં વાદળોની ઘેરાબંધી છતાં વરસાદ ન થતા અસહ્ય ઉકળાટ અને બફારાથી લોકો ત્રાહિમામ પોકારી ઊઠ્યા છે. વરસાદી પાણીના અભાવે ખેડૂતોની મહેનત પાણીમાં જવાની ભીતિ પેદા થઈ છે ચોમાસાની ઋતુ માથા ઉપર હોવા છતાં હજી વરસાદના એંધાણ નહી વર્તાતા ખેડૂતોના માથે ચિંતાની લકીરો તણાઈ છે.

આકાશમાંથી અગન વરસાવતી અને અસહ્ય ઉકળાટ વચ્ચે સતત લંબાતું જતું ચોમાસુ ત્રાસદાયક બની રહ્યું છે નદી ઉપરના બંધો, ગ્રામ્ય તળાવો જેવા જળ સ્ત્રોતોમાં પાણીનો પૂરતો જથ્થો ઉપલબ્ધ નથી જિલ્લામાં વરસાદ ખેંચાતા પ્રિ-મોન્સૂન વાવેતર પર પણ બ્રેક વાગી ગયો છે. સારા વરસાદની આસાયે અને ઉનાળુ પિયત જમીન ધરાવતા ભૂમિપુત્રોએ ખેતરોમાં મગફળી અને કપાસનું મોંઘુદાટ બિયારણ ખરીદી અને ખર્ચ કરી વાવેતર કરનાર ખેડૂતો ભારે મુશ્કેલીમાં મુકાયા છે. વાવણી લાયક વરસાદ સપ્તાહમાં નહીં થાય તો આગોતરું વાવેતર કરનાર ખેડૂતોની હાલત દયનીય બનશે. જગતનો તાત અને પ્રજાજનો ધોધમાર વરસાદની ચાતક નજરે રાહ જોઈ રહ્યા છે.

## વિવિધ બજાર ભાવ

| | | | |
|---|---|---|---|
| **પીલૂડા** | | ઘઉં | ૩૨૮-૩૬૫ |
| જીરું = ૨૯૭૦ - ૩૪૫૧ | | બાજરી | ૨૩૫-૨૬૦ |
| રાયડો= ૭૧૦ - ૭૩૬ | | ગવાર | ૬૩૦-૮૪૦ |
| એરંડા = ૭૮૫ - ૮૦૧ | | જુવાર | ૫૭૦-૭૦૫ |
| ઈસબગુલ= ૧૨૩૦ - ૧૪૩૧ | | રજકો | ૧૫૨૦-૨૧૮૦ |
| ચીકુડી = ૧૨૭૧ - ૧૪૦૦ | | રજકા બા. | ૪૩૪-૪૫૦ |
| અજમો = ૧૩૫૦ - ૧૮૦૦ | | **સિધ્ધપુર** | |
| મઠ = ૫૬૦-૫૬૦ | | રાયડો | ૬૮૪-૭૪૮ |
| સુવા = ૯૧૧ -૯૧૧ | | એરંડા | ૭૬૦-૮૦૪ |
| ગવાર = ૬૭૬ -૬૭૬ | | અડદ | ૭૭૦ |
| રજકો = ૨૦૨૦ - ૨૦૬૦ | | ગવાર | ૬૮૩-૬૯૪ |
| બાજરી = ૨૫૦ - ૨૬૫ | | ઘઉં | ૩૧૫-૩૭૦ |
| **પાંથાવાડા** | | જુવાર | ૫૬૨-૯૪૨ |
| ઘઉં - ૨૮૦/- | ૨૯૫ | જવ | ૨૭૦ |
| બાજરી - ૨૨૭/- | ૨૩૩ | બાજરી | ૨૦૦-૨૪૩ |
| ઈ.ગુલ - ૧૧૦૦/- | ૧૨૨૧ | **પાટણ** | |
| રાજગરો- ૧૦૨૧/- | ૧૧૩૦ | જીરૂ | ૨૭૬૦-૩૧૬૩ |
| એરંડા- ૭૮૦/- | ૭૯૨ | વરીયાળી | ૧૩૩૬-૧૬૩૩ |
| મગફળી - ૭૦૦/- | ૭૯૮ | મેથી | ૪૬૦-૫૫૧ |
| **ભીલડી** | | સુવા | ૮૩૦-૯૯૩ |
| એરંડા | ૭૬૫-૭૯૨ | રાયડો | ૭૪૬-૭૬૧ |
| રાયડો | ૬૮૦ | એરંડા | ૭૭૫-૮૦૧ |
| બાજરી | ૨૩૦-૨૫૪ | ઈસ. | ૧૦૦૦ |
| ઘઉં | ૩૨૮-૩૪૨ | અજમો | ૭૩૧-૧૧૨૫ |
| ગવાર | ૬૯૮-૭૦૦ | ઘઉં | ૩૨૬-૩૮૭ |
| જીરૂ | ૩૦૬૦-૩૦૮૧ | બાજરી | ૨૦૫-૨૫૪ |
| મગફળી | ૬૦૦-૭૫૧ | રજકા બા. | ૩૧૧-૪૩૧ |
| **થરા** | | જુવાર | ૨૫૧-૭૬૦ |
| જીરૂ | ૨૭૪૦-૩૬૦૦ | રજકો | ૧૪૦૦-૨૪૩૦ |
| એરંડા | ૭૭૭-૮૦૬ | ચીકુડી | ૧૦૦૦-૧૪૬૫ |
| રાયડો | ૭૦૩-૭૨૦ | બંટી | ૩૦૦-૩૪૧ |

# રાધનપુરમાં ટ્રાફિક ચક્કાજામ,લોકો ત્રાહિમામ



રાધનપુર

રાધનપુરમાં ટ્રાફિકની સમસ્યા હવે રોજની બની જવા પામી છે,પોલીસ તંત્ર દ્વારા ટ્રાફિક નિયમન માટે યુવાનોની ભરતી તો કરવામાં આવે છે,પરંતુ ટ્રાફિક નિયમન થઈ શકતું નથી.કે.બી.હાઈસ્કૂલથી એસ.ટી સ્ટેન્ડ સુધી એક બાજુ વરસાદી પાણીના નિકાલ માટે ગટરનું કામ ચાલે છે,તો બીજી બાજુ લારી-ગલ્લાવાળા રોડની બંને બાજુ દબાણ કરીને અડિંગો જમાવી દે છે, જેના કારણે અવાર-નવાર ટ્રાફિક ચક્કાજામ થઇ જાય છે.અને વાહનચાલકો તેમજ રાહદારીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે.સોમવારે સવારે સાડા અગિયાર વાગ્યાના સુમારે ટ્રાફિક જામ થઇ જવા પામ્યો હતો,અને દોઢ કલાક સુધી લોકો ટ્રાફિકમાં ફસાઈ જવા પામ્યા હતા. અવાર-નવાર ટ્રાફિક જામના છુટકારા માટે નગર પાલિકા દ્વારા કે.બી. હાઈસ્કૂલથી એસ.ટી. સ્ટેન્ડ સુધી રોડની વચ્ચે ડિવાઈડર મુકવામાં આવે તો અવર-જવર કરતા બંને સાઈડના વાહનો પોતાની લાઈનમાં રહે જેથી ટ્રાફિકની સમસ્યા હળવી બની શકે છે.આ ઉપરાંત પોલીસ તંત્ર દ્વારા રોડની બંને બાજુમાં અડ્ડો જમાવીને બેઠેલા લારી-ગલ્લાંવાળો ઉપર કડકાઈ બતાવવામાં આવે અને રોડ ખુલ્લો કરવામાં આવે તો ટ્રાફિકને નડતર ના રહે.લારી-ગલ્લાવાળા ઓ માટે રોજગારીનો પ્રશ્ન ઉભો થાય તો નગરપાલિકા દ્વારા આવા લારી-ગલ્લાવાળા ઓને કોઈ ખાસ જગ્યા પણ ફાળવી આપવી જોઈએ,જેથી રોજગારીનો પ્રશ્ન પણ ના ઉદ્ભવે.લોકો ઈચ્છે છે કે આ ટ્રાફિકના પ્રશ્નને કાયમ માટે ઉકેલી દો.

# સાબરકાંઠા જીલ્લા સહકારી મધ્યસ્થ બેંકમાં યુવક કોંગ્રેસ ધ્વારા ન્યાયિક તપાસની માગણી કરતુ આવેદનપત્ર






હિંમતનગર

હિમતનગરની સાબરકાંઠા જીલ્લા સહકારી મધ્યસ્થ બેંકમાં નોટબંધી દરમિયાન રૂ ૩૨૮ કરોડ જમા થયા હોવાને લઈને આજે યુવક કોંગ્રેસ ધ્વારા ન્યાયિક તપાસની માગણી કરતુ આવેદનપત્ર જીલ્લા કલેકટરને આપ્યું હતું.

નોટબંધી ની આડમાં નોટ બદલી કરી હજારો-કરોડો રૂપિયાના કરવામાં આવેલ કૌભાંડનારાજયભરમાં આવેદનપત્ર આપી વિરોધ કરવામાં આવી રહ્યો છે ત્યારે દેશમાં નવેમ્બરે ૨૦૧૬માં નોટબંધી થતા ૧૦ થી ૧૪ નવેમ્બર ૨૦૧૬ દરમિયાન રાજયભરની ૧૧ જીલ્લા સહકારી બેંકોમાં પાચ દિવસ દરમિયાન ૩૧૧૮.૫૧ કરોડના નાણા જમા થયા હતા આમ દેશભરમાં ભાજપ શાસિત રાજ્યોની જીલ્લા સહકારી બેન્કોમાં ૧૪૨૯૩.૭૧ કરોડ પાચ દિવસમાં જમા થયા હતા.તો હિમતનગરમાં આવેલ સાબરકાંઠા જીલ્લા સહકારી મધ્યસ્થ બેંકમાં નોટ બંધી દરમિયાન રૂ ૩૨૮ કરોડ જમા થયા હતા.જે બેન્કના ચેરમેન અને હાલના હિમતનગરના ધારાસભ્ય પણ બેંકના ડીરેક્ટર છે જેઓ બંને પણ ભાજપના છે.આ રીતે ભાજપ ના આગેવાનોની ૧૧ બેંકોમાં નોટબંધી દરમિયાન જૂની નોટો જમા થઇ હતી.આ માહિતી આર.ટી.આઈ ધ્વારા બહાર આવી હતી જેને લઈને આજે હિમતનગરમાં જીલ્લા યુવક કોંગ્રેસ ધ્વારા રાજયપાલને સંબોધન કરતુ આવેદનપત્ર જીલ્લા કલેકટરને આપી ન્યાયિક તપાસ કરવાની માંગણી કરી હતી.

